દરરોજ સવારે સુરત થી પ્રસિદ્ધ થતું

TM

RNI No. GUJGUJ/2023/87728

www.mumbaitarang.com

# દૈનિક મુંબઈ તરંગ

❖ વર્ષ - 2 ❖ અંક - 215 ❖ શુક્રવાર 16, મે 2025 ❖ તંત્રી : દિલીપ નાનજીભાઈ પટેલ ❖ પાનાં 8 ₹3/-

## આજ નો સુવિચાર

માર્ગમાં સંકટો નડ્યા તેમાં, દુનિયાને રસ નથી, તમે નાવ કિનારે લાવ્યા કે નહિ તેમાં રસ છે.

'કોઈ યુદ્ધ ઈચ્છતું ન હતું, પણ બીજો કોઈ વિકલ્પ નહોતો':અજય દેવગણે ઓપરેશન સિંદૂર માટે સેનાને સલામ કરી; 'કરાટે કિડ: લેજેન્ડ્સ'માં પિતા-પુત્રનું વોઈસઓવર



## સંક્ષિપ્ત સમાચાર

### ઈમરજન્સી દરવાજો ખુલ્યો નહીં અને 5ના મોત, લખનૌમાં બસમાં આગ લાગતા મોટી દુર્ઘટના

ઉત્તર પ્રદેશના લખનૌમાં કિસાન પથ પર ભયાવહ અકસ્માત સર્જાયો છે. એક બસમાં અચાનક આગ લાગતાં તેમાં સવાર બે બાળકો સહિત પાંચ મુસાફરો જીવતા ભૂંજાયા છે. આ બસ બિહારથી દિલ્હી જઈ રહી હતી. પરંતુ લખનૌ પહોંચતાં અચાનક તેમાં આગ લાગી હતી. બસમાં લગભગ 80 લોકો સવાર હતા. આજે વહેલી સવારે પાંચ વાગ્યે મોહનલાલગંજ નજીક કિસાન પથ પર એક બસમાં આગ લાગી હોવાની સૂચના મળી હતી. પોલીસ, ફાયરબ્રિગેડની ગાડી તાત્કાલિક ધોરણે ઘટના સ્થળ પર પહોંચી સ્થિતિને કાબુમાં લેવા પ્રયાસ કર્યો હતો. પોલીસે જણાવ્યું કે, પ્રારંભિક ધોરણે જાણવા મળ્યું છે કે, બસમાં આગ લાગતાં ઈમરજન્સી ગેટ લૉક થઈ ગયો હતો. જેના લીધે પાછળ બેઠેલા લોકો આગમાં ફસાયા હતા. તેઓ બહાર નીકળવામાં નિષ્ફળ રહેતાં આગની ઝપેટમાં આવી ગયા હતાં. ઘટનામાં બે બાળકો, બે મહિલા અને બે પુરૂષો સહિત કુલ પાંચ લોકોના મોત થયા છે.બસમાં આગ લાગવા પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયુ નથી.

## વક્ફ સંશોધન ઍક્ટ પર આગામી સુનાવણી 20 મેના રોજ, સુપ્રીમ કોર્ટ આ ત્રણ મુદ્દે ફેરફારો પર કરશે વિચારણા



સુપ્રીમ કોર્ટ વક્ફ સંશોધન અધિનિયમ 2025ની બંધારણીય માન્યતાઓને પડકારતી અરજીઓ પર મર્યાદિત વચગાળાની રાહત મુદ્દે 20મેના રોજ સુનાવણી કરશે. આજે સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, સોલિસીટર જનરલ તુષાર મહેતાએ ખાતરી આપી છે કે, સુનાવણી ચાલે ત્યાં સુધી કેન્દ્ર સરકાર ઍક્ટની જોગવાઈઓનો અમલ કરશે નહીં. ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા ગવઈએ વકીલોને આગામી સુનાવણી પહેલાં સંપૂર્ણ તૈયારીઓ પોતાની દલીલો-મુદ્દાઓનો કોન્સોલિડેટેડ રિપોર્ટ અગાઉથી રજૂ કરવા કહ્યું છે. જેથી કેસ લંબાય નહીં.આ મામલે આજે સુનાવણીમાં CJI બી. આર. ગવઈ અને જસ્ટિસ એ જી મસીહની બેન્ચે જણાવ્યું હતું કે, અમે વક્ફ સંશોધન અધિનિયમ 2025માં ત્રણ મુદ્દાઓ પર વચગાળાની રાહત આપવાની જરૂર છે કે કેમ તેના પર વિચારણા કરીશું. આ ત્રણ મુદ્દા વક્ફ બાય યુઝર, વક્ફ કાઉન્સિલ અને સ્ટેટ વક્ફ બોર્ડ તથા વક્ફ હેઠળ સરકારી જમીનની ઓળખ છે.

## FIR આટલી નબળી કેમ? કોઈના દબાણ વગર તપાસ કરો: કર્નલ સોફિયા પર વિવાદિત ટિપ્પણી કેસમાં હાઈકોર્ટે પોલીસની ઝાટકણી કાઢી



મધ્યપ્રદેશના વન મંત્રી વિજય શાહને ઓપરેશન સિંદૂર વિશે બ્રીફ આપનારા કર્નલ સોફિયા કુરૈશી પર આપત્તિજનક ટીપ્પણી કરવી ભારે પડી છે. વિજય શાહ મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા એફઆઈઆર નોંધવાના આદેશને પડકારવા સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતાં. જ્યાં સુપ્રીમ કોર્ટે પણ ઝાટકણી કાઢી છે.

ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયાના નેતૃત્વ હેઠળની બેન્ચે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. CJIએ વિજય શાહના નિવેદન પર નારાજગી વ્યક્ત હાઈકોર્ટના આદેશ પર રોક મૂકવાનો ઈનકાર કરતાં કહ્યું કે, આ મામલે આવતીકાલે સુનાવણી કરીશું. પણ આવા સમયે આ પ્રકારની ટીપ્પણી કરવાની શું જરૂર હતી. મંત્રી પદ પર બેઠેલા વ્યક્તિ પાસેથી આ પ્રકારના નિવેદનની અપેક્ષા કરી શકાય નહીં. થોડું તો જવાબદારી સાથે બોલો.

હાઈકોર્ટે પોલીસને ઝાટકી

સુપ્રીમ કોર્ટે વિજય શાહના કેસમાં હાઈકોર્ટના આદેશ પર કોઈ હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો છે. માફી માગવા પણ આદેશ આપ્યો છે. બીજી તરફ મધ્યપ્રદેશ હાઈકોર્ટે આજે ફરી આ મામલે પોલીસની ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે કહ્યું કે, વિજય શાહ વિરૂદ્ધ નોંધાયેલી એફઆઈઆર આટલી નબળી કેમ છે? તમે કોઈપણ દબાણ વિના તપાસ કરો. એફઆઈઆરમાં સંપૂર્ણ આદેશને સામેલ કરી ફરીથી વ્યવસ્થિત લખો. ગઈકાલે જસ્ટિસ અતુલ શ્રીધરન અને જસ્ટિસ અનુરાધા શુક્લાની બેન્ચે મંત્રી વિરૂદ્ધ એફઆઈઆર નોંધવા આદેશ આપ્યો હતો. જેના પર આજે થયેલી સુનાવણી પર પોલીસની એફઆઈઆર પર વાંધો ઉઠાવતાં તેને ફરીથી લખવા આદેશ આપ્યો છે.

વિજય શાહે સોફિયાને પાકિસ્તાનની બહેન ગણાવી

ઓપરેશન સિંદૂર પર નિવેદન આપતી વખતે વિજય શાહની જીભ લપસી હતી અને તેમણે નિવેદન આપ્યું હતું કે, 'જે લોકોએ અમારી દિકરીઓને વિધવા બનાવી છે, તેમને પાઠ ભણાવવા માટે અમે તેમની બહેન મોકલી છે.' આ નિવેદનથી ભારે હોબાળો મચ્યો હતો. તેમજ તુરંત માફીની સાથે શાહ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવાની માગ ઉભી થઈ હતી.

હાઈકોર્ટે એફઆઈઆર નોંધવા આપ્યો આદેશ

કર્નલ સોફિયા કુરૈશી પર કથિત આપત્તિજનક ટીપ્પણી કરવા બદલ મંત્રી વિજય શાહ વિરૂદ્ધ નોંધાયેલા કેસમાં મધ્યપ્રદેશની હાઈકોર્ટે એફઆઈઆર નોંધવા આદેશ આપ્યો હતો. બુધવારે રાત્રે ઈન્દોર જિલ્લામાં એફઆઈઆર નોંધાઈ હતી. મંત્રી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની 152, 196(1) (B) અને 197 (1)(C) હેઠળ ફરિયાદ નોંધાઈ હતી.

મંત્રીએ માગી માફી

મંત્રીનો વીડિયો વાઈરલ થતાં રાજકારણમાં ખળભળાટ મચ્યો હતો. દેશભરમાં પણ તેઓ વિવાદમાં મુકાતા રાજીનામાની માગ ઉભી કરાઈ હતી. વિવાદ વધતાં મંત્રીએ વીડિયો રજૂ કરી માફી માગી હતી. તેમજ સોફિયા કુરૈશીને પોતાની બહેન ગણાવી હતી. તેમણે કહ્યું કે, મેં જે નિવેદન આપ્યું તેનાથી કોઈપણ સમાજ કે કોઈપણ વ્યક્તિની લાગણી દુભાઈ હોય તો તેના માટે હું ક્ષમા માગુ છું. હું અત્યંત દુઃખી પણ છું. આપણા દેશની બહેન સોફિયા કુરૈશીએ રાષ્ટ્ર ધર્મ નિભાવતા જાતિ અને સમાજથી ઉપર કામ કર્યું છે. હું હંમેશા બહેન સોફિયા અને આપણી સેનાના તમામ વીરોનું સન્માન કરુ છું. ફરી એકવાર હાથ જોડી માફી માગુ છું.

## જામનગરમાં જુગારના દરોડામાં 7 શખ્સો ઝડપાયા:

### આમરા ગામમાંથી રોકડ રૂ.84,500 અને કુલ 3.06 લાખનો મુદ્દામાલ જપ્ત

મુંબઈ તરંગ જામનગરજામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલૂની સૂચના મુજબ એલસીબી પોલીસે આમરા ગામની સીમમાં જુગારધામ પર દરોડો પાડ્યો હતો. પીઆઈ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ એલસીબી સ્ટાફને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.પોલીસે ચંપકભાઈ કટેશીયાના રહેણાક મકાનમાંથી તીનપત્તી રમી નો જુગાર રમતા સાત શખ્સોને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા શખ્સો પાસેથી રોકડ રૂ. 84,500, છ મોબાઈલ ફોન કિંમત રૂ. 22,000 અને ચાર મોટરસાયકલ કિંમત રૂ. 2,00,000 મળી કુલ રૂ. 3,06,500નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.પકડાયેલા આરોપીઓમાં ચંપકભાઈ કટેશીયા (38), સાજણભાઈ કનારા (55), કરસનભાઈ ચાવડા (49), સંજયભાઈ તરાવીયા (30), વેજાણંદભાઈ આંબલીયા (45), ધરમશીભાઈ કણજારીયા (55) અને વશરામભાઈ સીતાપરા (53)નો સમાવેશ થાય છે. આ તમામ વિરુદ્ધ ક્રિપાલસિંહ જાડેજાએ ફરિયાદ નોંધાવી હતી. પીએસઆઈ સી.એમ. કાંટેલીયાએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમરેલી જિલ્લામાં તા.૧૫ થી તા.૨૦ મે દરમિયાન હળવાથી

### મધ્યમ વરસાદની આગાહી : ખેડુતોને તકેદારીના પગલા ભરવા અનુરોધ



અમરેલી તા.૧૫ મે, ૨૦૨૫ (ગુરુવાર) મે-૨૦૨૫ની તા.૧૫ થી તા.૨૦ દરમિયાન અમરેલી જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડુતો પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, તેમ છતાં તકેદારીનાં પગલા લેવા રાજ્યના ખેડુતોને સંદેશ આપવામાં આવ્યો છે.કમોસમી વરસાદથી થતાં પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલા પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક-તાડપત્રી થી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું.જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પૂરતો ટાળવો ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહિ તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા.એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરાં સાવચેતીના પગલા લેવા અનુરોધ છે. એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન લાવવાનું ટાળવું અથવા લાવવામાં આવી હોય તો તેને સુરક્ષિત રાખવી.

આ અંગે વધુ જાણકારી સંબંધિત વિસ્તારના ગ્રામસેવકશ્રી, વિસ્તરણ અધિકારીશ્રી, તાલુકા અમલીકરણ અધિકારીશ્રી, મદદનીશ ખેતી નિયામકશ્રી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નાયબ ખેતી નિયામકશ્રી(તાલીમ), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર - ૧૮૦૦૧૮૦૧૫૫૧નો સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે. અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

## જામનગર જિલ્લાના 11 ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ જાહેર

### આતંકવાદી, દેશદ્રોહી પ્રવૃત્તિઓ રોકવાના હેતુથી

મુંબઈ તરંગ જામનગર રમીલાબેન જોષીજામનગર પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જિલ્લામાં કુલ 11 દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર 1 પિરોટન ટાપુ પર માનવ વસાહત આવેલ છે. જ્યારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહિત છે.આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.એન. ખેર દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-1973ની કલમ 144 અન્વયે સમગ્ર જામનગર જિલ્લાના આ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તેથી, પ્રવાસીઓને પિરોટન ટાપુ પર જવા-આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગરની પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે.આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામું તા.11-6 સુધી અમલમાં રહેશે. ખારા બેરાજા ગામ નજીકના ભેંસબીડ ટાપુ, સરમત ગામ નજીકના દંડીકા ટાપુ અને મુંડીકા ટાપુ તથા બેડી ગામ નજીકના ઝિન્દ્રા ટાપુ, પિરોટન ટાપુ, અમુડી બેલા ટાપુ, બડા બેલા ટાપુ, કોદરા બેડ ટાપુ, જુના બેલા ટાપુ, સોસબારી અને ઘાખડીઆ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ ફરમાવાયો છે.

## જામનગર માં ભૂગર્ભ ગટરની કામગીરી માટે વધુ બે માર્ગ બંધ કરતી મહાનગરપાલિકા

મુંબઈ તરંગ જામનગર રમીલાબેન જોષી જામનગર-ખંભાળિયા હાઈવે પર આવેલા સમર્પણ સર્કલથી ખંભાળિયા બાયપાસ સુધીનો એક તરફનો માર્ગ તથા ધુંવાવ પાસેનો એક તરફનો માર્ગ ભૂગર્ભ ગટરની કામગીરીના અનુસંધાને બે માસ માટે બંધ રાખવામાં આવશે. આ અંગે મ્યુનિ. કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

જામનગરમાં સમર્પણ સર્કલથી ખંભાળિયા બાયપાસ સર્કલ સુધીના રસ્તા પર આવેલા સ્વામીનારાયણ મંદિરના ગેટથી બાયપાસ સર્કલ સુધી ભૂગર્ભ ગટરની મુખ્ય પાઈપલાઈન નાખવાની હોવાથી તા.14-5-2025 થી તા.13-7-2025 એટલે કે બે માસ સુધી તમામ વાહન વ્યવહાર બંધ રાખવા નિર્ણય લઈને વૈકલ્પિક વ્યવસ્થા માટે સમર્પણ હોસ્પિટલ પાસે સમર્પણ સર્કલથી જામનગર-ખંભાળિયા બાયપાસ સર્કલ સુધી જામનગરથી ખંભાળિયા જતા રસ્તાની મધ્યરેખા પરના રોડ ડિવાઈડરની ઉત્તર દિશાનો રસ્તો પરિવહન માટે ખુલ્લો રહેશે.

આ જ રીતે ધુંવાવ ગામ પાસે પૂર્ણેશ્વર મહાદેવ મંદિરથી હાપા રેલવે સ્ટેશન વાળ મુખ્ય રસ્તા થઈ, રવિ પેટ્રોલ પંપ થઈ, બીએસએનએલના ગોડાઉન પાસે મુરલીધર ટ્રેક્ટર્સ સુધી ભૂગર્ભ ગટરની મુખ્ય પાઈપલાઈન નાખવાની કામગીરી અનુસંધાને સલામતીના ભાગરૂપે તેમજ અકસ્માત નિવારવાના હેતુથી તા.14-5-2025 થી તા.13-7-2025 એટલે કે બે માસ સુધી તમામ વાહન વ્યવસ્થા બંધ રહેશે.

જે માટે વૈકલ્પિક વાહન વ્યવહારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## પહલગામ હુમલામાં પાકિસ્તાનના TRFનો હાથ, ભારતે UNની કમિટી સામે રજૂ કર્યા પુરાવા



જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓએ ધર્મ પૂછીને 26 પ્રવાસીઓની હત્યા કરી દીધી હતી. ત્યારબાદ ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન અને PoK(પાકિસ્તાન અધિકૃત કાશ્મીર)ના આતંકવાદી ઠેકાણાને નષ્ટ કર્યા હતા. હવે ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા અને તેના ફ્રન્ટ TRFને બેનકાબ કર્યું છે. પહલગામ હુમલા પર ભારત હવે UN (યુનાઈટેડ નેશન્સ) પહોંચ્યું છે. ભારતે UNને આતંકવાદી સંગઠન TRF (ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ) સામે પુરાવા રજૂ કર્યા છે. ભારતે પુરાવા સાથે જણાવ્યું કે, પહલગામ આતંકવાદી હુમલામાં TRF અને પાકિસ્તાનનો હાથ છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો પક્ષ

ભારતે ગુરુવારે (15 મે) યુનાઈટેડ નેશન્સ ઑફિસ ઑફ કાઉન્ટર ટેરરિઝમ(UNOCT) એટલે સંયુક્ત રાષ્ટ્ર આતંકવાદ વિરોધી કાર્યાલય અને કાઉન્ટર ટેરરિઝમ કમિટી એક્ઝીક્યુટિવ ડાયરેક્ટોરેટ (CTED) એટલે આતંકવાદ વિરોધી સમિતિ કાર્યકારી નિર્દેશાલય સામે પુરાવા રજૂ કર્યા. ભારતે પુરાવા સાથે TRF પર પ્રતિબંધ લાદવાની માંગ કરી હતી. ભારતે યુએન સમિતિમાં એ પણ જણાવ્યું કે, TRF આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલું છે. હકીકતમાં, જમ્મુ-કાશ્મીરના પહલગામમાં 22 એપ્રિલે આતંકવાદી હુમલો થયો હતો.

## સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે રાષ્ટ્રપતિનો વિરોધ, બિલની ડેડલાઇન તથા 'પાવર' મુદ્દે પૂછ્યા 14 સવાલ



રાષ્ટ્રપતિ અને રાજ્યપાલને વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલા બિલ પર નિર્ણય લેવા માટે સમયમર્યાદા નક્કી કરવાના નિર્ણય પર હવે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ સવાલ કર્યો છે. 8 એપ્રિલે સુપ્રીમ કોર્ટ દ્વારા આ ઐતિહાસિક નિર્ણય લેવાયો હતો, જેના પર રાષ્ટ્રપતિ મૂર્મુએ પ્રતિક્રિયા આપતા 14 પ્રશ્ન કર્યા છે. દ્રૌપદી મૂર્મુએ આ નિર્ણયને બંધારણના મૂલ્યો અને વ્યવસ્થાની વિરૂદ્ધ હોવાનું જણાવ્યું. આ સાથે જ બંધારણીય મર્યાદાનું અતિક્રમણ પણ કહ્યું. રાષ્ટ્રપતિ મૂર્મુએ હવે બંધારણના અનુચ્છેદ 143(1) હેઠળ સુપ્રીમ કોર્ટને 14 બંધારણીય પ્રશ્નો પૂછ્યા છે.

જ્યારે રાજ્યપાલ સામે બંધારણના અનુચ્છેદ 200 હેઠળ કોઈ બિલ રજૂ કરવામાં આવે છે, તો તેમની સામે બંધારણીય વિકલ્પ શું હોય છે?

શું રાજ્યપાલ ભારતના બંધારણના અનુચ્છેદ 200 હેઠળ કોઈ બિલને રજૂ કર્યા બાદ તેના પર ઉપલબ્ધ તમામ વિકલ્પોનો પ્રયોગ કરતા સમયે મંત્રીપરિષદ દ્વારા આપવામાં આવેલી સહાયતા અને સલાહ અનુસરવા બંધાયેલા છે?

બંધારણીય રૂપે નિર્ધારિત સમય મર્યાદા અને રાષ્ટ્રપતિ દ્વારા શક્તિના પ્રયોગની રીતના અભાવમાં શું ભારત બંધારણના અનુચ્છેદ 201 હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા વિવેકાધિકારનો ઉપયોગ કરવા માટે ન્યાયિક આદેશોના માધ્યમથી સમયમર્યાદા લગાવી શકાય અને ઉપયોગની રીત નક્કી કરી શકાય?

શું ભારતના બંધારણના અનુચ્છેદ 200 અને અનુચ્છેદ 201 હેઠળ રાજ્યપાલ અને રાષ્ટ્રપતિના નિર્ણયો કાયદા ઘડ્યા પહેલાના તબક્કે ન્યાયી છે? શું બિલ કાયદો બને તે પહેલાં તેના વિષય-વસ્તુ પર ન્યાયિક નિર્ણય લેવો સ્વીકાર્ય છે?

શું રાજ્ય વિધાનસભા દ્વારા બનાવવામાં આવેલો કાયદો ભારતના બંધારણની કલમ 200 હેઠળ રાજ્યપાલની સંમતિ વિના લાગુ કરી શકાય તેવો કાયદો છે?

ભારતના બંધારણના અનુચ્છેદ 145(3)ની જોગવાઈને ધ્યાને લઈને, શું માનનીય ન્યાયાલયની કોઈપણ ખંડપીઠ માટે એ જરૂરી નથી કે, તે પહેલાં નક્કી કરે કે, તેમની સામે કાર્યવાહીમાં સામેલ પ્રશ્ન એવી પ્રકૃતિનો છે જેમાં બંધારણની વ્યાખ્યાના રૂપે કાયદાના મહત્ત્વપૂર્ણ પ્રશ્ન સામેલ છે અને તેમાં ઓછામાં ઓછા પાંચ ન્યાયાધીશો નિર્ધારિત કરે?

શું ભારતના બંધારણની કલમ 142 હેઠળ સુપ્રીમ કોર્ટની સત્તાઓ પ્રક્રિયાગત કાયદાની બાબતો સુધી મર્યાદિત છે કે ભારતના બંધારણની કલમ 142 એવા નિર્દેશો/આદેશો જારી કરવા સુધી વિસ્તરે છે જે બંધારણ અથવા અમલમાં રહેલા કાયદાની હાલની મૂળ અથવા પ્રક્રિયાગત જોગવાઈઓથી વિપરીત અથવા અસંગત છે?

શું ભારતના બંધારણના અનુચ્છેદ 131 હેઠળ કેસના માધ્યમથી દૂર કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે વિવાદ દૂર કરવા માટે સુપ્રીમ કોર્ટને કોઈ અન્ય અધિકાર ક્ષેત્ર રોકે છે?

## તંત્રી લેખ



# અન્યાય જોઈને ઉછરેલો છોકરો ન્યાયતંત્રના સર્વોચ્ચ શિખરે

- દેશના નવા સીજેઆઈ બીઆર ગવઈનું બાળપણ અમરાવતીની ઝુંપડપટ્ટીમાં પસાર થયું જ્યાં અનેક દુષણો વ્યાપ્ત હતા - ઝુંપડપટ્ટીની સરકારી સ્કુલમાં ભણતર અને માતાના સંસ્કારોનું ગણતર ભૂષણ ગવઈના ચારિત્ર્યનો આધાર બન્યું : બીઆર ગવઈના પિતા રામકૃષ્ણ ગવઈ દિગ્ગજ દલિત નેતા હતા, તેઓ સાંસદ અને ત્રણ રાજ્યોના રાજ્યપાલ તરીકેની જવાબદારી નિભાવી ચુક્યા હતા : આર્ટિકલ 370 રદ કરવી, ઈલેક્ટોરલ બોન્ડ રદ કરવા અને રાજ્યોમાં ચાલતી બુલડોઝર સંસ્કૃતિ ઉપર લગાવ લગાવતા મહત્ત્વના નિર્ણયો લેનારી ખંડપીઠનો ભાગ રહ્યા છે બીઆર ગવઈ જસ્ટિસ બી આર ગવઈ દેશના ૫૨માં ચિફ જસ્ટિસ પદે બિરાજમાન થયા છે. દેશના ન્યાયતંત્રની સુરક્ષા, સાચવણી અને સાતત્યતાની જવાબદારી હવે તેમના ખભે આવી છે. બુધવાર ૧૪ મેના રોજ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ તેમને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ પદે શપથ લેવડાવ્યા. સીજેઆઈ સંજીવ ખન્નાનો કાર્યકાળ ૧૩મેના રોજ પૂરો થતા તેઓ નિવૃત્ત થયા હતા અને બી આર ગવઈ નવા સીજેઆઈ બન્યા હતા. સીજેઆઈ ખન્નાનો કાર્યકાળ સાત મહિનાનો હતો. નવા નિમાયેલા સીજેઆઈ ગવઈને કાર્યકાળ છ મહિનાથી થોડો વધારે રહેશે. ૨૪ મે ૨૦૧૯ના રોજ સુપ્રીન કોર્ટમાં જસ્ટિસ તરીકે નિમણુક પામનારા ગવઈ સીજેઆઈ પદેથી ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ નિવૃત્ત થશે. જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈનો જન્મ ૨૪ નવેમ્બર ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્રના અમરાવતીમાં થયો હતો. અહેવાલો પ્રમાણે તેમનું બાળપણ અમરાવતીના ફ્રીઝરાપુરની ઝુંપડપટ્ટીમાં પસાર થયું હતું. તેઓ સાતમા ધોરણ સુધી સરકારી શાળામાં ભણ્યા હતા. તેઓ ઝુંપડપટ્ટી પાસે આવેલી નગરપાલિકાની મરાઠી શાળામાં અભ્યાસ કરતા હતા. તેમના પિતા રામકૃષ્ણ સૂર્યભાન ગવઈ સામાજિક કાર્યકર અને નેતા હતા. તેઓ જાણીતા આંબેડકરવાદી નેતા અને રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા(ગવઈ)ના સંસ્થાપક હતા. તેમના અનુયાયીઓ અને સમાજના લોકો તેમને દાદાસાહેબ કહીને બોલાવતા હતા. પિતા સામાજિક આગેવાન અને રાજકીય નેતા હોવાથી દરરોજ ઘણા લોકોની ઘરમાં આવનજાવ રહેતી હતી. બીઆર ગવઈના માતાનો મોટાભાગનો સમય મહેમાનોના ચાપાણી અને ભોજન પાછળ જ પસાર થતો હતો. આ દરમિયાન ભૂષણના પિતા રામકૃષ્ણ ગવઈ રાજકારણમાં વધારે પ્રવૃત્ત થયા અને અમરાવતીથી સાંસદ તરીકે પણ ચૂંટાયા. આ સિવાય તેઓ ૨૦૦૬થી ૨૦૧૧ સુધીમાં બિહાર, સિક્કિમ અને કેરળના રાજ્યપાલ તરીકે પણ રહ્યા હતા. તત્કાલીન યુપીએ સરકાર સાથે પણ તેમનું જોડાણ હતું. ઉલ્લેખનીય છે કે, બીઆર ગવઈના ભાઈ ડો. રાજેન્દ્ર ગવઈ પણ રાજકારણ સાથે જોડાયેલી વ્યક્તિ છે. તેઓ રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા(આઈ)ના રામદાસ આઠવલે સાથે કેટલાક સમય માટે જોડાયા હતા. ત્યારબાદ તેમણે જોડાણ તોડી કાઢ્યું હતું. તેમણે આપીઆઈના વિવિધ જૂથોને એકજૂથ કરીને મોટી પાર્ટી બનાવવા પ્રયાસ કર્યા હતા પણ સફળ રહ્યા નહોતા. દરેક નેતાને પોતાનો એકડો મોટો કરવો હતો. તેના પગલે રાજેન્દ્ર ગવઈ અલગ થયા અને આઠવલેને છોડીને કોંગ્રેસ સાથે જોડાઈ ગયા. આઠવલેએ ત્યારે ભાજપ સાથે જોડાણ કરી લીધું.

-દિલીપ નાનજીભાઈ પટેલ

# ભરોસો એ તમામ સંબંધોનો પાયો છે:તે નબળાઈની નહીં માનવતાની નિશાની છે; તમારી સાથે વિશ્વાસઘાત થાય તો તેને પોતાની ખામી ન સમજો



PANKAJ B DOBARIYA

પ્રશ્ન- હું ૧૨મા ધોરણમાં અભ્યાસ કરું છું. થોડા મહિના પહેલા, મેં ઈન્સ્ટાગ્રામ પર એક સુંદર છોકરીની પ્રોફાઈલ જોઈ, જેને મારા કેટલાક મિત્રો ફોલો કરી રહ્યા હતા. મેં પણ તે પ્રોફાઈલને ફોલો કરી. તે જ સાંજે, મને તે પ્રોફાઈલમાંથી 'હાય' લખેલો મેસેજ મળ્યો. તે દિવસથી મેં તેની સાથે દરરોજ વાત કરવાનું શરૂ કર્યું. ધીમે ધીમે, મને તે ગમવા લાગી. એક દિવસ અમે મળવાનું વિચાર્યું અને હું શહેરના એક કાફેમાં તેને મળવા ગયો, પણ મને એ જોઈને આશ્ચર્ય થયું કે તે એક છોકરો હતો. તે કોઈ છોકરીની પ્રોફાઈલ નહોતી. મારી શાળાના મિત્રો ખોટા નામોથી પ્રોફાઈલ બનાવતા હતા અને તેઓ જ છોકરીઓ હોવાનો ઢોંગ કરીને મારી સાથે વાત કરતા હતા. જ્યારે મળવાની વાત આવી ત્યારે તેણે પોતે એક છોકરાને મને મળવા મોકલ્યો. મારા શાળાના મિત્રોએ મારી મજાક ઉડાવવા માટે આ પ્લાન્ટ કર્યું હતું.આ ઘટના પછી, મિત્રોએ આ સમાચાર આખી શાળામાં ફેલાવી દીધા. શિક્ષકોને પણ આ વાતની ખબર પડી. ત્યારથી મેં શાળાએ જવાનું બંધ કરી દીધું છે અને મને કોઈની સાથે વાત કરવાનું મન નથી થતું. અને હું હવે કોઈ પર વિશ્વાસ કરી શકતો નથી. હું આખો દિવસ વિચારતો રહું છું કે કાશ મારી પાસે ટાઈમ મશીન હોત અને હું પાછો જઈને આ ભૂલ સુધારી શકું. મારા માતા-પિતાને હજુ સુધી આ વિશે ખબર નથી. હું હોસ્ટેલમાં રહું છું. મને ભણવાનું પણ મન નથી થતું. મને સમજાતું નથી કે શું કરું?નિષ્ણાતઃ અદિતિ સક્સેના, કાઉન્સેલિંગ સાયકોલોજિસ્ટ, ભોપાલજવાબઃ તે સ્વાભાવિક છે કે તમારી ઉંમરે આવું ઘણું બધું થઈ શકે છે. આ એક કુદરતી વાત છે. આવું કરવું અને પછી બીજા કોઈને તેના વિશે ખબર પડે એ સામાન્ય વાત છે. આ નાની ઉંમરે આપણે તેને શરમ




સાથે જોડીએ છીએ, પરંતુ એવું કંઈ હોતું નથી. તેના માટે બહુ ચિંતા કરવાની જરૂર નથી. આ ઉંમરે લગભગ દરેક વ્યક્તિ આવું કરે છે.આ રીતે લોકો એકબીજાને મળે છે. જો તમે તમારી આસપાસ જુઓ તો તમને જોવા મળશે કે સંબંધો આ રીતે રચાય છે. તારા પિતા, જે હંમેશા તારા પ્રત્યે ગંભીર દેખાય છે, તેમણે આ બધું તેમના કોલેજ અને યુવાની દરમિયાન કર્યું હશે. આવી સ્થિતિમાં, તમારે તમારા માટે બિલકુલ ખરાબ અનુભવવાની જરૂર નથી.તમને યાદ હશે કે બાળપણમાં, જ્યારે તમારું કોઈ રમકડું તૂટી જતું, ત્યારે તમે ખૂબ રડતા અને ખૂબ જ અસ્વસ્થ થઈ જતા. તમે વિચાર્યું હતું કે તમારી દુનિયા તમારા રમકડાંને કારણે છે, જે હવે નાશ પામી છે. પણ હવે તમને આ યાદ કરીને હસવું આવે છે.આ રીતે સમજો, ભલે તમને આ ક્ષણે આ વાતનું ખરાબ લાગી રહ્યું હોય, પણ આજથી 20 વર્ષ પછી, તમે તમારા મિત્રો વચ્ચે બેઠા હશો અને આ ઘટનાને યાદ કરીને હસતા હશો. તમે આ વાર્તા તમારા બાળકો અને પૌત્રોને કહેતા હશો.વિશ્વાસ કરવો એ ભૂલ નથી, સારી આદત છેવિશ્વાસ કરવામાં કંઈ ખોટું નથી, પરંતુ તે સારી વાત છે. જો તમે જુઓ તો તમને ખબર પડશે કે આખી દુનિયા વિશ્વાસ પર આધારિત છે. તમે તમારા પરિવાર પર વિશ્વાસ કરો છો, બેંકો તેમના ગ્રાહકો પર વિશ્વાસ કરે છે, પાલતુ પ્રાણી તેમના સંભાળ રાખનારાઓ પર વિશ્વાસ કરે છે.શું તમે તમારી જાતને પૂછ્યું કે ભૂલ કોની હતી? શું સામેની વ્યક્તિ પર વિશ્વાસ કરવો ખોટું હતું? આ બધા પ્રશ્નોના જવાબ 'ના' છે. આવી સ્થિતિમાં, તમારે પોતાને દોષ ન આપવો જોઈએ.તમે કોઈ પ્રોફાઈલ ફોલો કરી, તેમની સાથે વાત કરી અને તેમને જાણવાનો પ્રયાસ કર્યો. આ બધું ખૂબ જ સ્વાભાવિક છે. વિશ્વાસ એ માનવતાની નિશાની છે. જે લોકોએ તમારો વિશ્વાસ તોડ્યો અને તમારી મજાક ઉડાવી, તેમની ભૂલ હતી. તમે કોઈના પર એક સારા વ્યક્તિની જેમ વિશ્વાસ કર્યો.આમાં શરમાવા જેવું કંઈ નથીમિત્રો સાથે મજાક-મસ્તી કરવી સ્વાભાવિક છે. આપણા બધાના મિત્રો છે જે આવું કરે છે. તમે પણ તમારા મિત્રો સાથે હસતા અને મજાક કરતા હશો. આમાં કંઈ નવું કે વિચિત્ર નથી.જોકે, જો આ મામલો તમારા અને તમારા મિત્રો વચ્ચે જ રહેતો હોત તો કોઈ ફરક પડત નહીં. પરંતુ જો તેઓએ આ સમાચાર આખી શાળામાં ફેલાવી દીધા હોય અને વિદ્યાર્થીઓ તમને ચીડવી રહ્યા હોય અને અપમાનિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હોય, તો તે તમારા મિત્રો અને વિદ્યાર્થીઓનો વાંક છે, તમારો નહીં.તમારા ઘણા મિત્રો અને શાળાના વિદ્યાર્થીઓ આ કરે છે. ફરક એટલો જ છે કે જ્યારે તેમણે આ બધું કર્યું ત્યારે કોઈને ખબર પડી નહીં. સત્ય એ છે કે તમે કંઈ ખોટું કર્યું નથી. આ માટે શરમ અનુભવવાની કે પોતાને દોષ આપવાની કોઈ જરૂર નથી.તમારી શ્રેષ્ઠ સંપત્તિ તમારી બુદ્ધિ છે.તમારા પ્રશ્નથી ખબર પડે છે કે આ ઘટનાની તમારા પર ખરાબ અસર પડી છે અને તમે ખૂબ જ નારાજ છો. પણ તું જાણે છે દીકરા, તે જે રીતે પ્રશ્ન લખ્યો છે તે દર્શાવે છે કે તને મૂળભૂત સમજ છે.સામાન્ય રીતે જ્યારે આપણે મુશ્કેલીમાં હોઈએ છીએ, ત્યારે આપણે સમજી શકતા નથી કે આપણી સમસ્યા શું છે. પ્રશ્ન પૂછવાનો અર્થ એ છે કે તમે સમસ્યાથી વાકેફ છો. સમસ્યાથી વાકેફ હોવાનો અર્થ એ છે કે તમે ઉકેલ શોધવા તરફ એક પગલું ભર્યું છે.તમે મમ્મી-પપ્પા સાથે વાત કેમ ન કરી?તમે કહ્યું હતું કે તમારા ઘરમાં કોઈને આ વિશે ખબર નથી. શું તમને ડર છે કે બધા તમારા પર હસશે?જો આ કિસ્સો હોય, તો તમારે ઘરે કે શાળામાં કોઈ વિશ્વાસુ વ્યક્તિ સાથે વાત કરવી જોઈએ. કારણ કે આ ઘટનાએ ફક્ત તમારા વિશ્વાસને નુકસાન પહોંચાડ્યું છે. આવી સ્થિતિમાં, એવી વ્યક્તિ સાથે વાત કરો જે તમારી વાત સાંભળી શકે અને તમારી સમસ્યાઓ સમજી શકે.જો તમે આ વાત કોઈની સાથે શેર નહીં કરો તો આ વાત તમને અંદરથી કોરી ખાતી રહેશે. આવી સ્થિતિમાં, આ સમસ્યા મોટી બની શકે છે. આ કારણે, તમે ખોટી પ્રતિક્રિયા આપી શકો છો અને તમે તમારા મિત્રો પર બદલો લેવાનો પ્રયાસ પણ કરી શકો છો.જ્યારે તમે તમારી સમસ્યા કોઈ નજીકના વ્યક્તિને જણાવશો, ત્યારે તમને હળવાશનો અનુભવ થશે. જો તેમને લાગે કે તમારી સમસ્યા ગંભીર છે તો તેઓ તમને કાઉન્સેલર પાસે લઈ જઈ શકે છે.આપણને ટાઈમ મશીનની જરૂર નથી, થોડી હિંમતની જરૂર છે.તમે કહ્યું હતું કે જો તમારી પાસે ટાઈમ મશીન હોત, તો તમે ભૂતકાળમાં જઈ શક્યા હોત, આ ભૂલ સુધારી શક્યા હોત અને પાછા આવી શક્યા હોતદીકરા, ભલે આજે આ મોટી વાત લાગે, પણ એ કોઈ મોટી વાત નથી કે તમારે ટાઈમ મશીનની જરૂર હોય. જ્યારે તમે લોકોને મળવાનું અને વાત કરવાનું ટાળતા હોવ. આનાથી લોકોને ખબર પડે છે કે તમે નારાજ છો.

# આ 6 ભૂલો વોશિંગ મશીનમાં કપડાં ખરાબ કરે છે:ધોતી વખતે આ 10 ટિપ્સ ફોલો કરો; કપડાની આવરદા વધશે, નવાં જેવાં રહેશે અને વીજળી બચશે




આજકાલ દરેક ઘરમાં વોશિંગ મશીન એક જરૂરિયાત બની ગઈ છે. આનાથી સમય અને મહેનત બંનેની બચત થાય છે, પરંતુ શું તમે જાણો છો કે મશીનમાં કપડાં ધોવાથી ઘણી વખત કપડાંની આવરદા ઓછી થઈ જાય છે.આના કારણે, કપડાંનો રંગ ઝાંખો પડી જાય છે, કાપડની ગુણવત્તા બગડે છે, દોરા નીકળવા લાગે છે અને ટાંકા નબળા પડી જાય છે.ખાસ કરીને જ્યારે આપણે મશીનનો યોગ્ય વોશિંગ મોડ પસંદ નથી કરતા, યોગ્ય ડિટર્જન્ટ પસંદ નથી કરતા અને કપડાં ધોતી વખતે કપડાંની યોગ્ય કાળજી લેતા નથી, ત્યારે તેની ખરાબ અસર આપણા મનપસંદ કપડાં પર દેખાવા લાગે છે.લોકો માને છે કે મશીનમાં વારંવાર ધોવાથી કપડાં ખરાબ થઈ જાય છે, પરંતુ સાચું કારણ સાચી માહિતીનો અભાવ છે. જો કાપડની યોગ્ય રીતે કાળજી લેવામાં આવે તો કપડાં ફક્ત નવા જ નથી લાગતા પણ તે લાંબા ટકે પણ છે.આવી સ્થિતિમાં, આજે 'જીવનને સરળ બનાવો' કોલમમાં આપણે જાણીશું કે- વોશિંગ મશીનમાં કપડાં ધોતી વખતે તમે કઈ ભૂલો કરો છો?કપડાં ધોતી વખતે આપણે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ?પ્રશ્નઃ વોશિંગ મશીનમાં કપડાં ધોતી વખતે તમે કઈ ભૂલો કરો છો?જવાબઃ વોશિંગ મશીનમાં કપડાં ધોતી વખતે આપણે ઘણી ભૂલો કરીએ છીએ. આ ભૂલોને કારણે કપડાં બગડી જાય છે. ચાલો આને ગ્રાફિક દ્વારા સમજીએ.વધુ પડતો ડિટર્જન્ટ ઉમેરીએ છીએ વધુ ડિટર્જન્ટ ઉમેરવાથી કપડાં સારી રીતે સાફ થતા નથી, તેના બદલે તે તેમના પર ચીકણા અવશેષ છોડી દે છે. આ ઉપરાંત, કપડાંની ચમક ઓછી થઈ જાય છે અને દોરા નબળા પડી જાય છે.કપડાંને રંગ કે કાપડ મુજબ અલગ નથી કરતા સામાન્ય રીતે આપણે બધા પ્રકારના કપડાં અને અલગ અલગ રંગો વાળા કપડાં એકસાથે ધોઈએ છીએ. આના કારણે, અન્ય કપડાંના રંગો હળવા કપડાં પર આવી જાય છે. જે કપડાંમાંથી દોરા નીકળે છે અને બહાર આવે છે અને જે કપડાં તેને પકડી લે છે તેમાં ચોંટી જાય છે. ઘણી વખત ધોયા પછી પણ તે દૂર થતા નથી.કપડાં ધોતાં પહેલાં તૈયાર નથી કરતાબધા ખિસ્સા ખાલી કરોઃ ધોતાં પહેલા બધા ખિસ્સા તપાસો અને ખાલી કરો. ખિસ્સામાં પેન કે માર્કર રાખવાથી કપડાં અને મશીન બંનેને નુકસાન થઈ શકે છે.ઝિપર બંધ કરોઃ ઝિપરના દાંતા તીક્ષ્ણ હોય છે અને બીજાં કપડાંને પકડી શકે છે. તેથી, ધોતાં પહેલાં બધા ઝિપર્સ બંધ કરો. બ્રા અને અન્ય કપડાંના હુક્સ પણ બંધ કરો.બટનો ખોલોઃ ઝિપરવાળા કપડાંથી વિપરીત, શર્ટ ધોતી વખતે બટન ખોલવા જોઈએ. આ બટનહોલ્સને ફાટતા અને બટનના દોરાને છૂટાં પડતાં અટકાવે છે. શર્ટની સ્લીવ્ઝ અને કોલર પણ ખોલવાનું ભૂલશો નહીં.બાંય ખોલોઃ જ્યાં સુધી તમે કફ નહીં ખોલો ત્યાં સુધી કપડાં સંપૂર્ણપણે સાફ નહીં થાય.અગાઉથી ડાઘ ન દૂર કરતાં નથી ડાઘવાળા કપડાં વોશિંગ મશીનમાં નાખવાથી ડાઘ બીજા કપડાંમાં ફેલાઈ શકે છે. ઘણી વખત આ ડાઘ વોશિંગ મશીનમાં જતા નથી. આવી સ્થિતિમાં, વોશિંગ મશીનમાં નાખતાં પહેલાં ડાઘ સાફ કરવા જોઈએ.વોશિંગ મશીનનો ગેટ સતત બંધ રાખીએ છીએ ફ્રન્ટ-લોડ વોશિંગ મશીના ગેટની આસપાસ ભેજ અને બેક્ટેરિયા ફસાઈ જાય છે, જેનાથી માઇલ્ડ્યુ અને દુર્ગંધ આવી શકે છે. આવી સ્થિતિમાં, વોશરને બેક્ટેરિયા અને ગંધથી બચાવવા માટે, દરેક ધોવાણ પછી દરવાજો થોડો સમય ખુલ્લો રાખો જેથી તે જગ્યા સુકાઈ જાય.લિન્ટ દૂર ન કરવું ડ્રાયરમાં લિન્ટનો સંગ્રહ આગનું જોખમ વધારે છે. દરેક ધોલાઈ પછી, લિન્ટ ફિલ્ટરને દૂર કરો અને બ્રશથી લિન્ટ સાફ કરો.વોશિંગ મશીન સાફ ન કરવું જો વોશિંગ મશીન નિયમિતપણે સાફ ન કરવામાં આવે તો, કપડાંમાંથી ગંદકી, ડિટર્જન્ટના કણો અને માઇલ્ડ્યુ વોશરની અંદર એકઠા થઈ શકે છે. તમારા વોશિંગ મશીનને સાફ કરવા માટે,સેલ્ફ-ક્લીન સાયકલનો ઉપયોગ કરો અથવા સરકો ઉમેરીને ફક્ત ગરમ પાણીની સાઈકલ ચલાવો.જો તમારા ઘરમાં પાલતુ પ્રાણી હોય, તો તમારા કપડાં પરથી તેમની રુંવાટી કાઢી નાખો. જો તમારા ઘરમાં પાળતુ પ્રાણી હોય, તો કપડાંને વોશિંગ મશીનમાં નાખતા પહેલા તેમાંથી પાલતુ પ્રાણીની રુંવાટી કાઢી નાખવાની ખાતરી કરો, નહીં તો રુંવાટી વોશિંગ મશીનમાં ફસાઈ જશે.પ્રશ્નઃ કપડાં ધોતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ જેથી કપડાં લાંબા સમય સુધી નવા રહે?જવાબઃ કપડાં ધોતી વખતે આપણે ઘણી ભૂલો કરીએ છીએ, જોકે કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતો ધ્યાનમાં રાખીને આપણે આ ભૂલો ટાળી શકીએ છીએ. ચાલો આને ગ્રાફિક દ્વારા સમજીએ.કપડાં પરના કેર લેબલને કાળજીપૂર્વક વાંચો તે આપણને જણાવે છે કે કપડાં કયા તાપમાને ધોવા જોઈએ અને કયા ડિટર્જન્ટનો ઉપયોગ કરવો જોઈએ. કેર લેબલમાં હાથ ધોવા, ડ્રાય ક્લીન ન કરવું અથવા ટમ્બલ ડ્રાય જેવી મહત્ત્વની સૂચનાઓ પણ આપવામાં આવેલી હોય છે.જો તમે મશીનમાં કપડાં ધોતા હો તો ઠંડા પાણીનો ઉપયોગ કરો. ગરમ પાણીથી કપડાં સંકોચાઈ શકે છે. સુતરાઉ કપડાં ધોયા પછી તેને ઈસ્ત્રી કરો.ઓવરલોડ ન કરો ઉતાવળમાં વોશિંગ મશીન ઓવરલોડ ન કરો. આનાથી મોટર પર દબાણ આવે છે અને વધુ સમય લાગે છે. ઉપરાંત, કપડાં યોગ્ય રીતે સાફ થતા નથી અને એકબીજા સામે ઘસવાથી તેમનું ફિનિશિંગ બગડી જાય છે.યોગ્ય ડિટરજન્ટ પસંદ કરો અલગ અલગ કપડાં માટે અલગ અલગ ડિટર્જન્ટનો ઉપયોગ કરો. જેમ કે ઊનના કપડાં માટે લિક્વિડ ડિટર્જન્ટનો ઉપયોગ કરો, કોટન અને લિનન કપડાં માટે માઈલ્ડ ડિટર્જન્ટનો ઉપયોગ કરો. વધારે પડતું બ્લીચ ન વાપરો.ઠંડા પાણીનો ઉપયોગ કરો કપડાં ધોવા માટે હંમેશા ઠંડા પાણીનો ઉપયોગ કરો. આનાથી કાપડના દોરાઓ નબળા પડતા નથી. જ્યારે કપડા ખૂબ ગંદા હોય અથવા તેના પર ડાઘ હોય ત્યારે જ હુંફાળા પાણીનો ઉપયોગ કરો.નાજુક કપડાં માટે મેશ બેગનો ઉપયોગ કરો રેશમ અને ઊન જેવા નાજુક કાપડ અને મશીનથી ધોઈ શકાય તેવા કપડાં જેમ કે લૅંઝરી, મોજાં અને ટાઈટ્સને નુકસાનથી બચાવવા માટે જાળીદાર બેગનો ઉપયોગ કરો. આમ કરવાથી કપડાંના રેસા સુરક્ષિત રહે છે.વોશિંગ સાયકલ બાદ રિંસ કરો જો તમારા વિસ્તારમાં પાણી કઠણ હોય, તો તમારે ધોયા પછી ફરીથી રિંસ કરવાની જરૂર પડી શકે છે. કઠણ પાણીમાં રહેલા ખનિજો કપડાં પર જમા થઈ શકે છે, જેનાથી તે કડક અને અસ્વચ્છ બની જાય છે. આવી સ્થિતિમાં, ધોયા પછી સિંસ સાયકલ જરૂર કરો.કપડાં ધોયા પછી હવામાં સૂકવવા કપડાં સૂકવવા માટે ડ્રાયરનો ઉપયોગ કરવાને બદલે હવામાં સૂકવો. આનાથી માત્ર વીજળીની બચત જ નહીં પરંતુ કપડાં પણ સુરક્ષિત રહેશે.

## લોકોને મુશ્કેલી હોવા છતાં નેસડા રેલવે ફાટક પાસેનો અંડરબ્રીજ ખોલાતો નથી



સિહોરમાં નેસડા ફાટક પાસેના અંડરબ્રીજને બંધ કરી દેવામાં આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હોય, રજૂઆતોને ધ્યાને લઈ કેન્દ્રીય મંત્રીએ સ્થળ મુલાકાત લીધી હતી અને અંડરબ્રીજ શરૂ રાખવા તેમજ આસપાસના ગામો, સોસાયટીઓના લોકો માટે ડાયવર્ઝનનો એક નાનો રસ્તો શરૂ કરવાની હૈયાધારણાં આપી હતી. સિહોરમાં ઓવરબ્રીજના કામને લઈ લોકોને સમય અને ઈંધણનો વ્યય થતો હતો. જેથી નેસડા ફાટક ખોલવા માટે વિવિધ સામાજિક સંસ્થાઓ, આગેવાનો અને રાજકીય નેતાઓ તેમજ આમ જનતા દ્વારા રજૂઆત કરવામાં આવતા જિલ્લા કલેક્ટરે તાજેતરમાં જ નેસડા ફાટકને ખુલ્લું રાખવાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ રેલવેના બાબુઓની અવળચંડાઈના કારણે અંડરબ્રીજ બંધ કરી દેવાતા ફાટક બંધ હોય ત્યારે વાહન વ્યવહાર થંભી જતો હોય, નાના વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. જેથી રેલવે ફાટકની સાથે અંડરબ્રીજ પણ શરૂ રહે તેવી માંગણી ઉઠી હતી. જે બાબતને લઈ ભાવનગરના મહિલા સાંસદ એવમ્ કેન્દ્રીય મંત્રીએ જિલ્લા ભાજપ પ્રમુખ, મહામંત્રી, સિહોર પાલિકાના પ્રમુખ, સિહોર શહેર-તાલુકા ભાજપ પ્રમુખ, પ્રાંત અધિકારી અને રેલવેના અધિકારીઓને સાથે રાખી આજે મંગળવારે નેસડા અને ઘાંઘળી રેલવે ફાટકની સ્થળ મુલાકાત લઈ લોકોની ફરિયાદો પ્રત્યે ગંભીરતા દાખવી અંડરબ્રીજને તાત્કાલિક ધોરણે ખોલી નાંખવા તેમજ ટુ વ્હિલર વાહનો માટે સોસાયટીઓમાંથી ડાયવર્ઝનનો રસ્તો કરી આપવા અને વહેલી તકે કામગીરી પૂર્ણ કરવા સહિતની સૂચના આપી હોવાનું જાણવા મળ્યું છે.

## રાજુલા પાસે ટ્રિપલ અકસ્માતમાં 3 ના ઘટનાસ્થળે કરૂણ મોત

ભાવનગર-અમદાવાદ એક્સપ્રેસ-વે પર ધોલેરા નજીક સર્જાયેલા અકસ્માતના ૪૮ કલાક બાદ ભાવનગર-સોમનાથ હાઈવે પર રાજુલા નજીક મીરા દાતાર તરીકે ઓળખાતા વિસ્તારમાં કાર, એસટી બસ અને બાઈક વચ્ચે ત્રિપલ અકસ્માતની ઘટના બની છે, જેમાં ત્રણ લોકોના કમકમાટી ભર્યાં મોત નિપજ્યાં છે. બનાવની જાણ થતાં એસટી નિગમના અધિકારી અને પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી છે. બનાવની મળતી વિગતો પ્રમાણે ભાવનગર-સોમનાથ હાઈ-વે પર રાજુલા નજીક હિંડોરણા રોડ મીરદાતાર નજીક રાજુલા-જાફરાબાદ રૂટની એસટી બસ, કાર અને બાઈક વચ્ચે આજે બપોરના ૨.૩૦ કલાકના અરસામાં સર્જાયેલા અકસ્માતમાં કારમાં સવાર દેવાભાઈ મિતેષભાઈ સોની, જયભાઈ પટેલ તથા સુમુખભાઈ ગીરીશભાઈ ઠક્કર (તમામ રહે. પાદરા, જી. વડોદરા)નું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે.

## ભરૂચના સ્વામિનારાયણ મંદિરને ઉડાવી દેવાની ધમકી, એકની અટકાયત, તપાસ શરૂ



થોડા દિવસો પહેલાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને ઉડાવી દેવાની ધમકીભર્યો મેલ મળ્યા બાદ હવે ભરૂચ શહેરમાં આવેલા બીએપીએસ સ્વામિનારાયણ મંદિરને ઉડાવી દેવાની ધમકી મળી છે. ભરૂચ પોલીસ કંટ્રોલરૂમને કોલ કરીને ધમકી આપવામાં આવી હતી. જેને લઈને પોલીસબેડામાં દોડધામ મચી જવા પામી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે બોમ્બ સ્ક્વોડની મદદથી મંદિરમાં તપાસ કરી હતી અને પરંતુ કોઇ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. પોલીસના જણાવ્યા અનુસાર ભરૂચના સ્વામિનારાયણ મંદિરને બોમ્બ વડે ઉડાવી દેવાની ધમકીભર્યો ફોન કોલ આવ્યો હતો. જેને લઈને પોલીસ હરકતમાં આવી ગઇ હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ગણતરીના સમયમાં જ પોલીસે ધમકી આપનાર તોસિફ આદમ પટેલ નામના યુવકની અટકાયત કરી કાર્યવાહી શરૂ કરી લીધી છે.

પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આરોપી યુવકે પોતાના પરિવારિક ઝઘડાં ભાઈ અને બનેવી પર કાર્યવાહી થાય તે માટે ખોટો કર્યો હોવાનું બહાર આવ્યું છે. ધમકીભર્યો ફોન દહેજ બાયપાસ રોડ પરથી કરવામાં આવ્યો હતો. તોફિસે સ્વિકાર્યું હતું કે મંદિરમાં કોઇ બોમ્બ નથી તેને માત્ર બીજાને ફસાવવા માટે આ કોલ કર્યો હતો. ગણતરીના સમયમાં જ પોલીસે ધમકી આપનાર તોસિફ આદમ પટેલ નામના યુવકની અટકાયત કરી કાર્યવાહી શરૂ કરી લીધી છે.

## ભાવનગરમાં લિફ્ટમાં ફસાઈ જતાં 6 વર્ષના બાળકનું મોત, રહીશોમાં ફફડાટ



રાજ્યભરના મોટા શહેરો આવેલી બિલ્ડીંગોમાં લિફ્ટની સુવિધા બેઝિક જરૂરિયાત બની ગઇ છે. પરંતુ આ સાથે સાથે લિફ્ટમાં ખામી સર્જાતા અનેકવાર અકસ્માત સર્જાતા હોય છે. ત્યારે ભાવનગરમાં લિફ્ટમાં ફસાઇ જતાં 6 વર્ષના બાળકનું મોત નીપજ્યું છે. પોસ્ટમોર્ટમ બાદ બાળકના મૃતદેહને માતા-પિતાને સોંપવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર ભાવનગર શહેરના અન્નપૂર્ણા એપાર્ટમેન્ટમાં એક બાળક લિફ્ટમાં ફસાઇ જતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારબાદ બાળકને હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું, જ્યાં બે દિવસની સારવાર બાદ બાળકે દમ તોડ્યો હતો. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો ભારે ચિંતાનો માહોલ સર્જાયો છે. ઉલ્લેખનીય છે આ ઘટના માતા-પિતા માટે લાલબત્તી સમાન છે. ક્યારેક માતા-પિતા પોતાના બાળકોને લિફ્ટમાં એકલા મોકલી દેતા હોય છે. ત્યારે અચાનક લિફ્ટમાં ખામી સર્જાતા બાળક ગભરાઈ શકે છે તો ક્યારેક મોટી દુર્ઘટના સર્જાતા જીવ ગુમાવવાનો વારો આવે છે.

પડધરીમાં કારખાનામાં લિફ્ટમાં માથું ફસાઇ જતાં શ્રમિકનું મોત ગત મહિને પડધરીમાં આવેલા ક્રેડન સોલાર નામના કારખાનામાં લિફ્ટમાં માથુ ફસાઇ જતાં અલ્પેશ ધનજીભાઈ રાઠોડ (ઉ.વ.25)નું કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. પડધરી પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

## નદી શુધ્ધિકરણનો પહેલા જ દિવસે ફીયાસ્કો, ગંદાપાણીથી વહેતી સાબરમતીના તટ વિસ્તારની આજથી સફાઈ થશે

### સાબરમતી રિવરફ્રન્ટ બન્યા પછી બે દાયકાથી ક્યારેય નદીના કાંપને કાઢી સાફ કરાઈ નથી, સફાઈના નામે તરકટ

સાબરમતી નદીની બુધવારથી સફાઈ કરવાની મ્યુનિ.તંત્રની જાહેરાતનો પહેલા જ દિવસે ફીયાસ્કો થયો હતો. નદીમાં વહેતા થયેલા ગટરના ગંદા પાણી સુકાયા નહીં હોવાથી બુધવારે કામગીરી કરાઈ નહતી. સાબરમતી રિવરફ્રન્ટનો પહેલો ફેઝ વર્ષ-૨૦૦૩-૦૪માં શરુ કરાયો એ પહેલા નદી ખાલી કરી તેમાં રહેલો કાંપ કાઢવામાં આવ્યો હતો.



બે દાયકાથી નદીના કાંપને કાઢીને કયારેય સફાઈ કરાઈ નથી. સાબરમતી નદીની સફાઈના નામે આજથી વધુ એક તરકટ કરાશે. ચોમાસા અગાઉ વાસણા બેરેજના દરવાજાની મરામત શરુ કરવામાં આવી છે.બેરેજના દરવાજાની મરામત ૫ જુન સુધીમાં પુરી કરાશે.ઉપરાંત બેરેજના ઉપરવાસમાં માટીનો રેમ્પ બનાવાનો હોવાથી નદી ખાલી કરાઈ છે.૧૪ મેથી નદીનો પટ જેમ જેમ સુકાશે એમ નદીની સફાઈ કરાશે.એ પ્રકારની જાહેરાત મ્યુનિસિપલ તંત્ર તરફથી કરવામાં આવી હતી.બીજી તરફ સાબરમતી નદીની સફાઈને લઈ તંત્રની બેદરકારી છતી થઈ હતી. નદી સફાઈ કરવા અંગે જાહેરાત કર્યા પછી પણ તંત્ર તરફથી કોઈ મશીનરી કે કર્મચારીઓને નદીની સફાઈ કામગીરી માટે મોકલાયા જ નહતા. સાબરમતી રિવરફ્રન્ટ અને સોલિડ વેસ્ટ વિભાગ વચ્ચે કોઈ સંકલન જોવા મળ્યુ નહતુ.નદીમાં ગટરના ગંદા પાણીને લઈ સફાઈ થઈ શકે એમ નહીં શકે એમ લાગતા અધિકારીઓએ પણ ચૂપકીદી સેવી લીધી હતી.

ગુરુવારે સવારથી સફાઈની કામગીરી શરુ કરાશે એમ કહેવાયુ છે. સાબરમતી નદી સફાઈના નેતાઓ ફોટા પડાવી સોશિયલ મિડીયા ઉપર મુકશે

સાબરમતી નદીની સફાઈની કામગીરીમાં પણ રાજકીય જશ ખાટવા પ્રયાસ કરાયો છે. ૧૪ મેથી સફાઈની કામગીરી શરુ કરવાની જાહેરાત કરનાર મ્યુનિ.તંત્રે ૧૫મેની સવારે ગાંધીઆશ્રમના પાછળના ભાગથી શહેરના મેયર સહિત મ્યુનિ.પદાધિકારીઓ દ્વારા સફાઈ કામગીરી શરુ કરાવાશે એવી જાહેરાત કરી છે.આ નેતાઓ નદી સફાઈના નામે ફોટા પડાવી સોશિયલ મિડીયા ઉપર મુકીને તેમની વાહ-વાહી કરાવશે.નદીમાં ગટરના ગંદા પાણીને લઈ સફાઈ થઈ શકે એમ નહીં શકે એમ લાગતા અધિકારીઓએ પણ ચૂપકીદી સેવી લીધી હતી.

## મફત કાનૂની સહાય માટે આવક મર્યાદામાં કરાયો વધારો, 13 વર્ષે 1 લાખથી વધારી 3 લાખ કરાઈ



રાજ્યના નબળા અને ગરીબ-મધ્યમ વર્ગના નાગરિકોને મફત કાનૂની સહાય માટેની આવક મર્યાદામાં સરકાર દ્વારા વધારો કરવામા આવ્યો છે. આવક મર્યાદા 1 લાખથી વધારીને 3 લાખ રૂપિયા કરવામા આવી છે. આ પણ વાંચોઃ ગુજરાતમાં આજે પણ છૂટાછવાયા માવઠાંનું એલર્ટ, છેલ્લા 24 કલાકમાં 5 જિલ્લામાં કમોસમી વરસાદ કોને મળે છે મફત કાનૂની સહાય? કાનૂની સેવા સત્તામંડળની રચના કરવાના હેતસુર ધ લીગલ સર્વિસ ઓથોરિટી 1987 અનુસાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ 1997નો કાયદો હાલ ગુજરાતમાં અમલી છે. આ કાયદાની કલમ-12 મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના તેમજ મહિલાઓ, બાળકો અને દિવ્યાંગોથી માંડી ઔદ્યોગિક કામદારો તેમજ નિર્ધારિત આવક મર્યાદા કરતા ઓછી આવક ધરાવતા વ્યક્તિને મફત કાનૂની સહાય આપવામાં આવે છે. આ પણ વાંચોઃ પત્ની દ્વારા આત્મહત્યાનો પ્રયાસ એ પતિ પર ભયંકર માનસિક ત્રાસ અને ક્રૂરતાઃ હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો મોંઘવારી વધતા આવક મર્યાદામાં કરાયો ફેરફાર મોંઘવારી વધતા વર્ષ 2012માં નિયમ-20માં સુધારો કરીને રાજ્ય સરકાર દ્વારા કાનૂની સહાય મેળવવા માટેની આવક મર્યાદા વધારીને એક લાખ કરવામાં આવી હતી.

## ગુજરાતમાં આજે પણ છૂટાછવાયા માવઠાંનું એલર્ટ, છેલ્લા 24 કલાકમાં 5 જિલ્લામાં કમોસમી વરસાદ

હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગત એક અઠવાડિયાથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. જેથી છેલ્લા 24 કલાકમાં રાજ્યના મોટાભાગના વિસ્તારમાં વરસાદ થઈ રહ્યો છે. બુધવારે સાબરકાંઠા, ડાંગ, વલસાડ, દાહોદ અને બોટાદ સહિતના 5 જિલ્લામાં વરસાદ નોંધાયો હતો. આજે પણ ગુજરાતમાં છૂટાછવાયા હળવા વરસાદનું યલો એલર્ટ જારી કરાયું છે. બીજી તરફ હાલ ખેડૂતો ટનબંધ કૃષિ જણસ વેચવા માટે યાર્ડમાં લાવતા હોય અને માવઠાંના માહોલના પગલે આ





કૃષિપેદાશો ઢાંકીને લાવવા,રાખવા સૂચના જાહેર કરાઈ છે.

હવામાન વિભાગની આગાહી મુજબ બુધવારે દાહોદ તાલુકામાં 0.75 ઈંચ, ઝાલોદમાં 0.71 ઈંચ, ડાંગ-આહવા તાલુકામાં 0.12 ઈંચ અને વઘઈમાં 0.28 ઈંચ, સુબીરમાં 0.4 ઈંચ, બોટાદના ગઢડા તાલુકામાં 0.16 ઈંચ, રાણપુર તાલુકામાં 0.4 ઈંચ વરસાદ નોંધાયો હતો.

હળવા ઝાપટાં અને ગાજવીજ સાથે વરસાદની આગાહી સૌરાષ્ટ્રમાં જેમાં મોટાભાગે વાદળો, ભેજ, ઠંડક હોય તેવો વાતાવરણનો નીચા દબાણનો વિસ્તાર એટલે કે ટ્રોફની સિસ્ટમ ગઈકાલે પ્રબળ હતી તે આજે મંદ પડી છે પરંતુ, તે સાથે ગુજરાત ઉપર ઉપરી હવાની ચક્રાકાર ગતિ સર્જાઈ છે. હવામાન વિભાગે આજે રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવ, ભરુચ, સુરત, નવસારી, વલસાડ વડોદરા સહિત વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળે હળવા ઝાપટાં ગાજવીજ સાથે વરસવાની આગાહી કરવામાં આવી છે. તાપમાનમાં વધારો જો કે, વલસાડ પંથકમાં એક ઈંચ વરસાદને બાદ કરતાં સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદનો એકંદરે વિરામ રહ્યો હતો અને તેના પગલે તાપમાનમાં વધારો થયો છે. રાજકોટ 40.6, સુરેન્દ્રનગર 40.8, કંડલા 40 સે. સાથે એકાદ સપ્તાહ બાદ ફરી પારો 40 સે.ને પાર થયો છે. મૌસમ વિભાગ અનુસાર આગામી ચાર દિવસમાં આ તાપમાનમાં 4 સે. સુધી વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગે આજે રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવ, ભરુચ, સુરત, નવસારી, વલસાડ વડોદરા સહિત વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળે.

## ધારાસભ્ય કાંધલ જાડેજાના કાકી સામે વધુ એક ફરિયાદ, 14 ખાતા ખોલી વિવિધ રાજ્યોના લોકો સાથે કરોડોની છેતરપિંડીનો આરોપ

ધારાસભ્ય કાંધલ જાડેજાના કાકી હિરલબા જાડેજા સામે વધુ એક ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોરબંદરમાં હિરલબા જાડેજા સહિત 6 લોકો સામે સાયબર ફ્રોડની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સાયબર ક્રાઈમે પોતે ફરિયાદી બની આ અંગે કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદમાં બેન્કના ખાતા ખોલી સાયબર ફ્રોડ કર્યો હોવાનો ઉલ્લેખ કરાયો છે. જેમાં નોંધવામાં આવ્યું છે કે, વિવિધ બેન્કના 14 ખાતા ખોલી અલગ-અલગ રાજ્યના લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. પોરબંદરની કોટક બેન્કમાં 35.7 લાખ ખાતામાં મેળવીને સગેવગે કર્યા હતાં. આ સિવાય કર્ણાટક, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને આંધ્રપ્રદેશમાં પણ 4 કરોડની છેતરપિંડીનો આરોપ લગાવવામાં આવ્યો છે.સાયબર ક્રાઈમે ફરિયાદી બની દાખલ કર્યો ગુનોસમગ્ર બાબતે પોલીસે વિગત આપતા જણાવ્યું કે, હિરલબા જાડેજા અને તેમના અન્ય કેટલાંક સાથીદારોએ નાના-નાના માણસોના બેન્ક એકાઉન્ટ ખોલાવ્યા અને તેમાં દેશના અલગ-અલગ રાજ્યોમાં જે સાયબર ક્રાઈમ થઈ રહ્યો છે, તે સાયબર ક્રાઈમ દ્વારા મેળવેલી રકમ આ એકાઉન્ટમાં જમા કરવામાં આવતી હતી. સાયબર ક્રાઈમની કેન્દ્રીય લેવલની જે સિન્ડિકેટ છે, તે અંતર્ગત આ એક ગંભીર પ્રકારનો ગુનો છે. તેથી,



ક્રાઈમ બ્રાન્ચે હિરલબા જાડેજા અને તેમની સાથે જોડાયેલા અન્ય લોકો હિતેશ વડોદરા, પાર સોંગેલા, મોહન વાજા, અજય ચૌહાણ અને રાજુ મેર સામે IPC ની કલમ 411, 413, 420, 120(B) અને IT એક્ટની કલમ 66 (B) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ પણ વાંચોઃ મફત કાનૂની સહાય માટે આવક મર્યાદામાં કરાયો વધારો, 13 વર્ષે 1 લાખથી વધારી 3 લાખ કરાઈઅગાઉના કેસમાં જેલમાં છે હિરલબાબ જાડેજાનોંધનીય છે કે, હિરલબા જાડેજા પહેલાંથી અપહરણ અને ગોંધી રાખવાના કેસમાં જેલમાં છે. જેમાં મૂળ પોરબંદર અહિને હાલ ઈઝરાયલમાં રહેતી એક મહિલાનો વીડિયો વાઈરલ થયો હતો. જેમાં લીલુ ઉડેદરા નામની આ મહિલાએ હિરલબા પર પૈસાની ઉઘરાણીનો આરોપ લગાવ્યો હતો. જેમાં તેણે કહ્યું હતું કે, 'મારા ઘરના અત્યારે ખૂબ જ મુશ્કેલીમાં છે. મારા ઘરના લોકોની 15-17 દિવસ પહેલાં રાત્રે બે વાગ્યે હિરલબાના માણસો પૈસાના વહીવટ બાબતે લઈ ગયા છે અને ત્યાં ગોંધી રાખ્યા છે. મારા પર એક કરોડ લીધાનો દાવો કરે છે. મેં તેની પાસેથી કોઈ એક કરોડ લીધા નથી. તે લોકો મારા ઘરના પણ નથી છોડતા. મને એવું કહે છે કે, પૈસાનો બંદોબસ્ત કર તો જ ઘરના બચી શકશે. મેં બધાયના હાથ-પગ જોડી લીધા છે. તેમ છતાં કોઈને છોડતા નથી. મારા ઘરનાને બચાવો...' આ પણ વાંચોઃ રકઝક બાદ દિવ્યાંગને ચાલુ ટ્રેનમાંથી ફેંકી દીધો, જામનગરમાં બ્રિજ નીચેથી મૃતદેહ મળવા મામલે મોટો ખુલાસોપોલીસે કરી ધરપકડમહિલાએ આરોપ લગાવ્યો હતો કે, આ ગીતાબાએ મારા પતિ ભનાભાઈ ઓડેદરા, જમાઈ તેમજ દીકરા રણજીતનનું અપહરણ કરાવ્યું છે. સમગ્ર ઘટના સામે આવ્યા બાદ પોલીસે અપહરણ, જમીન-પ્લોટ, દાગીના આપી દેવા દબાણ, જામથી મારી નાંખવાની ધમકી, પૈસા કઢાવવા માટે ગોંધી રાખવા મામલે ગુનો દાખલ કરી હિરલબા જાડેજાની ધરપકડ કરી હતી.

## નાર્કોટિક્સના કેસમાં ભગાપુરા ગામના આરોપીને 10 વર્ષની સખત કેદની સજા



નડિયાદ તાલુકાના ચકલાસી તાબેના ભગાપુરાના શખ્સને પોશડાડાના જથ્થા સાથે ચકલાસી પોલીસે ઝડપી પાડયો હતો. આ નાર્કોટિકસનો ગુનો કેસ નડિયાદને સ્પેશિયલ કોર્ટમાં ચાલી જતા સેશન્સ કોર્ટના જજે આરોપીને દસ વર્ષની કેદની સજા તથા રૂપિયા એક લાખ દંડનો હુકમ કર્યો છે. ચકલાસી ગામેથી ભગતપુરા તાબે તા-૧૩/૦૪/૨૦૨૨ ના રોજ આરોપી મનુભાઇ દેસાઈભાઇ વાઘેલા (રહે. ભગાપુરા, તાબે ચકલાસી, તા. નડિઆદ)એ મકાનમાં ત્રણ પ્લાસ્ટિકના મીણીયાના કોથળામાં પોશડોડાનો જથ્થો અને પોશડોડાનો ભૂકો વેચાણ કરવાના ઈરાદે મકાનમાં રાખતા પકડાયો હતો. પોલીસે પોશડોડાનો ભૂકો તથા વજનકાંટો મળી કુલ કિંમત રૂ. ૧,૩૫,૦૦૦ નો મુદામાલ પોતાના મકાનમાં પાસ પરમીટ વગર રાખી પકડાઈ જતા ચકલાસી પોલીસે એન. ડી. પી. એસ. હેઠળ ફરિયાદ નોંધી હતી અને આરોપીને તા-૧૪/૦૪/૨૦૨૨ ના રોજ ધરપકડ કરી કોર્ટમાં રજુ કર્યો હતો. આ નાર્કોટિક્સ કેસની ચાર્જશીટ ખેડા જિલ્લાના સ્પેશિયલ કોર્ટના જજ (એન.ડી.પી.એસ.) પી. પી. પુરોહિતની કોર્ટમાં રજૂ થઈ હતી.

## આણંદના વાંસ ખીલીયા ગામના યુવકનું કેનેડામાં હાર્ટ એટેકથી મોત



કેનેડામાં એક ગુજરાતી યુવકનું હાર્ટ એટેકના કારણે મોત થયું હતું. આણંદ તાલુકાના વાંસ ખીલીયા ગામના ૨૨ વર્ષીય યુવકનું આકસ્મિક મોત થતાં સમગ્ર ગામમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. દેવ પટેલના પાથવ દેહને માદરે વતન લાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આણંદ તાલુકાના વાંસ ખીલીયા ગામના ૨૨ વર્ષીય દેવ પટેલ લગભગ આઠ માસ પૂર્વે સ્ટુડન્ટ વિઝા ઉપર કેનેડા ગયો હતો. ગત સપ્તાહમાં જ દેવ પટેલે પોતાના પરિવારજનો સાથે વાતચીત કરી હતી. દરમિયાન આઠમી મેના રોજ અચાનક જ દેવ પટેલનું હાર્ટ અટેકના કારણે મોત નીપજતા પરિવારજનો શોકમગ્ન બની ગયા છે. છેલ્લા પંદરેક દિવસમાં કેનેડામાં આ ચોથા ઈન્ડિયનનું હાર્ટ અટેકને કારણે અકાળે અવસાન થયું છે તેવું કેનેડામાં રહેતા અને સંસ્થાના પ્રેસિડેન્ટે પોતાની ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું. તેમણે સાવ નાની વયે કેનેડામાં હાર્ટએટેકમાં પોતાનો જીવ ગુમાવનારા ઈન્ડિયન્સ વિશે ચિંતા પણ વ્યક્ત કરી હતી. દેવ પટેલના પાથવ દેહને માદરે વતન લાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. મૃતક યુવકના મૃતદેહ વતન પરત મોકલવા માટે હાલ ક્રાઉડફન્ડિંગ કરવામાં આવી રહ્યું છે.

# રકઝક બાદ દિવ્યાંગને ચાલુ ટ્રેનમાંથી ફેંકી દીધો, જામનગરમાં બ્રિજ નીચેથી મૃતદેહ મળવા મામલે મોટો ખુલાસો

જામનગરના ગુલાબ નગર રેલવે ઓવરબ્રિજ નીચેથી બુધવારે (14 મે) એક માનવ મૃતદેહ મળી આવ્યો હતો.

મૃતકની ઓળખ બાદ તપાસ હાથ ધરતા હત્યાનો બનાવ સામે આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, પોરબંદરથી વડોદરા જતી વખતે દિવ્યાંગના ડબ્બામાં ઘુસેલા બે શખસોએ રકઝક કર્યા બાદ તેમણે મૃતક દિવ્યાંગને ઊંચકીને નીચે ફેંકી દેતા તેને હેમરેજ થતા મોત નિપજ્યું હતું. જોકે, આ વિશે મૃતકની સાથે મુસાફરી કરી રહેલા અન્ય દિવ્યાંગ યુવાનની ફરિયાદના આધારે બે શખસો સામે ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરવામાં આવી છે. શું હતી ઘટના? જામનગરના રેલવે ઓવરબ્રિજ નજીકથી બુધવારે માનવ મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે પોલીસ તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો અને તે વડોદરાના એક દિવ્યાંગ હોવાનું સામે આવ્યું હતું. ગઈકાલે રાત્રે પોરબંદરથી આવેલી ટ્રેનમાં દિવ્યાંગના ડબ્બામાં મુસાફરી કરી રહેલા વડોદરાના 35 વર્ષીય હિતેશભાઈ મિસ્ત્રી કે જેઓ જામનગર રેલવે સ્ટેશન પર ચાલુ ટ્રેનમાંથી ક્યાંક લાપતા થઈ ગયા હતાં. ત્યારબાદ જામનગર રેલવે પોલીસ વિભાગના પોલીસ ઈન્સપેક્ટર પી.બી વેગડા અને તેમની ટીમે આ મામલે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન વહેલી સવારે છ વાગ્યે જામનગરના ગુલાબ નગર ઓવરબ્રિજ નીચેથી એક મૃતદેહ મળી આવ્યો હતો. રેલવે પોલીસે તેનું નિરીક્ષણ કરતાં તે મૃતદેહ



હિતેશભાઈ મિસ્ત્રીનો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેનું જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં લઈ જઈ પોસ્ટ મોર્ટમ કરાવ્યું હતું. પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં તેમને માથામાં ઈજા થઈ હોવાના કારણે મૃત્યુ નીપજ્યાનું તારણ આવ્યું હતું. જેથી તેઓને ટ્રેનમાંથી ફેંકી દઈ આ બનાવ હત્યામાં પલટાયો હોવાનું પોલીસે તારણ કાઢ્યું હતું. ફરિયાદીએ જણાવી સમગ્ર વિગત ત્યારબાદ રેલવેની ટીમ દ્વારા સમગ્ર મામલામાં ઊંડાણપૂર્વકની તપાસ ચલાવતાં જામનગરના બેડેશ્વર વિસ્તારમાં રહેતો 35 વર્ષીય હાજી અયુબ કાતીયા તેમજ એકડે એક બાપુની દરગાહ પાસે રહેતો 35 વર્ષીય સદામ કાસમભાઈ કાચલીયાની અટકાયત કરવામાં આવી. આ બંને શખસ વિકલાંગના ડબ્બામાં ચઢ્યા હતાં. આ બંને દ્વારા મૃતક અને ફરિયાદી બંનેને ડબ્બામાંથી ઉતરી જવાનું કહેતા રકઝક થઈ હતી. ત્યારબાદ મામલો હિંસક થતાં ઝપાઝપી શરૂ કરવામાં આવી હતી, જેથી ફરિયાદી પાઉલભાઈ જામનગરના રેલવે સ્ટેશન પર ઉતરીને પોલીસનો સંપર્ક કરવા માટે ગયા હતા.

જ્યારે હિતેશભાઈ તેમની સાથે ઝગડો કરી રહ્યા હતા. આ દરમિયાન એકાએક ટ્રેન ચાલુ થઈ જતાં પાઉલભાઈ અન્ય ડબ્બામાં ચઢી ગયા હતા અને હાપા રેલવે સ્ટેશન સુધી પહોંચ્યા બાદ વિકલાંગના ડબ્બામાં જઈને નિરીક્ષણ કરતાં ઉપરોક્ત બંને શખસો અને હિતેશભાઈ ગાયબ થઈ ગયા હતા.ત્યારબાદ તેમણે હાપા રેલવે સ્ટેશન પર ઉતરીને ફરીથી પોલીસનો સંપર્ક કર્યો હતો અને હિતેશભાઈ ચાલુ ટ્રેનમાંથી ગુમ થઈ ગયા હોવાની જાણ કરી હતી. ફરિયાદના આધારે જામનગર રેલવે પોલીસ ટુકડીએ હિતેશભાઈની શોધખોળ કર્યા બાદ વહેલી સવારે 6 વાગ્યા બાદ તેમનો મૃતદેહ મળી આવ્યો હતો અને સમગ્ર મામલામાં આ બનાવ હત્યાનો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.રેલવે પોલીસે તાત્કાલિક અસરથી ઊંડાણપૂર્વકની તપાસ કર્યા બાદ બંને આરોપીઓ હાજી અયુબ અને સદામ કાસમને શોધી લીધા હતા. બંનેની પૂછપરછ કરતાં બંનેએ હિતેશભાઈ સાથે ઝઘડો કર્યા પછી તેને નીચે ફેંકી હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. હાલ રેલવે પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને રિમાન્ડ પર લેવા કાર્યવાહી હાથ ધરી છે.

## ભાવનગરમાં 2,065 કરદાતાએ કુલ રૂા. 1.06 લાખનો વ્યવસાય વેરો ભર્યો




ભાવનગર મહાપાલિકા દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં વ્યવસાય વેરો વસુલવાની કાર્યવાહી હાથ ધરી છે, જેના પગલે સવા માસમાં મહાપાલિકાને વ્યવસાય વેરાની કુલ રૂા. ૧.૦૬ લાખની આવક થઈ છે અને આવક હજુ આગામી દિવસોમાં વધશે. હજુ ઘણા વેપારીઓએ વ્યવસાય વેરો ભર્યો નથી.

મહાપાલિકામાં મિલકત વેરામાં રિબેટ યોજના આપવામાં આવે છે, જેના પગલે કરદાતાઓ ફટાફટ મિલકત વેરો ભરતા હોય છે અને મહાપાલિકાને મિલકત વેરાની આવક પણ સારી થતી હોય છે પરંતુ વ્યવસાય વેરામાં આવી કોઈ યોજના જાહેર કરવામાં આવતી નથી તેથી વ્યવસાય વેરો ભરવામાં વેપારીઓ ઉતાવળ કરતા નથી. નવા નાણાંકીય વર્ષમાં વ્યવસાય વેરો વસુલવા માટે મહાપાલિકાએ કાર્યવાહી હાથ ધરી છે અને વેપારીઓને મોબાઈલ પર મેસેજ કરવામાં આવી રહ્યા છે તેમજ બિલ આપવાનુ પણ ચાલુ માસથી શરૂ કરવામાં આવેલ છે. મહાપાલિકામાં ગત તા. ૧ એપ્રિલથી ગત તા. ૧૨ મે-૨૦૨૫ સુધીમાં કુલ ૨૦૬૫ કરદાતાએ રૂા. ૧,૦૬,૩૭,૯૩૨ નો વ્યવસાય વેરો ભર્યો છે.

હાલ મહાપાલિકાના વ્યવસાય વેરા વિભાગના ચોપડે કુલ ૧૬,૧૯૦ કરદાતાઓ નોંધાયેલા છે, જેમાંથી હજુ મોટાભાગના કરદાતાએ વ્યવસાય વેરો ભર્યો નથી. વ્યવસાય વેરો સમયસર ભરી દેવા માટે વ્યવસાય વેરા વિભાગના અધિકારીએ અનુરોધ કર્યો છે. વ્યવસાય વેરો વસુલવા માટે આગામી દિવસોમાં ભાવનગર મહાપાલિકા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. નવા ખાતા ખોલવા માટે વ્યવસાય વિભાગ દ્વારા સર્વે પણ કરવામાં આવી રહ્યો છે અને વેપારીઓને રજીસ્ટ્રેશન કરવા પણ જણાવવામાં આવી રહ્યુ છે.

## અમદાવાદના એસજી હાઈવે પર અકસ્માત જોવા ઉભેલા ટોળાને એક્ટિવા ચાલકે અડફેટે લેતાં 3ને ઈજા



અમદાવાદ સહિત રાજ્યભરમાં હિટ એન્ડ રનના અકસ્માતો સતત વધી રહ્યા છે. ત્યારે બુધવારે રાત્રે વધુ પેલેડિયમ મોલ પાસે આવેલા બ્રિજ વધુ એક અકસ્માત સર્જાયો છે. બાઈક પર સવાર યુવકને કારે ટક્કર મારતાં ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જાતા બ્રિજ પર લોકોનું ટોળું એકઠું થઈ ગયું. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક્ટિવા ચાલક ઘૂસી જતાં અકસ્માત જોવા ઉભેલા ત્રણ લોકોને નાની-મોટી ઈજા પહોંચતાં તમામને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર રાહુલ ભાટીયા નામનો યુવક બાઈક લઈને પેલેડિયમ મોલ પાસે આવેલા બ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન અજાણ્યા કાર ચાલકે યુવકને ટક્કર મારી ઈજા પહોંચાડી હતી. અકસ્માત સર્જાતા બ્રિજ પર લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. આ સમયે થલતેજ તરફ પૂરપાટ ઝડપે આવી રહેલા એક્ટિવા ચાલકે અકસ્માત જોવા ઉભેલા ત્રણ ચાર લોકોને અડફેટે લીધા હતા અને નાની મોટી ઈજાઓ પહોંચાડી હતી. જેને લઈને ટ્રાફિક પોલીસે હિટ એન્ડ રન અને એક્ટિવાચાલક વિરુદ્ધ બે અલગ-અલગ ગુના નોંધી તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે 20 જુલાઈ 2023ના રોજ તથ્ય પટેલ નામના યુવકે ઈસ્કોન બ્રિજ પર અકસ્માત જોવા ઉભેલા 9 લોકો કચડી નાખ્યા હતા. આ અકસ્માતના ખૂબ ચર્ચામાં રહ્યો હતો. બે વર્ષમાં હિટ એન્ડ રનની 739 ઘટનામાં 345ના મોત પહેલી જાન્યુઆરી 2023થી 31મી ડિસેમ્બર 2024 દરમિયાન અમદાવાદ શહેરમાં 344, અમદાવાદ ગ્રામ્યમાં 395 હિટ એન્ડ રનના બનાવ નોંધાયા છે. જેમાં અમદાવાદ શહેરથી 117, અમદાવાદ ગ્રામ્યથી 228 વ્યક્તિના મૃત્યુ થયા છે. આ સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં હિટ એન્ડ રનથી 345 વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. હિટ એન્ડ રન મામલે અમદાવાદ શહેરમાંથી 88, ગ્રામ્યમાંથી 243 એમ કુલ 331 ધરપકડ કરાઈ છે. જેમાંથી અમદાવાદ શહેરમાંથી 344, ગ્રામ્યમાંથી 395 સામે પોલીસ કેસ કરાયા છે.

## મહુધાના ફિણાવમાં ૩૫ પરિવારો વર્ષોથી પાકા રસ્તાથી હજુ વંચિત



મહુધાના ફિણાવ ગામમાં પાકા રોડના અભાવે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને સ્થાનિક તંત્રથી લઈને મુખ્યમંત્રી સુધી રજુઆતો કરવામાં આવી છતાં પણ ઉકેલ આવ્યો નથી.

મહુધાના ફિણાવ ગામના વજાપુરા વિસ્તારમાં દેવીપૂજક સમાજના ૩૫થી વધુ પરિવારો વસવાટ કરે છે. જેમાં ૫૦૦થી વધુ નાગરિકો પોતાની પેઢીઓથી મળેલી જમીનમાં રહે છે. આ વિસ્તારમાંથી ગામ સુધી જવાનો પાક્કો રસ્તો થી.નાગરિકો ખેતર અને કાચી નાળીવાળા રસ્તે પસાર થવા મજબૂર બન્યા છે. બાળકોને શાળાએ જવાથી માંડી દૂધ ભરવા માટે ડેરી જવા માટે પણ કાચા રસ્તાનો ઉપયોગ કરવો પડે છે. ખાસ કરીને માર્ગ પર ચોમાસામાં પાણી ભરાવા ઉપરાંત કાદવ કિચડમાંથી નાગરિકોને પસાર થવાની નોબત આવે છે. આ વિકટ સ્થિતિ વચ્ચે સ્થાનિક લોકોએ તાલુકાથી લઈ મુખ્યમંત્રી સુધી રજૂઆતો કરી છે પણ ઉકેલા આવ્યો નથી. આ વિસ્તારના પદાધિકારીઓ પણ રોડ બનાવવામાં રસ ના લેતા હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે.

## સાબરમતીના શુદ્ધિકરણનો પહેલા દિવસે ફિયાસ્કો: સફાઈના નામે આજે વધુ એક તરકટ કરાશે



સાબરમતી નદીની બુધવારથી સફાઈ કરવાની મ્યુનિ.તંત્રની જાહેરાતનો પહેલા જ દિવસે ફિયાસ્કો થયો હતો. નદીમાં વહેતા થયેલા ગટરના ગંદા પાણી સૂકાયા નહીં હોવાથી બુધવારે કામગીરી કરાઈ નહતી. સાબરમતી રિવરફ્રન્ટનો પહેલો ફેઝ વર્ષ-2003-04માં શરુ કરાયો એ પહેલા નદી ખાલી કરી તેમાં રહેલો કાંપ કાઢવામાં આવ્યો હતો. બે દાયકાથી નદીના કાંપને કાઢીને ક્યારેય સફાઈ કરાઈ નથી. સાબરમતી નદીની સફાઈના નામે આજથી વધુ એક તરકટ કરાશે. ચોમાસા અગાઉ વાસણા બેરેજના દરવાજાની મરામત શરુ કરવામાં આવી છે.

બેરેજના દરવાજાની મરામત 5 જુન સુધીમાં પૂરી કરાશે. ઉપરાંત બેરેજના ઉપરવાસમાં માટીનો રેમ્પ બનાવવાનો હોવાથી નદી ખાલી કરાઈ છે. 14 મેથી નદીનો પટ જેમ જેમ સૂકાશે એમ નદીની સફાઈ કરાશે. એ પ્રકારની જાહેરાત મ્યુનિસિપલ તંત્ર તરફથી કરવામાં આવી હતી. બીજી તરફ સાબરમતી નદીની સફાઈને લઈ તંત્રની બેદરકારી છતી થઈ હતી. નદી સફાઈ કરવા અંગેની જાહેરાત કર્યા પછી પણ તંત્ર તરફથી કોઈ મશીનરી કે કર્મચારીઓને નદીની સફાઈ કામગીરી માટે મોકલાયા જ ન હતા.

સાબરમતી રિવરફ્રન્ટ અને સોલિડ વેસ્ટ વિભાગ વચ્ચે કોઈ સંકલન જોવા મળ્યું ન હતું. નદીમાં ગટરના ગંદા પાણીને લઈ સફાઈ થઈ શકે એમ નહીં શકે એમ લાગતાં અધિકારીઓએ પણ ચૂપકીદી સેવી લીધી હતી. આજે (ગુરુવારે) સવારથી સફાઈની કામગીરી શરુ કરાશે એમ કહેવાયું છે.

## હીરાપુરા પાટિયા પાસે કારે બાઈકને અડફેટે લેતા બેનાં મોત




કપડવંજના હીરાપુરા પાટિયા પાસે કારે બાઈકને અડફેટે લેતા બે યુવકોને મોત થયા હતા. બંને યુવકોને પીએમ માટે કઠલાલ ખસેડવામાં આવ્યા હતા. તાલુકાના હીરાપુરા પાટિકા પાસે બાઈક સવાર સંજય રાયમલસિંહ ઝાલા (ઉ.વ.૩૪, રહે.નારાજીના મુવાડા,બોરોલ ) બળવંતભાઈ શિવાભાઈ ઝાલા ( ઉ.વ. ૪૦, રહે.નારાજીના મુવાડા,બોરોલ )ને કાર ચાલકે બેદરકારીથી હંકારીને અડફેટે લીધા હતી અને કારના ચાલકે રોંગ સાઈડમાં આવીને બાઈકને ટક્કર મારતા પાંચ ફૂટ સુધી બાઈકને ઢસડી હતી. આ અકસ્માતમાં બે યુવકોના મોત થયા હતા. બંનેના મૃતદેહ કઠલાલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો.અકસ્માત સર્જીને કાર ચાલક નાસી છૂટયો હતો. આ મામલે કપડવંજ રૂરલ પોલીસ કાર્યવાહી હાથ ધરી હતી.

## ધંધુકા ન.પા.નું બજેટ સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ કર્યા વગર મંજૂર કર્યાનો આક્ષેપ

**સામાન્ય સભામાં જે પ્રસ્તાવ પેન્ડિંગ રાખવાનું ઠરાવાયું હતું તે ઠરાવ પાછળથી લખી નખાયો હોવાનો વિવાદ**

**નગરપાલિકાના વિપક્ષી સભ્યોએ પ્રમુખ અને ચીફ ઓફિસર વિરૂદ્ધ કાર્યવાહીની માંગણી કરી**




ધંધુકા નગરપાલિકાની સામાન્ય સભામાં જે પ્રસ્તાવ પેન્ડિંગ રાખવાનું ઠરાવાયું હતું તે પાછળથી લખી નખાતા વિવાદ સર્જાયો છે તો સાથે સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ કર્યા વગર બજેટ મંજૂર કરાયાના આક્ષેપ સાથે અપક્ષ સભ્યોએ પ્રમુખ અને ચીફ ઓફિસર સામે કાર્યવાહી કરવાની માંગણી કરાઈ છે. જ્યારે સામાન્ય સભામાં ભાજપ શાસીત ન.પા.ની વિવિધ સમિતીની રચના કરાઈ હતી. ધંધુકા નગરપાલિકામાં ૨૮ ઉના રોજ જે સામાન્ય સભા મળી હતી તેમાં સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ કર્યા વગર જ બજેટ પ્રમુખ દ્વારા સીધે સીધું સામાન્ય સભામાં રજૂ કરી બહુમતીથી મંજૂર કરી દેવામાં આવ્યું હતું જેને લઈ પાલિકાના અપક્ષ સદસ્ય બલભદ્ર વૈષ્ણવ દ્વારા પ્રાદેશિક કમિશનરને લેખિતમાં રજૂઆત કરી નગરપાલિકા અધિનિયમની કલમ ૨૫૮(૧) મુજબ પ્રમુખ અને ચીફ ઓફિસર સામે કાર્યવાહી અંગે ફરિયાદ દાખલ કરવામાં આવી છે તો આજ સામાન્ય સભામાં થયેલ ઠરાવ નં-૪માં પ્રમુખે રજૂ કર્યો હતો જે પેન્ડિંગ રાખવાનું ઠરાવવામાં આવ્યું હતુ છતાં સત્તાના જોરે પ્રમુખ દ્વારા આ ઠરાવ પાછળથી લખાવી દીધો હોવાથી કોગ્રેસના સદસ્ય મહામદુ રજા બુખારી દ્વારા પ્રાદેશિક કમિશનરની કચેરીમાં પાલિકા અધિનિયમ ૨૫૮(૧)નું ઉલ્લંઘન થતું હોવાનું જણાવી ફરિયાદ કરવામાં આવી છે. ધંધુકા નગરપાલિકામાં ગત ૨૮ માર્ચના રોજ મળેલી સભામાં પ્રમુખ દ્વારા બજેટ સહિત અન્ય મુદ્દાઓ મૂકવામાં આવ્યા હતા જેમાં વિપક્ષ દ્વારા બજેટ કારોબારી સમિતિમાં મૂકવામાં આવ્યું છે કે નહીં તે અંગે સવાલ પૂછાતા સત્તા પક્ષ તરફથી કોઈ યોગ્ય પ્રત્યુતર આપ્યા વગર જ સામાન્ય સભામાં બહુમતીથી બજેટને મંજૂરી આપી દેવામાં આવી હતી.

## વઢવાણના યુવાનને પૈસાની ઉઘરાણીમાં કેનાલમાં ધક્કો આપી મારી નાખવાનો પ્રસાય




સુરેન્દ્રનગરઃ વઢવાણમાં રહેતા એક યુવાને એક મિત્ર પાસેથી બીજા મિત્રને રૂા.૨૦,૦૦૦ વ્યાજે અપાવ્યા હતા. જેમાં તે વચ્ચે રહ્યો હતો નાણા લેનાર મિત્ર રૂપિયા ન આપતા રૂપિયા આપનારે યુવાનને કેનાલ લઈ જઈ ધક્કો મારી જાનથી મારી નાંખવાની કોશીશ કર્યાની પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. વઢવાણની ઉમીયા ટાઉનશીપ નં.૭ની સામે રહેતા વિક્રમભાઈ ચંદુભાઈ પીપળીયાએ મિત્ર નરેન્દ્ર ઉર્ફે ભુરો મનસુખભાઈ માધરને રૂપિયાની જરૂર પડતા એક વર્ષ બીજા મિત્ર વાલમ પાર્કમાં રહેતા ક્રિષ્નપાલસિંહ ઉર્ફે કાનભા ધર્મેન્દ્રસિંહ જાડેજા પાસેથી રૂપિયા ૨૦,૦૦૦ અપાવ્યા હતા. બાદમાં નરેન્દ્રએ આ રૂપિયા પરત આપ્યા ન હતા. તા.૧૧ મેના રોજ રાત્રે કાનભા એક્ટીવા લઈને વિક્રમભાઈના ઘરે ગયા હતા અને તેઓને કામ છે ચાલ સાથે તેમ કહી રતનપર નજીક નર્મદા કેનાલે લઈ જઈ મારા રૂપિયા તુ આપી દે નહિંતર જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યાંથી એક્ટીવા પર દુધરેજ કેનાલે લઈ જઈ મારમારી કેનાલમાં ધક્કો મારી દીધો હતો અને એક્ટીવા લઈ નાસી છુટયો હતો. કેનાલમાં પડવાથી વિક્રમભાઈને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી પરંત તેઓને તરત આવડતું હોય તેઓ બહાર આવી ગયા હતા. જેની સુરેન્દ્રનગર બી-ડિવીઝન પોલીસ મથકે ક્રિષ્નપાલસિંહ ઉર્ફે કાનભા ધર્મેન્દ્રસિંહ જાડેજા સામે હત્યાની કોશીશની ફરિયાદ નોંધાઈ છે. આરોપીને ઝડપી પાડવા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

# RTEમાં આજથી બીજો રાઉન્ડઃ પ્રવેશ વંચિતોને મળશે શાળા પુનઃપસંદગીની તક, 13 હજાર બેઠકો ખાલી




RTE (રાઈટ ટુ એજ્યુકેશન)માં પ્રવેશ માટેની સરકારની ઓનલાઆઈન કેન્દ્રિય પ્રક્રિયામાં પ્રથમ રાઉન્ડ પૂરો થયા બાદ બીજો રાઉન્ડ જાહેર કરી દેવામા આવ્યો છે. જે મુજબ આજે (15 મે)થી વાલીઓ શાળા પસંદગી કરી શકશે.પરંતુ અગાઉ પ્રથમ રાઉન્ડમાં જે બાળકોને પ્રવેશ મળ્યો નથી તેઓના વાલીઓને જ બીજા રાઉન્ડમાં શાળાની પુનઃ પસંદગીની તક મળશે. આ પણ વાંચોઃ મ્યુનિ.કમિશનરનો આદેશ, પાલતુ કૂતરાં રાખવા રજિસ્ટ્રેશન નહીં કરાવનારા માટે કડક નિતી બનાવો ગુરૂવારથી શનિવાર સુધી કરી શકાશે શાળાની પુનઃપસંદગી રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ રાજ્યની ખાનગી શાળામાં 25 ટકા બેઠકો પર નિઃશુલ્ક પ્રવેશ માટેની સરકારની 2025-26 માટેની ઓનલાઈન પ્રક્રિયામાં પ્રથમ રાઉન્ડ બાદ હાલ 13400થી વધુ બેઠકો ખાલી પડી છે. જેમાં અગાઉ એલોટેન્ટ સમયની અને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ કન્ફર્મ ન થયા હોય તે સાથેની બેઠકો છે. આ ખાલી બેઠકો માટે હવે ગુરૂવાર (15 મે)થી બીજો રાઉન્ડ શરૂ થશે. જેમાં શનિવાર (17 મે) સુધી શાળાની પુનઃ પસંદગી થઈ શકશે. RTEના પોર્ટલ પર જઈને શાળાઓની પુનઃ પસંદગીના મેનુ પર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ એપ્લિકેશન નંબર અને જન્મ તારીખની મદદથી લોગ ઈન કરી શાળાની પુનઃ પસંદગી કરવાની રહેશે. આ પણ વાંચોઃ વઢવાણના યુવાનને પૈસાની ઉઘરાણીમાં કેનાલમાં ધક્કો આપી મારી નાખવાનો પ્રસાય શાળાઓની પુનઃપસંદગી વખતે પોતાની પસંદગીના ક્રમ મુજબની શાળાઓ પસંદ કરવાની રહેશે. ત્યારબાદ સબમિટ બનટ પર ક્લિક કરી પ્રિન્ટ મેળવી પોતાની પાસે રાખવાની રહેશે. RTEના પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળ્યો નથી તેવા જ વિદ્યાર્થીઓને RTE હેઠળની ખાલી જગ્યા ધરાવતી ખાનગી શાળાની પુનઃપસંદગી કરવાની તક મળશે. જે વિદ્યાર્થીઓના વાલી શાળાઓની પુનઃપસંદગી કરવા ન માંગતા હોય તેઓ દ્વારા અગાઉ પસંદ કરેલી શાળાને માન્ય રાખી નિયમાનુસાર બીજા રાઉન્ડમાં પ્રવેશ ફાળવણીની પ્રક્રિયા થશે.

# પત્ની દ્વારા આત્મહત્યાનો પ્રયાસ એ પતિ પર ભયંકર માનસિક ત્રાસ અને ક્રૂરતાઃ હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો



ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વના ચુકાદા મારફતે ઠરાવ્યું છે કે, લગ્નજીવનની તકરારમાં પત્ની દ્વારા આત્મહત્યાનો પ્રયાસ એ અત્યંત કઠોર પરિસ્થિતિ છે અને ભયંકર માનસિક ક્રૂરતા સમાન ગણાય. જે સ્વાભાવિક રીતે જ પતિ માટે પત્નીના સમાજમાંથી ખસી જવા માટેનું વાજબી બહાનું બની જાય છે. પત્નીના આવા પ્રયાસ પતિને કાયમી ચિંતા અને ભાવનાત્મક વમળમાં કથિત રીતે ફસાયેલા રહેવા માટે મજબૂર કરે છે. જસ્ટિસ સંજીવ ઠાકરે પત્ની તરફથી વૈવાહિક જીવનના અધિકારો પરત મેળવવા દાદ માંગતી અરજીને ફગાવતા આ અવલોકન કર્યું હતું. હાઈકોર્ટે ફગાવી અરજી પત્નીને વૈવાહિક અધિકારો પરત કરવાનો ઈનકાર કરતાં ટ્રાયલ કોર્ટ અને એપેલેટ કોર્ટના હુકમોને પણ બહાલ રાખ્યા હતા. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, આત્મહત્યાના પ્રયાસોથી ઉદ્ભવતી માનસિક ક્રૂરતાને અન્ય કોઈપણ કથિત માનસિક ક્રૂરતા સાથે સરખાવી ન શકાય. લગ્નજીવનમાં બંને વ્યકિતઓ પાસેથી કરૂણા અને ધીરજ સાથે બંધનને પોષવાની અપેક્ષા રાખવામાં આવે છે. ભલે હાલના કેસની જેમ ગમે તેટલા મતભેદ હોય. પ્રસ્તુત કેસમાં પત્નીએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું સ્વીકાર્યું હતું. એટલું જ નહી, પત્નીએ પતિના માનહાનિકારક પોસ્ટરો પણ છાપ્યા હતા. આ જાહેર અપમાન છે. આવા સંજોગોમાં વૈવાહિક અધિકારો પરત કરવાની અરજીનો નિર્ણય લેતી વખતે અદાલતોએ દરેક કેસના સંજોગો અને હકીકતોને ચકાસવા પડશે. વધુમાં, વૈવાહિક અધિકારોની પુનઃસ્થાપન આપતી વખતે કોર્ટે જીવનસાથીના વર્તન અને વૈવાહિક અધિકારોના પુનઃસ્થાપનના ઈન્કાર કરવાના કારણો પણ ધ્યાનમાં લેવાના રહેશે. આ પણ વાંચોઃ RTEમાં આજથી બીજો રાઉન્ડઃ પ્રવેશ વંચિતોને મળશે શાળા પુનઃપસંદગીની તક, 13 હજાર બેઠકો ખાલી પત્ની દ્વારા આત્મહત્યાનો પ્રયાસ પતિ માટે માનસિક ક્રૂરતા હાઈકોર્ટે ઉમેર્યું કે, પત્ની દ્વારા આત્મહત્યાના પ્રયાસનું કૃત્ય એ હતાશાનું પરિણામ છે, જે ઘણી વખત પતિ પર શારીરિક નિયંત્રણો લાવી શકે છે. પત્ની દ્વારા આ પ્રકારે આત્મહત્યાના પ્રયાસનું પગલું અને પતિના જાહેર અપમાન સાથે પોસ્ટરો છાપવાના આવા કૃત્યોને અવગણી ન શકાય. કારણ કે, આવી ધમકીઓ બળજબરીનું સાધન બની જાય છે અને પતિને કાયમી ચિંતા અને ભાવનાત્મક વમળમાં ફસાયેલા રહેવા માટે મજબૂર કરે છે. પતિ માટે શાંતિપૂર્ણ અને ગૌરવપૂર્ણ વૈવાહિક જીવન જીવવાનું અશકય બનાવે છે.

હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, આ કેસમાં પત્ની દ્વારા આત્મહત્યાના પ્રયાસની સ્પષ્ટ કબૂલાત કરાઈ છે, તેને ધ્યાનમાં લેવી જોઈએ. પત્ની દ્વારા આ પ્રકારનું કૃત્ય પતિ પર ગુજારવામાં આવેલા માનસિક ક્રૂરતા સમાન લેખાશે અને તેથી પતિ હવે આ પ્રકારની વેદના સહન નહીં કરે. આ પણ વાંચોઃ મ્યુનિ.કમિશનરનો આદેશ, પાલતુ કૂતરાં રાખવા રજિસ્ટ્રેશન નહીં કરાવનારા માટે કડક નિતી બનાવો હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો લગ્નજીવનના હક્કો ભોગવવાની રાહત નહીં આપવાના ટ્રાયલ કોર્ટ અને એપેલેટ કોર્ટના હુકમને પડકારતી પત્ની દ્વારા કરાયેલી અપીલમાં પતિ તરફથી અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, તેની પત્ની દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરાયો હતો અને પોસ્ટરો છાપીને તેને બદનામ કરવાનો પણ પ્રયાસ કરાયો હતો. તે ખૂબ ડરી ગયો હતો અને ભવિષ્યમાં ફરી આવું થાય તેની કલ્પના માત્રથી માનસિક તણાવ અને વેદના હેઠળ આવી જાય છે. ટ્રાયલ કોર્ટ અને એપેલેટ કોર્ટે તમામ હકીકતો ધ્યાનમાં લઈને જ યોગ્ય હુકમો કર્યા છે. હાઈકોર્ટે પત્ની તરફથી કરાયેલી અપીલ ફગાવી દઈ મહત્ત્વનો ચુકાદો જાહેર કર્યો હતો.

# ગોસળ ગામ પાસે કાર અને આઈશર વચ્ચે અકસ્માત, બાળકનું મોત




સાયલા-ચોટીલા નેશનલ હાઈવે પર કાર અને આઈશર વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતમાં કારમાં સવાર બે વર્ષના બાળકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું જ્યારે કારમાં સવાર અન્ય બે લોકો અને આઈશરના ચાલકને ઈજાઓ પહોંચી હતી. જોડિયા તાલુકાના ખીરી ગામના રહેવાસી અને નેવીના નિવૃત જવાન પત્ની અને પુત્ર સાથે અમદાવાદ જઇ રહ્યો હતો ત્યારે અકસ્માત નડયો હતો.

જામનગરના જોડિયા તાલુકાના ખીરી ગામના રહેવાસી અને નેવીના નિવૃત જવાન સહદેવસિંહ મંગળસિંહ જાડેજા પત્ની રશ્મીબા સહદેવસિંહ જાડેજા તથા બે વર્ષના પુત્ર કૃષ્ણરાજ સહદેવસિંહ જાડેજા સાથે કારમાં અમદાવદ પોતાના સગાને ત્યાં જઇ રહ્યાં હતા. ત્યારે સાયલા તાલુકાના ગોસળ ગામ પાસે સહદેવસિંહ જાડેજાએ કારના સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ડીવાઈડર કૂદીને સામે આવી રહેલી આઈશર સાથે કાર અથડાઈ હતી. આ ગોઝારા અકસ્માતમાં બે વર્ષના કૃષ્ણરાજ સહદેવસિંહ જાડેજાનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે કારમાં સવાર અને ચાલક સહદેવસિંહ મંગળસિંહ જાડેજા, તેમના પત્ની રશ્મીબા સહદેવસિંહ જાડેજા તેમજ આઈશર ચાલક હરદિપસિંગ અમર દીપસીંગને ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં કારનો રીતસરનો બુકડો બોલી ગયો હતો.

તમામ ઈજાગ્રસ્તોને પ્રથમ ૧૦૮ દ્વારા સાયલા સરકારી હોસ્પિટલ ખાતે લવાયા હતા. જેમાં સહદેવસિંહ જાડેજા અને તેમના પત્ની રશ્મીબા જાડેજાને વધુ ઈજાઓ જણાતા સુરેન્દ્રનગરની હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે અકસ્માત માટે બ્લેક સ્પોટ ગણાતા સાયલા તાલુકાના વખતપર અને ગોસાળ ગામે છાશવારે અકસ્માત સર્જાય છે જેમાં અનેક લોકોએ જીવ ગુમાવે છે.

# દારૂની 2304 બોટલ સાથે ચલાલી નવાપુરામાંથી એક શખ્સ પકડાયો



ચકલાસી પોલીસે ચલાલી શક્તિનગરમાં દારૂ ગાળવાના વોશ સાથે બે મહિલાઓને ઝડપી પાડી હતી.

જ્યારે ચલાલી નવાપુરામાંથી વિદેશી દારૂની બોટલ ૨૩૦૪ કિંમત રૂ.૪,૪૨,૫૮૪ ના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડયો હતો. આ ઉપરાંત ખેડા ટાઉન પોલીસે ખેડા કેમ્પ પાછળ મકાનમાંથી વિદેશી દારૂ સાથે બુટલેગરને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ચકલાસી પોલીસે બાતમી આધારે ચલાલી શક્તિનગરમાં રહેતી રમીલાબેન દેસાઈભાઈ તળપદાને ૪૦૦ લીટર દારૂ ગાળવાનો વોશ કિંમત રૂ.૧૦,૦૦૦ સાથે જ્યારે નીતાબેન કિરણભાઈ તળપદાને દારૂ ગાળવાનો વોશ ૧,૦૦૦ લીટર કિંમત રૂપિયા ૨૫,૦૦૦ તથા ૫ લિટર દેશી દારૂ કિંમત રૂ.૧,૦૦૦ નો મળી ૨૬,૦૦૦ ના જથ્થા સાથે ઝડપી પાડી હતી. આ ઉપરાંત ચકલાસી પોલીસે ચલાલી નવાપુરામાં રહેતા હિતેશભાઈ પ્રવીણભાઈ સોઢા પરમારને વિદેશી દારૂની બોટલ નંગ ૨૩૦૪ કિંમત રૂ.૪,૪૨,૫૮૪ ના જથ્થા સાથે ઝડપી પાડયો હતો. આ ઉપરાંત ખેડા કેમ્પ તાલીમ શાળા પાછળ રહેતો રામસિંહ હરિસિંહ સોઢા પરમાર મકાનમાં વિદેશી દારૂ છુપાવી છૂટક વેચાણ કરતાની બાતમીના આધારે પોલીસે રેડ પાડતા રામસિંહ સોઢા પરમારને બંધ મકાનમાંથી વિદેશી દારૂની બોટલ નંગ ૪૫ કિંમત રૂ.૯,૦૦૦ના જથ્થા સાથે ઝડપી પાડયો હતો. આ બનાવ અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# મહુવા ન.પા.માં ભ્રષ્ટાચારનો ભોરિંગ, પૂર્વ પ્રમુખ-સભ્યોને રિકવરીની નોટિસ

**ટેન્ડર પ્રક્રિયા કર્યા વિના જ બ્લોક સાથે રોડ રિસર્ફેસિંગનું લાખો રૂપિયાનું કામ એજન્સીને આપી ગેરરીતિ આચર્યાનો ઘડાકો, ભાજપના જ 7 સભ્યએ ગોટાળો ઉઘાડો પાડયો : પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓ-ભાવનગર ઝોનની કોર્ટમાં 26 મીએ સુનવણી**




મહુવા નગરપાલિકાનું વિસર્જન થયા બાદ પણ ભાજપ માટે વિવાદનો છેડો છૂટવાનો નામ લેતો નથી. મહિલા પ્રમુખ સામે અગાઉથી જ બળવો પોકારેલા સભ્યોએ (પોતાના સ્વાર્થ માટે તો માટે પણ) ભ્રષ્ટાચારના ભોરિંગને ઉઘાડો પાડવાની નેમ લીધી હતી અને 'કોંગ્રેસ, સપા, ભાજપનું ભ્રષ્ટાચારમાં ભાઈ.. ભાઈ..'ની પ્રાદેશિક કમિશનર સુધી અરજી પહોંચાડતા લાખો રૂપિયાના કામમાં ગેરરીતિ થયાનો ઘડાકો થયો છે. જેથી ભ્રષ્ટ સભ્યો પાસેથી નગરપાલિકાની હડપ કરેલી સરકારી રકમને વસૂલવા માટે પ્રાદેશિક કમિશનરે નોટિસ કાઢી છે. મહુવા નગરપાલિકાના ઠરાવ નં.૧૦૨, ૧૦૪, ૧૦૬ એસજેએમએમએસવીવાય યોજના હેઠળ થયેલા પેવિંગ બ્લોક સાથે રોડ રિસર્ફેસિંગના કામમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ચાંદનીબેન મહેતા અને ભાજપ, કોંગ્રેસ, સપાના અન્ય ૧૫ સભ્યોએ એકબીજાની મીલીભગતથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ ૬૭ની વિરૂદ્ધમાં જઈ લાખો-કરોડો રૂપિયાના કામ હોવા છતાં ટેન્ડર પ્રક્રિયા ન અનુસરી ઈશ્વર ઈલેક્ટ્રિક એન્જિનિયરીંગ વર્કસ નામની એજન્સીને કોન્ટ્રાક્ટ સોંપી નગરપાલિકાના નાણાં હડક પરી આર્થિક નુકશાન પહોંચાડયાના ગંભીર આક્ષેપ સાથે ભાજપના જ સાત સભ્ય મંગળભાઈ ચૌહાણ, રસીકબા સોઢા, ગીતાબેન મકવાણા, મુક્તાબેન જોષી, કિરણ રાઠોડ, યાજ્ઞિકભાઈ મહેતા અને બ્રિજેશભાઈ મકવાણાએ પ્રાદેશિક કમિશનરને ગત તા.૮-૪-૨૦૨૫ના રોજ અરજી કરી હતી. આ અરજીના આધારે પ્રાદેશિક કમિશનર-નગરપાલિકાઓ, ભાવનગરએ તપાસ કરતા પાંચ લાખથી વધુના કામમાં ટેન્ડર પ્રક્રિયાના નિયમને નેવે મુકી ગેરરીતિ આચરવામાં આવ્યાનો ઘટસ્ફોટ થયો હતો. જેથી પૂર્વ મહિલા પ્રમુખ અને ભાજપના અન્ય પાંચ, કોંગ્રેસના છ તેમજ સમાજવાદી પાર્ટીના ચાર સભ્યને જવાબદાર ગણી રકમ વસૂલ કરવા નિર્ણય લઈ આ કેસની સુનવણી આગામી તા.૨૬-૫ના રોજ બપોરે ૧૨ કલાકે પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓ, ભાવનગર ઝોનની કોર્ટમાં રાખવામાં આવી છે. જેમાં આક્ષેપિતોને તમામ આધાર-પુરાવા સાથે લેખિત રજૂઆત કરવાની મહેતલ અપાઈ છે. જો કોઈ રજૂઆત નહીં આવે તો એકતરફી સુનવણી હાથ ધરી કેસનો નિકાલ તેના ગુણદોષના આધારે કરાશે અને તે તમામને બંધનકર્તા રહેશે તેવી પ્રાદેશિક કમિશનર ડી.એમ. સોલંકીએ નોટિસ કાઢી છે. ઉલ્લેખનિય છે કે, ભાજપના શાસનમાં ભાગબટાઈથી થયેલા ભ્રષ્ટાચારના ગોટાળાને ભાજપના જ સાત સભ્યએ ઉઘાડો પાડતા રાજકીય ભૂકંપ સર્જાયો છે.

# ડાયમંડ એસોસિએશનના પ્રમુખ સહિત બે સામે છેતરપિંડીની ફરિયાદ




શહેરના નિર્મળનગર વિસ્તારમાં પોલીસ્ડ તૈયાર હીરાની લે-વેચ કરતા વેપારી સાથે વિશ્વારઘાત કરી છેતરપિંડી આચર્યા અંગે ડાયમંડ એસોસિએશનના પ્રમુખ સહિત કુલ બે શખ્સો વિરૂદ્ધ શહેરના નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

આ બનાવની જાણવા મળતી વિગત મુજબ બુધેલ ગ્રામ પંચાયતની બાજુમાં રહેતા અને નિર્મળનગર ક્રિસ્ટલ બિલ્ડિંગમાં ઓફિસ નંબર ૧૦૨ માં પોલીસ્ડ તૈયાર કરેલા હીરાની લે વેચ કરતા મહેશભાઈ મોહનભાઈ ચાંચપરા (સાચાપરા)ને હીરાના દલાલ ઈશ્વર શામજીભાઈ ભરોડિયા (રહે. કાળિયાબીડ ભાવનગર) સાથે પરિચય કેળવાયો હતો અને હીરાની લે-વેચ અંગે વાતચીત કરી હીરાના વેપારી સાથે વિશ્વાસ કેળવી લીધો હતો. દરમિયાનમાં દલાલ ઈશ્વર ભરોડિયાએ ગત તા.૧લી મે ૨૦૨૪ થી ૩ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં અલગ-અલગ ચિઠ્ઠીઓ દ્વારા ૧૧૧.૭૫ કેરેટ હીરા રૂ.૩૫,૫૦,૧૩૭નો માલ લઈ ગયો હતો અને તેની રકમ હીરાનું વેચાણ થયા બાદ તેની ચિઠ્ઠીના ફોટા મહેશભાઈના વોટ્સએપમાં મોકલતો હતો અને દલાલ ઈશ્વરે

વેચાણ થયેલ હીરાની રકમ રૂ.૫,૦૦,૦૦૦ કટકે કટકે મહેશભાઈને આપ્યા હતા. તેવામાં બાકીના રહેતા રૂપિયાની મહેશભાઈએ દલાલ ઈશ્વર પાસે માંગણી કરી ત્યારે વાયદાઓ આપવાનું શરૂ કરી દીધું હતું અને બાકી રહેતા રૂપિયા આપયા નહીં તેમજ મહેશભાઈએ ગત તા.૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ઉઘરાણી માટે દલાલ ઈશ્વરને ફોન કર્યાં.

# આ વર્ષે કચ્છી કેસર કેરી ઓછી અને મોડી આવશેઃ માર્ચમાં કાળઝાળ તાપથી ફૂલ-ફાલ ખરી પડ્યા, બાદમાં વરસાદે વરસાવ્યો કહેર



કચ્છની કેસર કેરી આ વર્ષે લોકો સુધી ઓછી અને મોડી પહોંચશે, કેમ કે કચ્છમાં આ વર્ષે વાતાવરણ અનુકૂળ ન રહેવાથી કેસર કેરીનો ફાલ બરાબર આવ્યો નથી. આ વર્ષે કચ્છમાં વાતાવરણ પલટાના કારણે બાગાયતી ખેતી કરતાં ખેડૂતોના કહેવા મુજબ, કેસર કેરીના ફૂલ અને ફાલ ખરી પડતાં કચ્છની કેસર કેરીમાં 60-70 ટકાનો ઘટાડો નોંધાઈ શકે છે. કચ્છમાં માવઠા પછી અત્યારે કાળઝાળ ગરમી પડી રહી છે જેના કારણે કેરીના મોર (ફૂલ) સખત તાપના કારણે બળી ગયા છે. ગત આખા સપ્તાહ દરમિયાન કમોસમી માવઠાની કળ કેરીના પાકને વળી નથી ત્યાં હજુ કમોસમી વરસાદ પડશે તો ઝાડ પરથી કાચી-પાકી કેરીઓ ખરી પડશે તેવી ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.કમોસમી વરસાદથી ખેડૂતોને નુકસાનમાધાપરના ખેડૂતે જણાવ્યું હતું કે, કચ્છની કેસર પહેલી જૂન આસપાસ બજારમાં આવે છે. બે મહિના પહેલા આંબા ઉપર ફૂલ અને ફાલ જોવા મળે છે. પરંતુ આ વર્ષે માર્ચ મહિનામાં જ આકરી ગરમી સાથે ભેજવાળુ વાતાવરણ પણ હોવાથી કેરીના ઝાડ પરથી ફૂલ અને ફાલ ખરી પડયા. જે આંબામાંથી 20થી 35 કિલો કેરી મળતી હતી તેમાં 50 ટકાનો ઘટાડો નોંધાઈ શકે છે. આ પણ વાંચોઃ અમદાવાદના એસજી હાઈવે પર અકસ્માત જોવા ઉભેલા ટોળાને એક્ટિવા ચાલકે અડેફેટે લેતાં 3ને ઈજાકચ્છ જિલ્લામાં દર વર્ષે 70-80 હજાર મેટ્રીક ટન આસપાસ કેરીનું ઉત્પાદન થતું હોય છે. ઉનાળાના આરંભે જ કાળઝાળ ગરમી અને કમોસમી વરસાદ થાય તો કેરીના પાકમાં ફુગ થવાથી કેરીઓ ખરી જતી હોય છે. જેના કારણે સીધી ઉત્પાદનને અસર થાય છે. સિઝનની શરુઆતમાં જ ભારે નુકસાનકચ્છ જિલ્લામાં અંદાજે 10900 હેક્ટરમાં કેસર કેરીના વાવેતરનું અનુમાન છે. કચ્છ જિલ્લામાં માંડવી, ભુજ, નખત્રાણા અને અંજાર તાલુકામાં કેસર કેરીનું વધુ વાવેતર છે. તાજેતરમાં આ જ તાલુકામાં ભારે પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. જેના કારણે કેરીનું ઉત્પાદન કરતાં ખેડૂતોને નુકસાનની ચિંતા સતાવે છે. કચ્છની કેસર કેરીના ભાવ પ્રતિ 10 કિલોના 700થી શરુ થતા હોય છે જે વધીને 1200 રૂપિયામી આસપાસ રહેતા હોય છે. કચ્છમાં કમોસમી વરસાદ થાય તો તેની સીધી અસર કેરીના બગીચા છે તેના અડધો અડધ વિસ્તાર પર થાય છે. ચાલુ વર્ષે માર્ચ મહિનામાં ભારે ગરમીના કારણે દેશલપરથી વેસલપર સુધી રોહા પંથકના વિસ્તારમાં આંબાની વાડીમાં વૃક્ષો પર લાગેલી આંબાની કળીઓ બળીને ખરી ગઈ હતી. જેથી, સિઝનના પ્રારંભે જ નુકસાન થવાની ખેડૂતોને ધારણા બંધાઈ હતી.આ પણ વાંચોઃ પત્ની દ્વારા આત્મહત્યાનો પ્રયાસ એ પતિ પર ભયંકર માનસિક ત્રાસ અને ક્રૂરતાઃ હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદોદેશ-વિદેશમાં થાય છે કેરીની નિકાસકચ્છની કેરીની ડિમાન્ડ દેશના મોટાભાગના રાજ્યોમાં તેમજ વિશ્વના અડધો ડઝન દેશોમાં છે. ગુજરાત ઉપરાંત મુંબઈ, દિલ્હી, બેંગલોર, કોલકાતા, હૈદરાબાદ સહિત મોટાભાગના રાજ્યોમાં કચ્છી કેસર જાય છે. તો અમેરિકા, મોરેશિયસ, લંડન, કેન્યા, દુબઈ અને કુવૈત સહિત ભારતીયો અને પટેલોની વસતી છે તેવા અડધો ડઝનથી વધુ દેશોમાં કચ્છી કેસર કેરીની નિકાસ થાય છે. હોલસેલ વેપારીઓ ખેડૂતો સાથે એકથી બે કરોડનો માલ હોય તેવા કેરીના બાગ જ ભાડે રાખી લેતા હોય છે. જો, વાતાવરણમાં પલટો આવે તો કેરીની ઉપજ અડધી થઈ જાય તો વેપારીને નુકસાન થાય છે.

કચ્છી કેસર કેરી મે મહિનાના મધ્ય ભાગથી બજારમાં આવવા લાગે છે અને સિઝન જૂનના અંત ભાગ સુધી રહેતી હોય છે. ચોમાસું લંબાય તો વેપારીઓ અને ખેડૂતોને ફાયદો થતો હોય છે. પરંતુ, છેલ્લા પાંચેક વર્ષથી મોર બેસે, ખાખડી કેરી થાય અને ઝાડ ઉપર જ કેરી પાકવા આવી હોય તેવા સમયે જ માવઠા, ભારે પવન અને વાવાઝોડા જેવી સ્થિતિની ઘેરી અસર કેરીના ઉત્પાદનને પહોંચી રહી છે. ફેબ્રુઆરીથી આંબા ઉપર મોર બેસવાનું શરુ થાય અને માર્ચથી સખત તાપ સાથે તોફાની પવનની પરંપરા રહી છે. એપ્રિલ-મે મહિનામાં ખાખડી કેરી બેસવાની શરુ થઈ હોય તેવા સમયે જ માવઠું, તોફાની પવનની અસર જોવા મળે છે. ખેડૂતો-વેપારીઓની કમનસીબી એ છે કે, ફેબ્રુઆરી કે એપ્રિલ-મે મહીનાના કુદરતી કોપને સહન કરી આંબા ઉપર કેરી પાકવા ઉપર આવેલી કેરી મે-જૂન મહીનામાં માવઠા કે વાવાઝોડાથી ખરી પડે છે. ખરી પડેલી કેરી વેપારીઓ ખરીદતાં નથી કે પૂરા ભાવ આપતાં નથી.

# બે ફિલ્મો દ્વારા દાદાસાહેબને ટ્રિબ્યુટ અપાશે!:બોલિવૂડ અને સાઉથ ઈન્ડસ્ટ્રી બાયોપિક બનાવશે; રાજકુમાર હિરાણી પહેલાં રાજામૌલીએ ફિલ્મનું પોસ્ટર રિલીઝ કર્યું

ભારતની પ્રથમ ફીચર ફિલ્મ બનાવીને બોલિવૂડનો પાયો નાંખનારા દાદાસાહેબ ફાળકેને ભારતીય સિનેમાના પિતા માનવામાં આવે છે. તેમનું જીવન અને ફિલ્મોની યાત્રા ખૂબ જ રસપ્રદ રહી છે. ત્યારે વાર્તાને પ્રથમ વખત રૂપેરી પડદે કંડારનારા ધુંડીરાજ ગોવિંદ ફાળકે એટલે કે દાદાસાહેબ ફાળકેની વાર્તા રૂપેરી પડદા પર આવી રહી છે. એક્ટર આમિર ખાન અને ફિલ્મ મેકર રાજકુમાર હિરાણી દાદાસાહેબના જીવન પર ફિલ્મ બનાવવાની તૈયારી કરી રહ્યા છે.જાણો ફિલ્મનું શૂટિંગ ક્યારે શરૂ થશેઆ ફિલ્મનું શૂટિંગ ઓક્ટોબર 2025થી શરૂ થવાનું છે. આમિર ખાન પોતાની ફિલ્મ 'સિતારે જમીન પર' રિલીઝ થયા પછી તરત જ આ નવી ફિલ્મમાં તેની ભૂમિકા માટે તૈયારી શરૂ કરશે.લોસ એન્જલસ (LA)માં V F X સ્ટુડિયોએ ફિલ્મની વાર્તાનો સમય અને માહોલને ધ્યાનમાં રાખીને પહેલાથી જ અદ્યતન AI ડિઝાઈન બનાવી દીધી છે.

રાજકુમાર હિરાણી, ડિરેક્ટર અને સ્ક્રિન રાઈટર અભિજાત જોશી અને બે લેખકો હિન્દુકુશ ભારદ્વાજ અને અવિષ્કર ભારદ્વાજ છેલ્લા ચાર વર્ષથી આ ફિલ્મની સ્ક્રિપ્ટ પર સતત કામ કરી રહ્યા છે.ફિલ્મ વિવેચક તરન આદર્શે એક્સ (ટ્વિટર) પર દાદાસાહેબની બાયોપિક અંગે વાત કરી.ફિલ્મ વિવેચક તરન આદર્શે એક્સ (ટ્વિટર) પર દાદાસાહેબની બાયોપિક અંગે વાત કરી.દાદા



સાહેબના પૌત્રે ટેકો આપ્યોદાદાસાહેબ ફાળકેના પૌત્ર ચંદ્રશેખર શ્રીકૃષ્ણ પુસાલકરે આ પ્રોજેક્ટને સંપૂર્ણ ટેકો આપ્યો છે અને દાદાસાહેબ ફાળકેના જીવન સાથે જોડાયેલી ઘણી ખાસ વાતો અને ઘટનાઓ પણ શેર કરી છે. વધુમાં, આ ફિલ્મ રાજકુમાર હિરાણી અને આમિર ખાનની જોડીનો નવો પ્રોજેક્ટ છે, જેમણે '3 ઈડિયટ્સ' અને 'પીકે' જેવી કલ્ટ ક્લાસિક અને સૌથી મોટી હિટ ફિલ્મો આપી છે.

ત્યારે આ પ્રોજેક્ટ ભારતીય એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રીમાં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કરવા માટે તૈયાર છે.દાદાસાહેબ ફાળકેને ભારતીય સિનેમાના પિતા ગણવામાં આવે છે.દાદાસાહેબ ફાળકેને ભારતીય સિનેમાના પિતા ગણવામાં આવે છે.એસ. એસ. રાજામૌલીએ 2023માં દાદાસાહેબ પર ફિલ્મ બનાવવાની જાહેરાત કરી હતીનોંધનીય છે કે, સાઉથના ફિલ્મ મેકર, 'RRR' ફિલ્મ બનાવનાર નેશનલ એવોર્ડ વિજેતા એસ. એસ. રાજામૌલીએ સપ્ટેમ્બર 2023માં દાદાસાહેબ ફાળકે પર ફિલ્મ બનાવવાની જાહેરાત કરી હતી.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (ટ્વિટર) પર ટ્વીટ કરી હતી કે, 'જ્યારે મેં પહેલી વાર વાર્તા સાંભળી, ત્યારે હું ભાવનાત્મક રીતે ખૂબ જ પ્રભાવિત થઈ ગયો. બાયોપિક બનાવવી એ પોતે જ અઘરું છે, પણ ભારતીય સિનેમાના પિતા વિશે કલ્પના કરવી એ તેનાથી પણ વધુ પડકારજનક છે. અમે અને અમારા છોકરાઓ આ બનાવવા માટે તૈયાર છીએ. ખૂબ ગર્વ સાથે 'મેડ ઈન ઈન્ડિયા' રજૂ કરીએ છીએ.'સાઉથની ફિલ્મ 'મેડ ઈન ઈન્ડિયા'માં જુનિયર એનટીઆર દાદાસાહેબની ભૂમિકા ભજવશે?ઉલ્લેખનીય છે કે, એક જ વિષય પર બોલિવૂડ અને સાઉથના બે દિગ્ગજ ફિલ્મ મેકર ફિલ્મ બનાવી રહ્યા છે, ત્યારે દર્શકોમાં પણ બંને ફિલ્મોને લઈ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સાઉથની ફિલ્મ 'મેડ ઈન ઈન્ડિયા'માં એક્ટર જુનિયર એનટીઆર દાદાસાહેબ ફાળકેની ભૂમિકા ભજવવાનો હોવાનું સોશિયલ મીડિયા પર ચર્ચાઈ રહ્યું છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ ઓફિશિયલ સ્ટેટમેન્ટ બહાર આવ્યું નથી.

# પાકિસ્તાન આવવાના ઈન્વિટેશન પર ઈરફાને આપ્યું હતું ક્વિક રિએક્શન, જવાબ સાંભળી પત્રકાર પણ હસી પડ્યો



ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે, દિવંગત એક્ટર ઈરફાન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. વાઈરલ વીડિયોમાં, એક પાકિસ્તાની પત્રકાર એક્ટરને પાકિસ્તાન આવવા પર પ્રશ્ન પૂછે છે. જવાબમાં, ઈરફાન કંઈક એવું કહે છે જે ઈન્ટરનેટ યુઝર્સને ખૂબ જ ગમે છે.વાઈરલ વીડિયોમાં, પત્રકાર ઈરફાનને કહે છે - 'હેલો ઈરફાન ભાઈ.' હું લાહોરથી છું. પાકિસ્તાનમાં તમારા ચાહકોની સંખ્યા ખૂબ મોટી છે. હું ઈચ્છું છું કે તમે કોઈ દિવસ પાકિસ્તાન આવો. આ ખૂબ જ આનંદની વાત હશે.પત્રકારને અટકાવતા ઈરફાને કહ્યું, 'હું આવીશ તો ખરાં, પરંતુ ત્યાંથી પાછો આવીશ કે નહીં?' ઈરફાને આ કહ્યું કે- તરત જ ત્યાં હાજર દર્શકો, જેમાં પાકિસ્તાની પત્રકારો પણ હતા, હસવાં લાગ્યાં. ઈરફાનના જવાબ પર, પાકિસ્તાની પત્રકાર કહે છે કે- તમે ચોક્કસ પાછા આવશો.ઈરફાનના કેટલાક ચાહકો હાલ આ વીડિયોને શેર કરી રહ્યા છે અને કેટલાક કોમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું- 'અદ્ભુત જવાબ, નહીંતર હાલના હીરોના મોઢામાંથી એક પણ શબ્દ નીકળતો નથી.' બીજા યુઝરે કહ્યું - 'એટલા માટે જ પાન સિંહ તોમર આજે પણ દિલો પર રાજ કરે છે.'ઈરફાનના ફેનની કોમેન્ટઈરફાનના ફેનની કોમેન્ટયુઝરે કરેલી કોમેન્ટયુઝરે કરેલી કોમેન્ટઈરફાન સરહદ પર પતંગ ઉડાડવા માંગતો હતો 'ધ લલન્ટોપ' સાથેના એક ઈન્ટરવ્યૂમાં, એક્ટર શશાંક અરોરાએ ફિલ્મ 'ધ સોંગ ઓફ સ્કોર્પિયન્સ'ના સેટ પરથી ઈરફાન વિશે એક રસપ્રદ કિસ્સો શેર કર્યો હતો. આ ફિલ્મમાં ઈરફાન મુખ્ય ભૂમિકામાં હતા, તેની સાથે ઈરાની એક્ટ્રેસ ગોલશિફતેહ ફરાહાની અને શશાંક અરોરા પણ હતા.

# 9 ટાઈટલ જીત્યા, માઈક ટાયસન સામે પણ મુકાબલો કર્યો; એક્ટરની ટીમે મીટિંગના ફોટા શેર કર્યા



એક્ટર રામ ચરણ અને તેનો પરિવાર લંડનમાં છે, જ્યાં મેડમ તુસાદમાં બનાવેલ તેનું મીણનું પૂતળું ટૂંક સમયમાં સિંગાપોરમાં પ્રદર્શિત થવાનું છે. આ ખાસ પ્રસંગે, રામ તેના ચાહકોને પણ મળ્યો, જેમને તે પુતળા અનાવરણના દિવસે મળી શક્યો ન હતો. આ કાર્યક્રમમાં તેની સાથે એક ખાસ મહેમાન પણ હતો જે બાઉન્સરના વેશમાં આવ્યો હતો. આ માણસ બીજું કોઈ નહીં પણ બ્રિટિશ હેવીવેઈટ બોક્સિંગ ચેમ્પિયન જુલિયસ ફ્રાન્સિસ હતો.જુલિયસ ફ્રાન્સિસે રામ ચરણ માટે બાઉન્સર તરીકે કામ કર્યું. રામની ટીમે મીટિંગના કેટલાક ફોટા શેર કર્યા, જેમાં જુલિયસ રામના ખભા પર પોતાનો ચેમ્પિયનશિપ બેલ્ટ મૂકવાની વિનંતી કરતો જોવા મળ્યો. તસવીરોમાં, જુલિયસ હસતો જોવા મળે છે જ્યારે રામ તેની સાથે હાથ મિલાવી રહ્યો છે અને તેના બેલ્ટ તરફ જોઈ રહ્યો છે. આ ખાસ પ્રસંગે 60 વર્ષીય જુલિયસ બ્લેક કલરના પોશાકમાં ત્યાં ખુશીથી હાજર હતો.જુલિયસ ફ્રાન્સિસ કોણ છે? હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ કે જુલિયસ ફ્રાન્સિસની બોક્સિંગ કારકિર્દી 1993 થી 2006 સુધી ચાલી હતી. તેણે 2000 માં માઈક ટાયસન સામે મુકાબલો કર્યો, જોકે તેને હારનો સામનો કરવો પડ્યો. પોતાની કારકિર્દીમાં જુલિયસે ચાર બ્રિટિશ હેવીવેઈટ ટાઈટલ, પાંચ કોમનવેલ્થ ટાઈટલ અને યુરોપિયન ટાઈટલ માટે બે ચેલેન્જ જીતી.

# 'કોઈ યુદ્ધ ઇચ્છતું ન હતું, પણ બીજો કોઈ વિકલ્પ નહોતો':અજય દેવગણે ઓપરેશન સિંદૂર માટે સેનાને સલામ કરી; 'કરાટે કિડ: લેજેન્ડ્સ'માં પિતા-પુત્રનું વોઈસઓવર

એક્ટર અજય દેવગણ બુધવારે પોતાના પુત્ર યુગ દેવગણ સાથે 'કરાટે કિડઃ લેજેન્ડ્સ'ના ટ્રેલર લોન્ચમાં પહોંચ્યો હતો. આ પ્રસંગે અજયે ભારતીય સેના અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી. તેમણે ઓપરેશન સિંદૂરની સફળતા પર સેના અને સરકારને સલામ કર્યું.અજય દેવગણે ભારતીય સેનાના વખાણ કર્યાઅજય દેવગણે ભારતીય સેનાના વખાણ કર્યાઅજયે કહ્યું- ₹મારે આ કહેવાની પણ જરૂર નથી. કોઈ યુદ્ધ ઈચ્છતું નથી, પણ કોઈ વિકલ્પ બચ્યો નહોતો. હું આપણી સેના, પીએમ મોદી અને સરકારને સલામ કરું છું. તેમણે જે કરવાનું હતું તે કર્યું અને તેમણે તે ખૂબ જ સારી રીતે કર્યું. આભાર.₹ઓપરેશન સિંદૂર 7 મેના રોજ શરૂ થયું હતું. આ કાર્યવાહી પાકિસ્તાન અને POKમાં આતંકી ઠેકાણાઓ સામે કરવામાં આવી હતી. આ હુમલો 22 એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં કરવામાં આવ્યો હતો.મિસ્ટર હાનને અવાજ આપશે અજય દેવગણ અજય દેવગણે 'કરાટે કિડઃ લેજેન્ડ્સ' વિશે પણ વાત કરી. આ ફિલ્મમાં અજય અને તેનો પુત્ર યુગ હિન્દી વર્ઝનમાં પોતાનો અવાજ આપશે. આ ફિલ્મમાં અજય જેકી ચાનના પાત્ર મિસ્ટર હાનને અવાજ આપશે. તે જ સમયે, યુગ મુખ્ય ભૂમિકા લી ફોંગને પોતાનો



અવાજ આપશે.'કરાટે કિડઃ લેજેન્ડ્સ'નું પોસ્ટર'કરાટે કિડઃ લેજેન્ડ્સ'નું પોસ્ટરઅજય પહેલીવાર કોઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મમાં ડબિંગ કરી રહ્યો છે આ પહેલી વાર છે જ્યારે અજય કોઈ આંતરરાષ્ટ્રીય ફિલ્મમાં વોઈસ ઓવર કરશે. આ ફિલ્મ દ્વારા યુગ પોતાનું ડબિંગ પણ શરૂ કરી રહ્યો છે. આ ફિલ્મ લી ફોંગ નામના એક યુવાનની સ્ટોરી પર આધારિત છે, જે નવી શાળામાં એડજસ્ટ થવાનો પ્રયાસ કરે છે અને એક કરાટે ચેમ્પિયનનો સામનો કરે છે. તે જેકી ચેન અને ડેનિયલ લારુસોના માર્ગદર્શન હેઠળ પોતાને સાબિત કરે છે. ₹કરાટે કિડઃ લેજેન્ડ્સ₹ ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે.₹કરાટે કિડઃ લેજેન્ડ્સ₹માં જેકી ચેન અને ડેનિયલ લારુસો જોવા મળશે₹કરાટે કિડઃ લેજેન્ડ્સ₹માં જેકી ચેન અને ડેનિયલ લારુસો જોવા મળશે'કરાટે કિડઃ લેજેન્ડ્સ'નું ડિરેક્શન જોનાથન એન્ટવિસલ દ્વારા કરવામાં આવ્યું છે અને લેખન રોબ લીબર દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મ 'કોબ્રા કાઈ' ટીવી સિરીઝ (2018-2025)ની ઘટનાઓના ત્રણ વર્ષ પછી બને છે. આ 'કરાટે કિડ' ફ્રેન્ચાઈઝીની છઠ્ઠી ફિલ્મ છે, જે 2010માં 'ધ કરાટે કિડ' પછી આવી રહી છે. આ ફિલ્મમાં જેકી ચેન અને રાલ્ફ મેકિયો તેમના જૂના પાત્રોમાં જોવા મળશે. તેમની સાથે બેન વાંગ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ઉપરાંત જોશુઆ જેક્સન, સેડી સ્ટેનલી અને મિંગ-ના વેન પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં છે. આ ફિલ્મ એટલા માટે પણ ખાસ છે કારણ કે 'કરાટે કિડ' સિરીઝની પહેલી ફિલ્મ જેરી વેઈન્ટ્રાબ વિના બનાવવામાં આવી છે, જેમનું 2015માં અવસાન થયું હતું. અજયે કહ્યું- ₹મારે આ કહેવાની પણ જરૂર નથી. કોઈ યુદ્ધ ઈચ્છતું નથી, પણ કોઈ વિકલ્પ બચ્યો નહોતો. હું આપણી સેના, પીએમ મોદી અને સરકારને સલામ કરું છું. તેમણે જે કરવાનું હતું તે કર્યું અને તેમણે તે ખૂબ જ સારી રીતે કર્યું.

# કૂતરાઓને હોકી સ્ટીકથી મારવાની વાત પર દાખલ થઈ ફરિયાદ; સિનિયર એક્ટરે કહ્યું- મને બચાવ કરવાનો અધિકાર છે

'શહેનશાહ', 'કાલિયા', 'ચમત્કાર' જેવી અઢળક ફિલ્મોમાં એક્ટિંગ કરી ચૂકેલા સિનિયર એક્ટર ટીનુ આનંદ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તાજેતરમાં, ટીનુ આનંદે કૂતરાઓને હોકી સ્ટીકથી મારવા વિશે વાત કરી હતી. એટલું જ નહિ તેમણે કહ્યું હતું કે- દરેક ડોગ લવર્સે ખડતાં કૂતરાઓને ઘરે લઈ જવા જોઈએ અથવા તેમની હરકતો પર નજર રાખવી જોઈએ.ટીનુ આનંદનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થઈ ગયું, જેમાં લખ્યું હતું કે- હું એક ભયાનક શૂટિંગમાંથી ઘરે પાછો આવી રહ્યો હતો, જ્યાં એક ડરામણો કૂતરો મારા પર ભસી રહ્યો છે અને મને ખબર નથી કે તે કોને



કરડવાનો છે. પડકાર સ્વીકારો, તેમનો સામનો કરવા માટે હોકી સ્ટીક રાખો. હું બધા ડોગ લવર્સને ચેતવણી આપું છું કે તે કૂતરાઓને ઘરે લઈ જાય નહીંતર મારા ગુસ્સાને સહન કરો. મારા સોસાયટીમાં પણ મેં પહેલેથી જ આ જાણ કરી દીધી છે.ટીનુ આનંદટીનુ આનંદઆ મેસેજ વાઈરલ થયા પછી, સ્થાનિક રહેવાસી આંચલ ચઢ્ઢાએ ટીનુ આનંદ વિરુદ્ધ વર્સોવા પોલીસ સ્ટેશનમાં પશુ અધિનિયમની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી. મુંબઈ પોલીસના સિનિયર અધિકારી અને એનિમલ રાઈટ્સ કાર્યકર્તા સુધીર કુડાલકરે ટીનુ આનંદ પાસેથી લેખિત માફી માંગી છે.'દીકરીનો હાથ ભાંગ્યો હતો, તેને પોતાની જાતને બચાવવાનો પૂરો અધિકાર છે' આ વિવાદ પર ટીનુ આનંદે ફ્રી પ્રેસ જર્નલને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું, મારો મતલબ એ જ હતો જે મેં લખ્યું, કારણ કે મારી દીકરીનો હાથ ભાંગી ચૂક્યો છે. છેલ્લા એક મહિનાથી સારવાર ચાલી રહી છે. બે વાર ઓપરેશન કરાવવા માટે મારે 90,000 રૂપિયા ખર્ચવા પડ્યા. દીકરીના પાલતુ કૂતરા પર સોસાયટીના 3 રખડતાં કૂતરાઓએ હુમલો કર્યો; તેને બચાવવાનો પ્રયાસ કરતી વખતે.

# FWICEની ફિલ્મ ઈન્ડસ્ટ્રીને અપીલ, કહ્યું- 'દેશ પહેલા આવે છે, તુર્કીયેમાં શુટિંગ ન કરો'



ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE)એ ભારતીય પ્રોડ્યૂસર્સને તુર્કીયે દેશનો બહિષ્કાર કરવાની અપીલ કરી છે. FWICEના મુખ્ય સલાહકાર અશોક પંડિતે એક પત્ર લખીને, તમામ ભારતીય ફિલ્મ પ્રોડ્યૂસર્સને શૂટિંગના સ્થળ તરીકે તુર્કીયે દેશ પસંદ કરતા પહેલા વિચાર કરવા વિનંતી કરી છે. તેમણે ભારતના રાષ્ટ્રીય હિતોને પ્રભાવિત કરતી બાબતોમાં તુર્કીયેના પાકિસ્તાન પ્રત્યે વધતા સમર્થનનો ઉલ્લેખ કરીને બહિષ્કારની વાત કરી છે.FWICEના મુખ્ય સલાહકાર અને ફિલ્મ મેકર અશોક પંડિતે ફિલ્મ પ્રોડ્યૂસર્સને તુર્કીયેનો બોયકોટ કરવાની અપીલ કરતો પત્ર લખ્યો.FWICEના મુખ્ય સલાહકાર અને ફિલ્મ મેકર અશોક પંડિતે ફિલ્મ પ્રોડ્યૂસર્સને તુર્કીયેનો બોયકોટ કરવાની અપીલ કરતો પત્ર લખ્યો.

# શ્રેયસ તલપડે અને તુષાર કપૂરની હોરર-કોમેડી ફિલ્મ 'કપકપી'નું ટ્રેલર રિલીઝ




'ગોલમાલ'ની ધમાકેદાર જોડી શ્રેયસ તલપડે અને તુષાર કપૂર ફરી એકવાર સાથે જોવા મળવાના છે. તેમની આગામી ફિલ્મ 'કપકપી'નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. 'ક્યા કૂલ હૈ હમ' અને 'અપના સપના મની મની' જેવી કોમેડી ફિલ્મોના પ્રખ્યાત ડિરેક્ટર સ્વર્ગસ્થ સંગીત સિવનની આ હોરર-કોમેડી ફિલ્મ 23 મેના રોજ થિયેટર્સમાં રિલીઝ થશે.'ગોલમાલ'ની સુપરહીટ જોડી શ્રેયસ તલપડે અને તુષાર કપૂર ફરી 'કપકપી'માં સાથે દેખાશે.'ગોલમાલ'ની સુપરહીટ જોડી શ્રેયસ તલપડે અને તુષાર કપૂર ફરી 'કપકપી'માં સાથે દેખાશે.હોરર-કોમેડી ફિલ્મનું ટ્રેલર યુટ્યુબ પર રિલીઝ થયું છે. શ્રેયસ તલપડે અને તુષાર કપૂર અભિનીત આ ઘોસ્ટ ડ્રામામાં Ouija (ઉઈજા) બોર્ડની આસપાસ સર્જાતી અરાજકતા અને કોમિક ટાઈમિંગ તમને હસવા અને ડરવા પર મજબૂર કરી દેશે. (Ouija બોર્ડને ટોકિંગ બોર્ડ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક સપાટ બોર્ડ છે, જેમાં સંખ્યા અને અક્ષરોની એક ચોક્કસ પેટર્ન હોય છે. થીયરીમાં તેનો ઉપયોગ મૃતકો સાથે વાત કરવા માટે થાય છે.વાર્તાની શરૂઆત 'અપની દુનિયા સે કાફી દૂર એક ઓર દુનિયા હે, ઉસી દુનિયા સે કોન્ટેક્ટ કરને કા ગેમ હે યે' ડાયલોગ અને Ouija બોર્ડની સાથે ગરબડ કરતા જિજ્ઞાસુ મિત્રોના ટોળા સાથે થાય છે પરંતુ ભયના બદલે શરૂ થાય છે મેડનેસ. ફિલ્મમાં શ્રેયસ તલપડે અને તેના મિત્રો આત્માને 'દર્શન દો આત્માજી' કહીને બોલાવે છે.

# સિંગર સુરેશ વાડકરે લગ્ન માટે ના પાડી હતી; 'ધક ધક ગર્લે' દરેક પાત્ર આઇકોનિક બનાવી દીધાં

તમે તેને મોહિની કહો કે ધક-ધક ગર્લ, નિશા કહો કે ચંદ્રમુખી... માધુરી દીક્ષિતે દરેક પાત્રને પોતાની સ્ટાઈલથી આઈકોનિક બનાવી દીધાં છે. આજે તે 58 વર્ષની થઈ છે, પણ 90ના દાયકાનો ઉલ્લેખ માધુરીને યાદ કર્યા વગર અધૂરો માનવામાં આવે છે. એ સમયગાળા દરમિયાન તેની દરેક ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી.એક્ટિંગ હોય કે ડાન્સ, રોમાંસ હોય કે એક્શન, માધુરીએ દરેક ભૂમિકામાં જીવંતતા લાવી છે. માધુરીનું પ્રોફેશનલ જીવન પણ તેના જેટલું જ સફળ છે. એવી જ રીતે તેનું અંગત જીવન પણ ઘણીવાર હેડલાઈન્સમાં રહેતું હતું. તેનું નામ સંજય દત્ત, અનિલ કપૂર અને ક્રિકેટર અજય જાડેજા સાથે પણ જોડાયું હતું.માધુરી દીક્ષિતના 58મા જન્મદિવસ નિમિત્તે, ચાલો જાણીએ તેના પ્રેમજીવન સાથે જોડાયેલી કેટલીક વાતો...અનિલ કપૂર સાથે અફેરની ચર્ચા શરૂ થઈ, અભિનેતાની પત્ની સેટ પર પહોંચી અનિલ કપૂર અને માધુરી દીક્ષિતની જોડી દર્શકોને ખૂબ જ પસંદ આવી હતી. 'રામ લખન', 'પરિંદા' અને 'બેટા' જેવી ફિલ્મોમાં બંને વચ્ચેની કેમિસ્ટ્રીએ પડદા પર ધૂમ મચાવી હતી. આ સમય દરમિયાન તેમના અફેરના સમાચાર પણ મીડિયામાં આવવા લાગ્યા, પરંતુ અનિલની પત્નીને આ સમાચારની જાણ થતાં જ તે



તેનાં બાળકો સાથે સેટ પર પહોંચી ગઈ.એવું કહેવાય છે કે જ્યારે માધુરીએ અનિલને તેના પરિવાર સાથે સમય વિતાવતા જોયો, ત્યારે તેણે નક્કી કર્યું કે- તે ફરી ક્યારેય તેની સાથે કામ નહીં કરે. જોકે ઘણાં વર્ષો પછી બંને 'પુકાર'માં સાથે જોવા મળ્યાં હતાં. આ પછી બંનેએ 2019ની 'ટોટલ ધમાલ'માં પણ કામ કર્યું.માધુરીનું નામ સંજય દત્ત સાથે પણ જોડાયું હતું માધુરીનું નામ સંજય દત્ત સાથે પણ જોડાયું હતું. 1991માં રિલીઝ થયેલી ફિલ્મ 'સાજન' ના શૂટિંગ દરમિયાન સંજય દત્ત અને માધુરી દીક્ષિત નજીક આવવા લાગ્યાં. ફિલ્મમાં રોમાન્સ કરતી વખતે બંને એકબીજાની નજીક આવ્યાં અને એકબીજાના પ્રેમમાં પડ્યાં. આ ફિલ્મ રિલીઝ થઈ અને બોક્સ ઓફિસ પર ખૂબ જ સફળ સાબિત થઈ. આ હિટ જોડી 1993માં ફિલ્મ 'ખલનાયક' માટે ફરી એક થઈ હતી. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન માધુરીએ 'નો પ્રેગ્નન્સી' ક્લોઝ પર સહી કરવી પડી હતી.સુભાષ ઘાઈ માધુરી સાથે ફિલ્મ 'ખલનાયક'માં કામ કરી રહ્યા હતા. આ સમય દરમિયાન તેમને લાગ્યું કે- જો માધુરી તેમની ફિલ્મની વચ્ચે લગ્ન કરી લેશે અથવા પ્રેગ્નન્ટ થઈ જશે તો તેની ફિલ્મ અધવચ્ચે જ અટકી જશે. આ વિચારીને સુભાષ ઘાઈએ માધુરી પાસેથી 'નો પ્રેગ્નન્સી'ના કરાર પર સહી કરાવી.

# પાકિસ્તાની જેવલિન થ્રોઅરને ફોન કરવા બદલ ટ્રોલ કરવામાં આવ્યો; આવતીકાલે દોહા ડાયમંડ લીગમાં ભાગ લેશે



ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ ગુરુવારે કહ્યું કે તે અને અરશદ નદીમ ક્યારેય ગાઢ મિત્રો નહોતા. દોહા ડાયમંડ લીગની પૂર્વસંધ્યાએ નીરજે કહ્યું, 22 એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલા પછી, ભારત અને પાકિસ્તાન વચ્ચે વસ્તુઓ પહેલા જેવી રહેશે નહીં. નીરજ ચોપરા 16 મેના રોજ ડાયમંડ લીગ અભિયાન શરૂ કરશે. તેમનો કાર્યક્રમ રાત્રે 10:15 વાગ્યે યોજાશે.પહેલગામ આતંકવાદી હુમલા પછી નીરજ ચોપરા અને તેના પરિવારને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો. કારણ કે, નીરજે પાકિસ્તાનના નદીમને બેંગલુરુમાં NC ક્લાસિક માટે આમંત્રણ આપ્યું હતું, જોકે તે ઈવેન્ટ મુલતવી રાખવામાં આવી છે.અરશદ નદીમ સાથેની મિત્રતાના સવાલ પર નીરજ ચોપરાએ કહ્યું-QuoteImageસૌ પ્રથમ હું એ સ્પષ્ટ કરવા માગુ છું કે મારો (નદીમ સાથે) બહુ મજબૂત સંબંધ નથી. અમે ક્યારેય ગાઢ મિત્રો નહોતા. પરંતુ આ (ભારત-પાકિસ્તાન સરહદ પર તણાવ)ને કારણે, અમારી વચ્ચેની વાતચીત પહેલા જેવી નહીં થાય. પણ જો કોઈ મારી સાથે આદરથી વાત કરે છે તો હું પણ તેની સાથે આદરથી વાત કરું છું.QuoteImageતેણે એ પણ સ્પષ્ટતા કરી- આતંકવાદી હુમલા પહેલા તેને આમંત્રણ આપ્યું હતું પેરિસ ગેમ્સના સિલ્વર વિનર સ્ટારે અગાઉ કહ્યું હતું કે નદીમને તેના સન્માનમાં આયોજિત ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યા બાદ સોશિયલ મીડિયા પર અપમાનજનક પોસ્ટ્સમાં તેમની અને તેમના પરિવારની પ્રામાણિકતા પર સવાલ ઉઠાવવાથી તેમને ખૂબ જ દુઃખ થયું છે. ચોપરાએ ત્યારે સ્પષ્ટતા કરી હતી કે એનસી ક્લાસિક માટેના આમંત્રણો પહેલગામ આતંકવાદી હુમલાના એક દિવસ પહેલા મોકલવામાં આવ્યા હતા, જેમાં 26 લોકો માર્યા હતા.ખેલાડીઓ તરીકે, આપણા એકબીજા સાથે વાત કરવી પડશે: નીરજ નીરજ ચોપરાએ કહ્યું, 'ખેલાડીઓ તરીકે, આપણે વાત કરવી પડશે.' દુનિયાભરના રમતગમત સમુદાયમાં મારા કેટલાક સારા મિત્રો છે. જે ફક્ત ભાલા ફેંકમાં જ નહીં પરંતુ અન્ય રમતોમાં પણ આગળ છે. જો કોઈ મારી સાથે આદરથી વાત કરશે તો હું પણ તેની સાથે પૂરા આદરથી વાત કરીશ. ₹ભાલા ફેંક એક ખૂબ જ નાનો સમુદાય છે અને દરેક વ્યક્તિ પોતાના દેશ માટે સ્પર્ધા કરી રહી છે અને દરેક વ્યક્તિ પોતાનું શ્રેષ્ઠ આપવા માંગે છે,₹ હરિયાણાના સ્ટારે કહ્યું.નીરજ ચોપરા સંબંધિત આ સમાચાર પણ વાંચો...નીરજ ચોપરાને ટેરિટોરિયલ આર્મીમાં લેફ્ટનન્ટ કર્નલ બનાવ્યા: ધોની, કપિલ દેવ. બિન્દ્રા તેનો ભાગભારતીય સેનાએ સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાને ટેરિટોરિયલ આર્મીમાં લેફ્ટનન્ટ કર્નલનો માનદ પદ એનાયત કર્યો છે. નીરજને રમતમાં તેમના અસાધારણ યોગદાન અને રાષ્ટ્ર પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા માટે આ સન્માન આપવામાં આવ્યું છે. સંપૂર્ણ સમાચાર વાંચો... ભારતીય સેનાએ સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાને ટેરિટોરિયલ આર્મીમાં લેફ્ટનન્ટ કર્નલનો માનદ પદ એનાયત કર્યો છે. નીરજને રમતમાં તેમના અસાધારણ યોગદાન અને રાષ્ટ્ર પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા માટે આ સન્માન આપવામાં આવ્યું છે.સંરક્ષણ મંત્રાલયે બુધવાર, 14 મેના રોજ આ જાહેરાત કરી હતી. નિવેદન અનુસાર, આ નિમણૂક 16 એપ્રિલથી અમલમાં છે. નીરજ ચોપરા અગાઉ ભારતીય સેનામાં સુબેદાર તરીકે પોસ્ટેડ હતા. તેમને 2018માં સુબેદાર બનાવ્યા હતા. નીરજ 2016માં નાયબ સુબેદાર તરીકે ભારતીય સેનામાં જોડાયા હતા.નીરજ ચોપરા પહેલા, ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન એમએસ ધોની, કપિલ દેવ અને અભિનવ બિન્દ્રા જેવા ખેલાડીઓને ટેરિટોરિયલ આર્મીમાં માનદ પદવીઓ આપવામાં આવી છે.નીરજ 16 મેના રોજ દોહા ડાયમંડ લીગમાં ભાગ લેશે નીરજ ચોપરા શુક્રવાર 16 મેના રોજ દોહા ડાયમંડ લીગમાં ભાગ લેશે. નીરજ ગયા સિઝનમાં 88.36 મીટરની દૂરી પર જેવલિન થ્રો કરીને બીજા સ્થાને રહ્યો હતો. તે 2023માં 88.67 મીટરના સ્કોર સાથે ચેમ્પિયન બન્યો. નીરજ ઉપરાંત, જેવલિન થ્રોઅર કિશોર જેના, મિડલ ડિસ્ટન્સ રનર ગુલવીર સિંહ અને પારુલ ચૌધરી પણ ભાગ લેશે.નીરજે સતત બે ઓલિમ્પિક મેડલ જીત્યા છે નીરજ ચોપરા વિશ્વનો નંબર-2 જેવલિન થ્રોઅર છે. તેમણે સતત બે ઓલિમ્પિક રમતોમાં ભારત માટે મેડલ જીત્યા છે. નીરજે પેરિસ ઓલિમ્પિકમાં સિલ્વર અને ટોકિયો ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ઉપરાંત, તેમણે વર્લ્ડ ચેમ્પિયનશિપ, એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સ જેવી વિશ્વ કક્ષાની ટુર્નામેન્ટમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યા છે.પ્રાદેશિક સેના એક અર્ધલશ્કરી દળ છે ટેરિટોરિયલ આર્મી એક અર્ધલશ્કરી દળ છે. આને સંરક્ષણની બીજી હરોળ કહેવામાં આવે છે. તેણે દેશમાં ઘણા મોટા ઓપરેશન્સમાં કામ કર્યું છે. તે યુદ્ધના મોરચે આગળની હરોળના સૈનિકોના પડછાયા તરીકે કાર્ય કરે છે અને તેમની પાછળ તેમને મદદ કરવા માટે તૈયાર રહે છે. હાલમાં તેના 50 હજાર સભ્યો છે, જે 65 વિભાગીય એકમો (જેમ કે રેલવે, IOC) અને બિન-વિભાગીય પાયદળ અને એન્જિનિયર બટાલિયનમાં છે.

# વિનરને 30.79 કરોડ રૂપિયા મળશે; ત્રીજા નંબર પર રહેલા ભારતને 12.32 કરોડ રૂપિયા મળશે




ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (W T C ) ની રકમમાં વધારો કર્યો છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચ ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે 11 થી 15 જૂન દરમિયાન લોર્ડ્સમાં રમાશે.વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના વિનરને 30.79 કરોડ રૂપિયાની રકમ મળશે, જ્યારે હારનારી ટીમને 18.47 કરોડ રૂપિયાની રકમ મળશે.છેલ્લી બે ફાઈનલ કરતાં 17.96 કરોડ વધુ આ વખતે વિજેતા ટીમ માટે ઈનામી રકમ છેલ્લા બે ફાઈનલ, ન્યૂઝીલેન્ડ (2021) અને ઓસ્ટ્રેલિયા (2023)ના વિજેતાઓએ જીતેલી રકમ કરતાં 17.96 કરોડ રૂપિયાથી વધુ છે. છેલ્લી બે ફાઈનલમાં, વિજેતાને 13.68 કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા, જ્યારે રનર-અપને 6.84 કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા.ઓસ્ટ્રેલિયાએ 2023માં ભારતને હરાવીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો.ઓસ્ટ્રેલિયાએ 2023માં ભારતને હરાવીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો.ટીમ ઈન્ડિયાને 12.32 કરોડ રૂપિયા મળશે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં રમનાર તમામ 9 ટીમને ઈનામની રકમ મળશે. નવમા સ્થાને રહેલા પાકિસ્તાનને પણ 4.10 કરોડ રૂપિયા મળશે. ત્રીજા ક્રમે રહેલી ટીમ ઈન્ડિયાને 12.32 કરોડ રૂપિયા મળશે.ટૉપ-2માં રહીને સાઉથ આફ્રિકા-ઓસ્ટ્રેલિયા ફાઈનલ માટે ક્વોલિફાય થયા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ત્રીજા તબક્કામાં, સાઉથ આફ્રિકાએ 69.44 ટકા સાથે પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન મેળવીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું. જ્યારે ઓસ્ટ્રેલિયાએ 67.54 ટકા સાથે બીજા સ્થાને રહીને ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું.ભારત મોટાભાગે પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહ્યું, પરંતુ અંતે 50.00 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહ્યું. ભારતને છેલ્લી બે સિરીઝમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ન્યૂઝીલેન્ડ સામે ઘરઆંગણે શ્રેણી હાર્યા બાદ, તેમને ઓસ્ટ્રેલિયામાં હારનો સામનો કરવો પડ્યો.ICC પ્રમુખ જય શાહે કહ્યું- ત્રીજો તબક્કો ખૂબ જ રસપ્રદ હતો ICC ચેરમેન જય શાહે કહ્યું કે ત્રીજો તબક્કો ખૂબ જ રસપ્રદ હતો. અંતે ફાઈનલિસ્ટનો નિર્ણય લેવામાં આવ્યો. મને ખાતરી છે કે એક મહિના કરતાં પણ ઓછા સમયમાં જ્યારે ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા એકબીજા સામે ટકરાશે ત્યારે લોર્ડ્સના દર્શકો તેમજ વિશ્વભરમાંથી પ્રવાસ કરતા ચાહકોને આ પ્રતિષ્ઠિત ફોર્મેટમાં શાનદાર ક્રિકેટનો આનંદ માણવા મળશે.પેટ કમિન્સે કહ્યું- અમારા માટે ટ્રોફીને ડિફેન્ડ કરવી મહત્વપૂર્ણ ઓસ્ટ્રેલિયા ટીમના કેપ્ટન પેટ કમિન્સે કહ્યું કે લોર્ડ્સમાં ટ્રોફીને ડિફેન્ડ કરવી અમારા માટે ગર્વની વાત છે.છેલ્લા બે વર્ષમાં ટીમનો ભાગ રહેલા તમામ ખેલાડીઓને ફાઈનલમાં પહોંચવા બદલ હું અભિનંદન આપું છું અને તે અમારા માટે સન્માનની વાત છે. આ માટે બધાએ ખૂબ મહેનત કરી છે. અમે ઈંગ્લેન્ડમાં સાઉથ આફ્રિકાના પડકારની રાહ જોઈ રહ્યા છીએ.ટેમ્બા બાવુમાએ કહ્યું - ICC ટાઈટલ જીતવાની સારી તક સાઉથ આફ્રિકાની ટીમના કેપ્ટન ટેમ્બા બાવુમાએ કહ્યું છે કે તેઓ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચીને ખૂબ જ ખુશ છે. અમાપી પાસે ICC ટાઈટલ જીતવાની સારી તક છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના વિનરને 30.79 કરોડ રૂપિયાની રકમ મળશે, જ્યારે હારનારી ટીમને 18.47 કરોડ રૂપિયાની રકમ મળશે.

## દેશ - વિદેશ

# સિંધુનું પાણી અમારી રેડ લાઈન; આતંકી મસૂદ અઝહરને 14 કરોડ રૂપિયા આપશે પાકિસ્તાન



પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે બુધવારે પંજાબ પ્રાંતના સિયાલકોટ પસરુર છાવણીમાં પાકિસ્તાની સૈનિકોને સંબોધિત કર્યા. આ દરમિયાન તેમણે કહ્યું કે, અમે ભારતના ઘમંડને કચડી નાખ્યો છે.ડોન ન્યૂઝ અનુસાર, પાકિસ્તાની પીએમએ કહ્યું કે દુશ્મન, જે અમારા કરતા મોટો છે, તેને એ વાતનો ગર્વ છે કે તેની પાસે અબજો ડોલરના લશ્કરી સાધનો છે. અમે તેને મોટો આંચકો આપ્યો છે. અમે યુદ્ધ અને શાંતિ બંને માટે તૈયાર છીએ. પસંદગી તમારી (ભારત) છે.શાહબાઝ શરીફે ભારતને સિંધુ જળ કરાર સ્થગિત કરવા સામે ચેતવણી પણ આપી હતી. તેમણે કહ્યું- જો તમે અમારું પાણી બંધ કરશો, તો આ અમારી રેડ લાઈન છે. પાણી પર અમારો અધિકાર છે. અમારી સેના અમારા હકો માટે લડશે.પાકિસ્તાની પીએમ પસરુર છાવણી પહોંચ્યા. આર્મી ચીફ અસીમ મુનીર અને અનેક કેન્દ્રીય મંત્રીઓ પણ તેમની સાથે હતા.પાકિસ્તાની પીએમ પસરુર છાવણી પહોંચ્યા. આર્મી ચીફ અસીમ મુનીર અને અનેક કેન્દ્રીય મંત્રીઓ પણ તેમની સાથે હતા.પાકિસ્તાન સંબંધિત અપડેટ્સ માટે, બ્લોગ વાંચો...અપડેટ્સ10:26 AM15 મે 2025પાકિસ્તાને સિંધુ જળ સંધિ સ્થગિત કરવા પર ભારતને લખ્યો પત્રપાકિસ્તાને સિંધુ જળ સંધિ સ્થગિત કરવા અંગે ભારતને પત્ર લખ્યો છે. જીઓ ન્યૂઝ અનુસાર, પત્રમાં પાકિસ્તાને સંધિને એકપક્ષીય રીતે સ્થગિત કરવાના ભારતના નિર્ણયને નકારી કાઢ્યો છે.08:28 AM15 મે 2025પરમાણુ એજન્સીએ કહ્યું- પાકિસ્તાનમાં કોઈ રેડિયેશન લીક નથીઆંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (I A E A ) એ પાકિસ્તાનના કોઈપણ પરમાણુ સુવિધામાંથી રેડિયેશન લીક થવાના દાવાઓને નકારી કાઢ્યા છે.એજન્સીએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે પાકિસ્તાનના કોઈપણ પરમાણુ પ્લાન્ટમાંથી રેડિયેશન લીક થયું નથી.08:27 AM15 મે 2025પાકિસ્તાનના પીએમ આતંકવાદી મસૂદને 14 કરોડ આપશેપાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી નેતા મસૂદ અઝહરને 14 કરોડ રૂપિયા (પાકિસ્તાની ચલણમાં) આપવાની જાહેરાત કરી છે. બહાવલપુરમાં જૈશના આતંકવાદી ઠેકાણાઓ પર ભારતીય સેનાના ઓપરેશન સિંદૂર હેઠળ કરવામાં આવેલા હુમલામાં મસૂદના પરિવારના 14 સભ્યો માર્યા ગયા હતા.આમાં મસૂદની બહેન અને ભત્રીજાઓનો સમાવેશ થતો હતો. તમને જણાવી દઈએ કે આતંકવાદી મસૂદ હાલમાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIના સેફ હાઉસમાં છુપાયેલો છે. જ્યારે આતંકવાદી સંગઠન લશ્કરનો વડા હાફિઝ સઈદ પણ સેફ હાઉસમાં છે.08:21 AM15 મે 2025પાકિસ્તાને કહ્યું- કાશ્મીર મુદ્દો સંયુક્ત રાષ્ટ્રના ઠરાવ મુજબ ઉકેલવો જોઈએપાકિસ્તાનના પીએમએ કહ્યું કે કાશ્મીર મુદ્દો સંયુક્ત રાષ્ટ્રના ઠરાવ અનુસાર ઉકેલવો જોઈએ અને ત્યાર બાદ વ્યાપારિક વાતચીત થશે. ભારતે જેલમના નીલમમાં પાકિસ્તાનના જળ સંસાધનો પર હુમલો કર્યો, પરંતુ સરકારે સંયમ દાખવ્યો.તેમણે કહ્યું કે પાકિસ્તાને પહેલગામ હુમલાની તપાસની માગ કરી હતી અને સહયોગ કરવા સંમતિ આપી હતી, પરંતુ ભારતે રાતના અંધારામાં હુમલો કર્યો.08:21 A M 1 5 મે 2025પાકિસ્તાનના રાષ્ટ્રપતિ ઝરદારી હોસ્પિટલમાં ઘાયલ સૈનિકોને મળ્યાપાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી રાવલપિંડીની લશ્કરી હોસ્પિટલમાં ભારતીય હુમલામાં ઘાયલ થયેલા સૈનિકોને મળ્યા. તેમણે આ સૈનિકોની બહાદુરી અને દેશભક્તિની પ્રશંસા કરી.ડોન ન્યૂઝ અનુસાર, ઝરદારીએ કહ્યું કે દેશે દુશ્મનના હુમલાઓનો બહાદુરીથી પ્રતિકાર કર્યો છે. મોદી સરકાર પાકિસ્તાન સામે આક્રમણનો ઉપયોગ રાજકીય હેતુઓ માટે કરવા માગે છે.પાકિસ્તાની સેનાના ઘાયલ સૈનિકોને મળતા રાષ્ટ્રપતિ ઝરદારી.

# કહ્યું- બલુચિસ્તાન પાકિસ્તાનનો ભાગ નથી; ભારત પાસેથી સમર્થન માટે અપીલ કરી



બલૂચ નેતા મીર યાર બલોચે બુધવારે પાકિસ્તાનથી બલૂચિસ્તાનની આઝાદીની ઘોષણા કરી. તેમણે આ પાછળનું કારણ દાયકાઓથી બલૂચ લોકો સામે માનવાધિકાર ઉલ્લંઘન, અપહરણ અને હિંસા ગણાવી હતી.મીર યાર બલોચે એક્સપોસ્ટમાં કહ્યું - બલુચિસ્તાનના લોકોએ પોતાનો ₹રાષ્ટ્રીય ચુકાદો₹ આપી દીધો છે અને દુનિયાએ હવે ચૂપ રહેવું જોઈએ નહીં. અમારી સાથે જોડાઓ.તેમણે લખ્યું કે બલૂચ લોકો રસ્તાઓ પર છે અને તેમનો રાષ્ટ્રીય નિર્ણય છે કે બલૂચિસ્તાન પાકિસ્તાનનો ભાગ નથી અને દુનિયા હવે મૂક પ્રેક્ષક બનીને રહી શકે નહીં.તેમણે બલુચિસ્તાનની સ્વતંત્રતા માટે ભારત અને વૈશ્વિક સમુદાય પાસેથી માન્યતા અને સમર્થન માંગ્યું.પાકિસ્તાન પીઓકેના લોકોને ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યું છેમીર યારે ભારતીય મીડિયા, યુટ્યુબર્સ અને ભારતીય બુદ્ધિજીવીઓને બલૂચને પાકિસ્તાની લોકો ન કહેવા અપીલ કરી. આપણે પાકિસ્તાની નથી, બલૂચી છીએ. પાકિસ્તાનના પોતાના લોકો પંજાબી છે, જેમણે ક્યારેય હવાઈ બોમ્બમારો, અપહરણ કે નરસંહારનો સામનો કર્યો નથી.તેમણે પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર (POK) પર ભારતના વલણને સમર્થન આપ્યું. આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી કે તેઓ પાકિસ્તાન પર આ વિસ્તાર ખાલી કરવા માટે દબાણ લાવે.મીર યારે કહ્યું- ભારત પાકિસ્તાની સેનાને હરાવી શકે છે. જો પાકિસ્તાન ધ્યાન નહીં આપે, તો પાકિસ્તાની સેનાના લોભી સેનાપતિઓ જ રક્તપાત માટે જવાબદાર રહેશે કારણ કે ઈસ્લામાબાદ પીઓકેના લોકોને ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યું છે.વિદેશી દળોની મદદથી બલુચિસ્તાન પર કબજો કરવામાં આવ્યો હતોમીર યાર બલોચના મતે, દુનિયાએ બલુચિસ્તાન પર પાકિસ્તાનના દાવાઓને સ્વીકારવા જોઈએ નહીં. તેમણે કહ્યું કે બલુચિસ્તાન પર વિદેશી દળોની મદદથી બળજબરીથી કબજો કરવામાં આવ્યો હતો.બલુચિસ્તાનમાં લાંબા સમયથી માનવાધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. પાકિસ્તાની સેના અને પોલીસ લોકો પર હુમલો કરે છે. અહીં વિદેશી મીડિયાની પહોંચ ખૂબ જ મર્યાદિત છે, જેના કારણે બલુચિસ્તાન સાથે સંબંધિત સમાચાર બહાર આવી શકતા નથી.B L A બલુચિસ્તાનની સ્વતંત્રતા માટે લડી રહ્યું છેબલૂચ લિબરેશન આર્મી (BLA)એ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતની સ્વતંત્રતા માટે લડતું સંગઠન છે. તેની સ્થાપના 2000 ના દાયકાની શરૂઆતમાં થઈ હતી અને ઘણા દેશો દ્વારા તેને આતંકવાદી સંગઠન પણ જાહેર કરવામાં આવ્યું છે.BLAનો દાવો છે કે બલુચિસ્તાનના કુદરતી સંસાધનોનું શોષણ થઈ રહ્યું છે અને બલુચ લોકોના અધિકારો છીનવાઈ ગયા છે. આ સંગઠન પાકિસ્તાની સેના, સરકાર અને CPEC જેવા ચીની પ્રોજેક્ટ્સને નિશાન બનાવી રહ્યું છે.BLA તેના ગેરિલા યુદ્ધ શૈલી માટે જાણીતું છે. એનો અર્થ એ કે પહાડી વિસ્તારોમાં છુપાઈને સેના પર હુમલો કરવો અને તરત જ પાછા ફરવું.શું બલુચિસ્તાન આખરે પાકિસ્તાનથી અલગ થઈ જશે?પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીરે થોડા દિવસો પહેલા એક નિવેદનમાં કહ્યું હતું કે બલુચિસ્તાનમાં ફક્ત 1500 લોકોના કારણે અશાંતિ ફેલાઈ છે અને તેઓ લાખોની સંખ્યામાં પાકિસ્તાનની વ્યાવસાયિક સેનાને કોઈ નુકસાન પહોંચાડી શકે નહીં.બ્રિટિશ માનવાધિકાર કાર્યકર્તા પીટર ટેશેલ માને છે કે પાકિસ્તાન બલુચિસ્તાનની સ્વતંત્રતામાં વિલંબ કરી શકે છે, પરંતુ તેને કાયમ માટે રોકી શકશે નહીં. તેમણે બલૂચ સંઘર્ષની તુલના વિયેતનામના આંદોલન સાથે કરી.બલૂચ લેખક મીર યાર કહે છે કે બલૂચિસ્તાન હવે આઝાદીથી માત્ર બે ડગલાં દૂર છે. 1971માં બાંગ્લાદેશની પરિસ્થિતિ સાથે સરખામણી કરતા તેમણે કહ્યું કે પાકિસ્તાનની સેના અને ગુપ્તચર એજન્સીઓ આ વાસ્તવિકતા સ્વીકારી રહી નથી.

# અલ કાયદાના પૂર્વ આતંકવાદીને સક્ષમ ગણાવ્યો; સિરિયા પરના પ્રતિબંધો પણ હટાવ્યા, જાણો કારણ



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સિરિયા પર લાદવામાં આવેલા તમામ અમેરિકી પ્રતિબંધોને સમાપ્ત કરવાનો આદેશ આપ્યો છે. ટ્રમ્પે કહ્યું કે આ નિર્ણયથી સિરિયાને ફરીથી પ્રગતિ કરવાની તક મળશે.આ આદેશના બીજા દિવસે, મંગળવારે, ટ્રમ્પે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં સિરિયાના રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારાને મળ્યા. એક સમયે ટોચના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી રહેલા અલ-શારા સાથે ટ્રમ્પની મુલાકાતની ચર્ચા સમગ્ર વિશ્વમાં થઈ રહી છે.અહેમદ અલ-શારાએ 2011માં સિરિયામાં અનેક આત્મઘાતી હુમલાઓ કર્યા હતા. અમેરિકાએ તેના પર 10 મિલિયન ડોલર (લગભગ 84 કરોડ રૂપિયા)નું ઈનામ રાખ્યું હતું, જે પાંચ મહિના પહેલા ડિસેમ્બરમાં પાછું ખેંચી લેવામાં આવ્યું હતું.સિરિયાના રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારા (જમણે) ટ્રમ્પ સાથે. આ બેઠક દરમિયાન સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (ડાબે) પણ હાજર હતા.સિરિયાના રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારા (જમણે) ટ્રમ્પ સાથે. આ બેઠક દરમિયાન સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (ડાબે) પણ હાજર હતા.ટ્રમ્પે અહેમદ અલ-શારા સાથે પણ હાથ મિલાવ્યા.ટ્રમ્પે અહેમદ અલ-શારા સાથે પણ હાથ મિલાવ્યા.ડિસેમ્બર 2017માં, યુનાઈટેડ સ્ટેટ્સે અહેમદ અલ-શારા (જુલાની) પર $10 મિલિયનનું ઈનામ જાહેર કર્યું.ડિસેમ્બર 2017માં, યુનાઈટેડ સ્ટેટ્સે અહેમદ અલ-શારા (જુલાની) પર $10 મિલિયનનું ઈનામ જાહેર કર્યું.બંને ફોટા અહેમદ અલ-શારાના છે. એક વર્ષ પહેલા તે આતંકવાદી તરીકે જાણીતા હતા. હવે તે સિરિયાના રાષ્ટ્રપતિ છે.

બંને ફોટા અહેમદ અલ-શારાના છે. એક વર્ષ પહેલા તે આતંકવાદી તરીકે જાણીતા હતા. હવે તે સિરિયાના રાષ્ટ્રપતિ છે.અલ-જુલાની અલ-શારા તરીકે ઓળખાતા હતાઅહમદ અલ-શારા પહેલા અબુ મોહમ્મદ અલ-જુલાની તરીકે ઓળખાતા હતા. જુલાનીએ 2003માં તબીબી અભ્યાસ છોડી દીધો અને અલ કાયદાના નેતાઓના સંપર્કમાં આવ્યો. 2006માં યુએસ સેના દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને જેલમાં મોકલવામાં આવ્યો હતો.

# કર્નલ સોફિયા કુરેશીના અપમાન બદલ મંત્રી સામે એફઆઈઆરનો આદેશ



મધ્ય પ્રદેશના મંત્રી વિજય શાહે ઓપરેશન સિંદૂરમાં મહત્વપૂર્ણ કામગીરી કરનારા કર્નલ સોફિયા કુરેશી અંગે વાંધાજનક નિવેદન આપ્યું હતું, આ નિવેદનની મધ્ય પ્રદેશ હાઈકોર્ટે નોંધ લીધી હતી અને તાત્કાલીક મંત્રીની સામે ચાર કલાકમાં જ એફઆઈઆર દાખલ કરવા આદેશ આપ્યો હતો. બીજી તરફ લોકોએ સોશિયલ મીડિયા પર મંત્રીના વાંધાજનક નિવેદનની ભારે ટિકા કરી હતી.

એક કાર્યક્રમમાં જાહેર મંચ પરથી મધ્ય પ્રદેશના મંત્રી વિજય શાહે સૈન્યના કર્નલ સોફિયા કુરેશી અંગે વાંધાજનક નિવેદન આપ્યું હતું, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહ્યો છે. જેમાં વિજય શાહ પહલગામ હુમલો અને ભારતના ઓપરેશન સિંદૂરની વાત કરી રહ્યા હતા ત્યારે કર્નલ સોફિયા કુરેશી અંગે વારંવાર વાંધાજનક નિવેદન આપ્યા હતા. તેમના આ નિવેદનની વિપક્ષ દ્વારા ભારે ટિકા કરવામાં આવી હતી. જ્યારે લોકોએ પણ સોશિયલ મીડિયા પર મંત્રીની ટિકા કરી હતી. મંત્રીના આ નિવેદનની નોંધ મધ્ય પ્રદેશ હાઈકોર્ટે સુઓમોટો નોંધ લીધી હતી અને ફટકાર લગાવી હતી. હાઈકોર્ટના ન્યાયાધીશ અતુલ શ્રીધરનની બેંચે કહ્યું હતું કે ચાર કલાકની અંદર મંત્રી વિજય શાહ સામે ફરિયાદ દાખલ કરો. આ મામલે હવે ગુરુવારે વધુ સુનાવણી કરવામાં આવશે. જ્યારે કોંગ્રેસે વિજય શાહના રાજીનામાની માગણી કરી હતી. નોંધનીય છે કે પાકિસ્તાનના આતંકીઓ સામે ભારતના ઓપરેશન સિંદૂરનું મીડિયા બ્રિફિંગ સૈન્યના કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડ વ્યોમિકા સિંહે સંભાળ્યું હતું અને આ ઓપરેશનની સફળતાની વાત દેશ સુધી પહોંચાડી હતી. દેશભરમાં કર્નલ સોફિયા કુરેશીના વખાણ થઈ રહ્યા છે. એવામાં મંત્રીએ તેમના અંગે વાંધાજનક નિવેદન કરી વિવાદ છેડયો હતો. મધ્ય પ્રદેશના મંત્રી વિજય શાહે ઓપરેશન સિંદૂરમાં મહત્વપૂર્ણ કામગીરી કરનારા કર્નલ સોફિયા કુરેશી અંગે વાંધાજનક નિવેદન આપ્યું હતું, આ નિવેદનની મધ્ય પ્રદેશ હાઈકોર્ટે નોંધ લીધી હતી અને તાત્કાલીક મંત્રીની સામે ચાર કલાકમાં જ એફઆઈઆર દાખલ કરવા આદેશ આપ્યો હતો.

# દ્વારકામાં બે શખસનું પાક. કનેક્શન નીકળ્યું: પાક. વિરુદ્ધ ન બોલવાનું કહી મારી નાખવાની ધમકી આપી,

## FB-વ્હોટ્સએપથી હતા સંપર્કમાં : બે શખ્સોની ધરપકડ

મુંબઈ તરંગ જામનગર રમીલાબેન જોષીતાજેતરમાં અમદાવાદમાં ઝડપાયેલી બાંગ્લાદેશી મહિલાનું પાકિસ્તાન કનેક્શન સામે આવ્યું હતું. ત્યાર બાદ હવે દેવભૂમિ દ્વારકાના ભાણવડમાંથી પોલીસે પાકિસ્તાની નાગરિકો સાથે સંપર્ક ધરાવતા હુસૈન સુમાર હિંગોરા અને નૂરમામદ ઉમર હિંગોરા નામના બે શખસની ધરપકડ કરી છે.આરોપીઓએ ભાણવડના ભેનકવડ ગામના મુકેશ ખીંટ પાકિસ્તાન વિરુદ્ધ કંઈ ન બોલવા ધમકી આપી હતી. પોલીસ તપાસમાં આરોપીઓના ફોનમાંથી તેઓ વ્હોટ્સએપ અને ફેસબુક દ્વારા પાકિસ્તાનના નાગરિકો સાથે સંપર્કમાં હોય એવા પુરાવા મળ્યા છે.આ અંગે મળતી માહિતી મુજબ, ભાણવડ તાલુકાના ભેનકવડમાં રહેતા બે શખસ હુસૈન સુમાર હિંગોરા અને નૂરમામદ ઉમર હિંગોરાએ ગામના જ મુકેશ ખીંટને પાકિસ્તાન અંગે કંઈ ખરાબનબોલવાનું કહી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ ચકચારી બનાવ અંગે DySP સાગર રાઠોડે કહ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવભરી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. દેશની રક્ષા માટે ભારતીય જવાનો પાકિસ્તાન સાથે સરહદ પર લડી રહ્યા છે, જેમાં ભારતના વિજયની પરિસ્થિતિને લઇ મુકેશભાઈ રણમલભાઈ ખીંટ (28 વર્ષ, રહે.

ભાણવડ ગામ, તા.ભાણવડ, દેવભૂમિ દ્વારકા) પોતાના મોબાઈલમાં એને લગતી રીલ્સ જોઈ રહ્યા હતા.ફરિયાદીના જણાવ્યા મુજબ, બે દિવસ પૂર્વે રણજિત પરા વિસ્તારમાં આવેલી એક દુકાનમાં તેઓ પોતાના મોબાઈલમાં રીલ્સ જોઈ રહ્યા હતા. એમાં ભારત-પાકિસ્તાનના યુદ્ધના વીડિયો આવ્યા હતા. એ સમયે અહીં દુકાનમાં કામ કરતો અને ભાણવડ ગામમાં જ રહેતો નૂરમામદ ઉમર હિંગોરા નામનો શખસ ઉશ્કેરાઈ ગયો હતો અને મુકેશભાઈની સાથે ઉગ્ર બોલાચાલી કરી પાકિસ્તાન વિરુદ્ધ કંઈ ન બોલવા કહ્યું હતું.ત્યાર પછી અન્ય એક આરોપી હુસૈન સુમાર હિંગોરાએ મુકેશભાઈને ફોન કરી આ બનાવ અંગે આરોપી નૂરમામદના સમર્થનમાં આવી ઉશ્કેરાઈને ગાળો આપી હતી. આટલું જ નહીં, આરોપીઓએ ફરિયાદી યુવાનને રણજિતપરા વિસ્તારમાં આવેલી એક પાનની દુકાને બોલાવી જો તેઓ પાકિસ્તાન વિશે કાંઈ બોલશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાની ફરિયાદ ભાણવડ પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.આ બનાવ બનતાં ભાણવડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં રહેલા સર્વેલન્સ સ્ટાફના જવાનોએ તાકીદે આ સ્થળે દોડી જઈને આરોપીઓ સામે ગુનો નોંધી બન્ને શખ્સની અટકાયત કરવા અંગેની કાર્યવાહી કરી હતી. આ ગુનાની તપાસ દરમિયાન આરોપીઓના મોબાઈલ ફોન ચેક કરતાં તેઓ પાકિસ્તાનના ઘણા શખસો સાથે વ્હોટ્સએપ, ફેસબુક સહિત અલગ અલગ સોશિયલ મીડિયા એપ્લિકેશનથી સંપર્કમાં હોવાનું સામે આવ્યું હતું. પોલીસ આ દિશામાં તપાસ ચલાવી રહી છે.

# સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ કો-ઓર્ડિનેશન અને મોનિટરિંગ કમિટી (DISHA) ની બેઠક યોજાઈ

- અમરેલી જિલ્લામાં કેન્દ્ર સરકાર સંચાલિત જન કલ્યાણકારીયોજનાઓ અને અભિયાનોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી---
- સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે થયેલા કાર્યો સારીરીતે થયા હજી વધુ સારા કાર્યો કરવા સાંસદશ્રીનો અનુરોધ---
- નાના ઉદ્યોગ માટે નાગરિકોને સરળતાથી લોન મળીરહે માટે જરૂરી દિશા નિર્દેશ આપતા સાંસદશ્રી સુતરિયા---



અમરેલી તા.૧૫ મે, ૨૦૨૫ (ગુરુવાર) અમરેલી સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ કો-ઓર્ડિનેશન અને મોનિટરિંગ કમિટી (DISHA) ની બેઠક યોજાઈ હતી.અમરેલી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં સાંસદશ્રીએ ભરતભાઈ કેન્દ્ર સરકાર સંચાલિત જનકલ્યાણકારી યોજનાઓ, અભિયાનો અને વિકાસ કાર્યો અન્વયે થયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. સાંસદશ્રીએ, જિલ્લામાં સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે નાગરિકો માટે થયેલા વિકાસ કાર્યો માટે અભિનંદન પાઠવી હજી વધુ સારા કાર્યો કરવા માટે અનુરોધ કર્યો હતો.કેન્દ્ર સરકારની યોજનાઓ અને પ્રકલ્પોને વધુ પ્રભાવી રીતે નાગરિકો સુધી પહોંચે માટે જરુરી સૂચનાઓ અને માર્ગદર્શન પણ સાંસદશ્રીએ આપ્યુ હતુ. સાંસદશ્રીએ, નાગરિકોને નાના ઉદ્યોગ માટે સરળતાથી લોન મળી રહે માટે જરુરી સૂચનાઓ અને નિર્દેશ આપ્યા હતા. આ ઉપરાંત રેલવે, વીજળી, જળસંચય સહિતના પ્રશ્નોના નિરાકરણ માટે વિવિધ કચેરીઓના વડાશ્રીઓ સાથે પરામર્શ કરવામાં આવ્યુ હતુ. જિલ્લામાં ભૌતિક સુવિધાઓ થકી જનસુખાકારી વધારો થાય તે માટે સાંસદશ્રીએ સૂચન કર્યુ હતુ.આ બેઠકમાં, મનરેગા, દીનદયાળ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, પ્રધાનમંત્રી આવાસ યોજના, રાષ્ટ્રીય કૃષિ તથા પરંપરાગત કૃષિ વિકાસ યોજના, આત્મા, સ્વામીત્વ યોજના, રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન, સ્વચ્છ ભારત મિશન, નેશનલ એનિમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ, નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલોપમેન્ટ, ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સ્કીમ, સેફ્ટી એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન, બેટી બચાવો બેટી પઢાવો, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, નેશનલ હેલ્થ મિશન નેશનલ ટ્યુબર કોલોસીસ એલિમિનેશન પ્રોગ્રામ, સમગ્ર શિક્ષા, પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ, સુગમ્ય ભારત અભિયાન, નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ, ખેલો ઈન્ડિયા 2.0 સહિતના પ્રજાલક્ષી યોજનાઓ અને અભિયાનોના લક્ષ્યાંક સામે સિદ્ધિઓની સમીક્ષા કરી હતી.જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યાએ પણ પ્રજાકીય પ્રશ્નોના નિરાકરણ માટે જરુરી સૂચનો કર્યા હતા.આ બેઠકનું સંચાલન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી કે.જે. જાડેજાએ કર્યું હતું.આ બેઠકમાં જિલ્લા પંચાયતના સંબંધિત સદસ્યશ્રીઓ, પ્રાંત અધિકારીશ્રીઓ, તાલુકા મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરશ્રીઓ સહિત જિલ્લા વહીવટી તંત્રના સંલગ્ન અધિકારીશ્રીઓ અને કર્મયોગીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

# જામનગર યાર્ડમાં ડુંગળીનો 100 મણ જથ્થો પલળ્યો

## કોઇ વેપરીએ કલેઇમ ન કરતા યાર્ડ નિકાલ કરશે

મુંબઈ તરંગ જામનગર રમીલા બેન જોષીજામનગરની ભાગોળે હાપા ખાતે સ્થિત માર્કેટીંગ યાર્ડમાં ખુલ્લામાં રાખવામાં આવેલો લગભગ ડુંગળીનો 100 મણથી વધુ જથ્થો તાજેતરના કમૌસમી વરસાદમાં પલટી જવા પામ્યો હોવાનુ બહાર આવ્યુ છે.જોકે, હજુ સુધી કોઇ વેપારીએ ડુંગળીની માલિકીનો દાવો કર્યો ન હોવાથી યાર્ડ દ્વારા જ ઉપરોક્ત બગડેલા ડુંગળીના જથ્થાનો નિકાલ કરાશે એવુ જાણવા મળ્યુ છે.ગત સપ્તાહે જામનગર પંથકમાં કમૌસમી વરસાદ વરસ્યો હતો.

જે દરમિયાન હાપા માર્કેટ યાર્ડમાં ખુલ્લામાં રાખવામાં આવેલ ડુંગળીનો 100 મણથી વધુ જથ્થો વરસાદમાં પલળી જવા પામ્યો હતો.તાજેરમાં હાપા માર્કેટીંગ યાર્ડમાં ડુંગળીની મબલખ આવક થવા પામી હતી.

આ પછી વેપારીઓએ ખરીદેલ ડુંગળીનો અમુક જથ્થો બહાર ખુલ્લામાં રાખ્યો હતો. તાજેતરમાં થયેલા કમોસમી વરસાદના કારણે લગભગ 100 મણથી વધુ ડુંગળીનો જથ્થો પલળી જતા બગડી ગયો હોવાનુ બહાર આવ્યુ છે.જો કે, કોઈ વેપારી હાલ ડુંગળીની માલિકીનો દાવો કરતા નથી. આથી હવે યાર્ડ દ્વારા જ આ બગડેલી ડુંગળીના જથ્થાનો નિકાલ કરવામાં આવશે તેવુ જાણવા મળે છે. હજુસુધી કોઇએ કલેમ ન કરતા યાર્ડ દ્વારા નિકાલ કરવામાં આવશે.

# છેલ્લા બે માસથી ચલાલા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનાના કામે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ



ગૌતમ પરમાર પોલીસ મહાનિરીક્ષક ભાવનગર વિભાગ ભાવનગરનાઓ દ્વારા જીલ્લા ખાતે ગંભીર પ્રકારના ગુનામાં નાસતા ફરતા આરોપીઓ અંગે માહીતી મેળવી તેનો ઉંડાણપુર્વક અભ્યાસ કરી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા અમરેલી જીલ્લા પોલીસ તંત્રને જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ જે અન્વયે પોલીસ અધિક્ષક સંજય ખરાત અમરેલી નાઓ દ્વારા જિલ્લામાં કોઈ ગંભીર પ્રકારનાં ગુન્હાઓ ન બને જેથી ગંભીર પ્રકારના ગુનાઓ આચરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સૂચના કરેલ હોયજે અનુસંધાને એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી.ચૌધરી તથા એસ.ઓ.જી. ટીમ અમરેલી જિલ્લામાં નાસતા ફરતા આરોપી વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય જે અન્વયે એસ.ઓ.જી. ટીમ ચલાલા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન ચલાલા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૩૦૧૩૨૫૦૦૩૦/૨૦૨૫, ધી પ્રોહિબિશન એક્ટ ક.૬૫(એ)(ઈ). ૧૧૬(બી), ૯૮(૨) મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપીને ચોક્કસ અને આધારભુત બાતમી આધારે ધારીથી ખાંભા જવાના રોડ પરથી પકડી પાડેલ છે.પકડાયેલ કેદીની વિગત -અનિરૂધ્ધ ઉર્ફે કાનો ભાભલુભાઈ વાળા, ઉ.વ - ૨૨, ધંધો મજુરી, રહે.કોટડા, તા.ખાંભા, જી.અમરેલીઆમ આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓની સુચના હેઠળ અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ટીમના હેડ કોન્સ. રણધીરભાઈ વાળા તથા પોલીસ કોન્સ. પ્રવિણસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ છે.અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

# તેરા તજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના અરજદારશ્રી સાથે છેતરપિંડી થયેલ ફર્નીચર લગત સામાન જેની કિ.રૂ.૧,૬૩,૦૦૦/-ની અરજદારશ્રીને પરત કરતી અમરેલી તાલુકા પોલીસ ટીમ



ભાવનગર રેન્જ આઈ.જી.પી.ગૌત્તમ પરમાર નાઓએ ભાવનગર રેન્જના જીલ્લાઓમા મિલ્કત અંગેના બનાવોમાં સત્વરે મિલ્કત મુળ માલીકને પરત કરવા તથા ₹તેરા તુજકો અર્પણ₹ કાર્યક્રમ સાર્થક કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓએ અમરેલી જીલ્લામાં મિલ્કત ગુમના બનાવોમા સત્વરે મિલ્કત શોધી મુળ માલીકને પરત કરવા 'તેરા તુજકો અર્પણ₹ કાર્યક્રમ સાર્થક કરી અમલવારી કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને ચીરાગ દેસાઇ નાયબ પોલીસ અધિક્ષક અમરેલી વિભાગ અમરેલી નાઓ દ્વારા જરૂરી માગેદર્શન આપેલ હોય અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ચિતલ ગામે અરજદારશ્રી વિજયભાઈ ભગવાનભાઇ દેસાઇ પોતાની પેઢીમા ફર્નિયર લગત અલગ-અલગ વસ્તુઓ વેચી પેઢી ચલાવે છે જે અનુસંધાને આ કામના અરજદારને સામાવાળાએ વિશ્વાસમાં રાખી કુલ કિ.રૂ.૧,૬૩,૦૦૦/- નુ ફર્નીચર લગત લાકડુ લીધેલ હતુ જેનુ પેમેન્ટ સમયસર આપતા ન હોય જે બાબતે આ કામના અરજદારશ્રીએ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં અરજી કરેલ જે અરજી અન્વયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ઓ.કે.જાડેજા સાહેબ નાઓની રાહબરી હેઠળ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા આ કામના સામાવાળા સાથે સંપર્ક કરી અરજદારનો ગેયલ મુદ્દામાલ મુળ માલીકને પરત કરી ₹તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ સાર્થક કરતી અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ટીમપરત કરવામા આવેલ મિલ્કતની વિગત-(૧) અરજદારશ્રી વિજયભાઈ ભગવાનભાઇ દેસાઈ નુ ફર્નીચર લગત લાકડુ જેની કુલ કિ.રૂ.૧,૬૩,૦૦૦/સદરહુ કામગીરી ઓ.કે.જાડેજા પો.ઈન્સ. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન તથા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ટીમ દ્વારા કરવામાં આવેલ છેઅહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

# સૌર ઊર્જા ક્ષેત્રે અગ્રેસર ગુજરાત, પીએમ સૂર્ય ઘર યોજનામાં સૌથી વધુ 34% યોગદાન

- 11 મે 2025 સુધી ગુજરાતમાં 3.36 લાખ સોલર રૂફટૉપ પૅનલ્સ સ્થાપિત કરવામાં આવી
- ગુજરાતના 3.03 લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર તરફથી મળી 2362 કરોડની સબસિડી
- ગુજરાતમાં સ્થાપિત 3.36 લાખ સોલર રૂફટૉપ પૅનલ્સ દ્વારા 1232 મેગાવૉટ ઊર્જાનું ઉત્પાદન
- આ ઊર્જા ઉત્પાદનથી 1284 મેટ્રિક ટન કોલસાની બચત થઈ અને 1504 મેટ્રિક ટન CO ઉત્સર્જનમાં ઘટાડો થયો



ગાંધીનગર, 15 મે, 2025: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતે ફરી સાબિત કરી બતાવ્યું છે કે, નીતિગત દૃઢતા, વહીવટી કાર્યક્ષમતા અને જનભાગીદારીનો સમન્વય કોઈપણ યોજનાને રાષ્ટ્રીય સફળતામાં પરિવર્તિત કરી શકે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના માટે રાજ્ય સરકારે નાણાંકીય વર્ષ 2024-25 માટે નિર્ધારિત 3.05 લાખ સોલાર રૂફટૉપ પૅનલ્સના ઈન્સ્ટોલેશનનો લક્ષ્યાંક સમય પહેલાં જ પ્રાપ્ત કરી લીધો છે.પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ સોલર પૅનલ ઈન્સ્ટોલેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસરરાજ્ય સરકારની સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, 11 મે 2025 સુધીમાં ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ 3.36 લાખ સોલર રૂફટૉપ પૅનલ્સ સ્થાપિત કરવામાં આવી છે. આ આંકડો દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં સર્વાધિક છે. આ યોજનાના સફળ અમલીકરણને કારણે, આજે ગુજરાત સોલર રૂફટૉપ ઈન્સ્ટોલેશનમાં દેશમાં 34% યોગદાન આપી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ ગુજરાતના 3.03 લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર દ્વારા 2362 કરોડની સબસિડી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ ગુજરાતના 3.03 લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર દ્વારા 2362 કરોડની સબસિડી આપવામાં આવી છે. પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાનું સફળ અમલીકરણ કરનારા ટોચના પાંચ રાજ્યોની વાત કરીએ તો પ્રથમ ક્રમે ગુજરાત બાદ, મહારાષ્ટ્ર 1.89 લાખ સોલર રૂફટૉપ પૅનલ ઈન્સ્ટોલેશન્સ સાથે બીજા ક્રમે છે. ઉત્તર પ્રદેશ 1.22 લાખ ઈન્સ્ટોલેશન સાથે ત્રીજા ક્રમે, કેરળ 95 હજાર ઈન્સ્ટોલેશન સાથે ચોથા ક્રમે અને રાજસ્થાન 43 હજાર ઈન્સ્ટોલેશન સાથે પાંચમા ક્રમે છે.

1284 મેટ્રિક ટન કોલસાની બચત થઈ, 1504 મેટ્રિક ટન CO ઉત્સર્જનમાં ઘટાડો થયોGUVNLના આંકડા અનુસાર, ગુજરાતમાં 'પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના' હેઠળ સ્થાપિત 3.36 લાખ સોલર રૂફટૉપ સિસ્ટમ દ્વારા 1232 મેગાવૉટથી વધુ ઊર્જાનું ઉત્પાદન થયું છે, જે પરંપરાગત વીજ ઉત્પાદનના 1834 મિલિયન યુનિટ જેટલું છે. જો આટલી જ ઊર્જા કોલસા આધારિત પ્લાન્ટમાંથી ઉત્પન્ન કરવામાં આવી હોત, તો લગભગ 1284 મેટ્રિક ટન કોલસાનો વપરાશ થયો હોત. આ બચતને કારણે વાતાવરણમાં 1504 મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં પણ ઘટાડો થયો છે.

પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના શું છે અને તેના લાભ કોને મળી શકે છે?પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાની શરૂઆત ફેબ્રુઆરી 2024માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી. આ યોજના હેઠળ નાગરિકોને 300 યુનિટ સુધી મફત વીજળી આપવાની સાથે 3 kW સુધીની સિસ્ટમ પર 78 હજાર સુધીની સબસિડી આપવામાં આવે છે. છત ધરાવતો કોઈપણ ઘરમાલિક આ યોજના માટે પાત્ર છે. અરજીની પ્રક્રિયા સરળ છે અને https://pmsuryaghar.gov.in પર જઈને ઓનલાઈન કરી શકાય છે.વહીવટી કાર્યક્ષમતા અને જનભાગીદારીના સહયોગથી ગુજરાત બન્યું શ્રેષ્ઠગુજરાતમાં પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાની અભૂતપૂર્વ સફળતામાં વહીવટીતંત્રની દૂરંદેશી કામગીરીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, સાથે અહીંની જાગૃત જનતા અને સ્થાનિક સંસ્થાઓની સક્રિય ભાગીદારીએ પણ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. રાજ્ય સરકારે દરેક ગામ અને શહેરમાં વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવીને નાગરિકોને યોજનાના લાભો વિશે માહિતગાર કર્યા અને અરજી પ્રક્રિયાને સરળ અને સુલભ બનાવી. આ સમન્વિત અને સમર્પિત પ્રયાસો આજે ગુજરાતને નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં દેશ માટે એક આદર્શ મૉડલ તરીકે સ્થાપિત કરી રહ્યા છે.અહેવાલ ભાવેશ વાઘેલા અમરેલી

Printed, Published & owned by Dilip Nanjibhai Patel Printed at Taptilok Publication Plot No. 152/153, Shree Ram Industrial Estate, Pandesara GIDC, Opp Petrol Pumb Surat. Published at Flat No. 301, Building - A Madhav Residency, Near Angan Residency, karadva Road, Dindoli Dist Surat - 314210 Gujarat Editor Dilip Nanjibhai Patel